3B6F3

# ફૂલદાની

## બાળવાર્તા સંગ્રહ

લેખક : શ્રીમતી ઇન્દુમતિબહેન વી. હેરી



# ફૂલદાની

## બાળવાર્તા સંગ્રહ

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

લેખક

**શ્રીમતી ઈન્દુમતિબહેન વી. હેરી**

- ફૂલદાની

- લેખક :

**શ્રીમતી ઈન્દુમતિબહેન વી. હેરી**


- પ્રકાશક

**ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી**
સાહિત્ય સેવા સદન, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : ૬૪૪૫૨૮૧.

- પ્રથમ આવૃત્તિ : ઓક્ટોબર - ૨૦૦૦

- મૂલ્ય : રૂા. ૧૫ - ૦૦

- નકલ : ૧૦૦૦

- મુદ્રક :

**ફોટ્રોનિક્સ**
ભરવાડા હાઉસ,
જૂની હાઇકોર્ટ રેલવે ક્રોસિંગ પાસે, નવરંગપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૦૯. ફોન : ૬૪૨૭૪૪૮.

## અર્પણ

'વાત્સલ્ય' એટલે સતત વહેતો પ્રેમ. ઈસુનો પ્રેમ ગઈકાલે, આજે અને સદાકાળ એવોને એવો જ છે. આ જ પ્રેમના પાયા ઉપર મે-૧૯૯૮માં "વાત્સલ્ય" ટ્રેઈનિંગ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટર ફોર ધી મેન્ટલી હેન્ડીકેપ્ડની શરૂઆત કરવામાં આવી. સમાજથી અસ્વીકાર્ય મંદબુદ્ધિ બાળકોનાં સર્વાંગી વિકાસ માટે "વાત્સલ્ય" કાર્યરત છે.

"વાત્સલ્ય"માં ઈસુના પ્રેમને સતત વહેંચવામાં આવે છે. અને તેથી જ થોડા સમયમાં જ વિકાસ થતો જોઈ શકાય છે, જે બાળકોના માતા-પિતાના મુખ પર સંતોષ અને ચિંતામુક્ત લાગણી દ્વારા અનુભવી શકાય છે.

જેને કોઈ સ્વીકારતું નથી તેને અમે સ્વીકારીએ છીએ. જેની સાથે કોઈ નથી બોલતું તેની સાથે અમે વાતો કરીએ છીએ. જેને કોઈ નથી ચાહતું તેને અમે ખૂબ પ્રેમ કરીએ છીએ. અને તેથી જ મંદબુદ્ધિના બાળકોનું "ઘર" એટલે "વાત્સલ્ય" ટ્રેઈનિંગ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટર, ૧૧૧, લક્ષ્મીનારાયણ સોસાયટી, જૂના ઘરડા ઘર સામે, મણિનગર (પૂર્વ) અમદાવાદ.

પુસ્તક'ફૂલદાની' બાળવાર્તા સંગ્રહના પ્રકાશન માટે શ્રી વોશિંગ્ટન વિ. હેરી તથા શ્રીમતી કુંદનબહેન વિ. હેરી તરફથી માતા-પિતા સ્વ. વિલ્ફ્રેડ વી. હેરી તથા કૃપાબહેન વી. હેરીના સ્મરણાર્થે રૂા. ७000/- મળ્યાં છે તે બદલ આભાર માનીએ છીએ.

તથા શ્રી ઈમાનુએલ સી. હેરી તથા શ્રીમતી ઓલિવ્યાબહેન ઈમાનુએલ હેરી તરફથી સ્વ. પિતાશ્રી હેમિલ્ટન મેકવાનના સ્મરણાર્થે રૂા. ૩000/- મળ્યાં છે જે બદલ સમગ્ર કુટુંબનો આભાર માનીએ છીએ.

# લેખિકાનું નિવેદન

તા. ૫-૬-૧૯૯૭ના રોજ ઉપલીમેડીમાં મારું એક મનન પ્રગટ થયું હતું. ત્યારબાદ શુભેચ્છક મિત્રો તથા સગાં સ્નેહીઓએ જણાવ્યું કે, બીજાં સામયિકોમાં પણ લખો. તે સમયે મને લાગ્યું કે, 'બાલવાડી' સામયિકમાં બાળકો માટે કંઈક લખું. અને મેં બાલવાડીમાં વાર્તાઓ લખવાનું શરૂ કર્યું. તે સમયે મને કલ્પના પણ ન હતી કે હું આટલી વાર્તાઓ લખી શકીશ. પરંતુ ઈશ્વરપિતા તરફથી યોગ્ય વિચારો મળી શક્યાં અને તેને વાર્તાસ્વરૂપે રજૂ થઈ શક્યું તે બદલ પરમકૃપાળુ ઈશ્વરપિતાનો આભાર માનું છું.

આ પુસ્તકનું પ્રકાશન કરવા માટે ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના પ્રમુખ રેવ. નિકોલસ પરમાર, ઉપપ્રમુખ રેવ. પૉલ વી. ગોહિલ, સેક્રેટરી રેવ. પ્રકાશ સીંગાડા, ટ્રેઝરર શ્રી કેલ્વીન માસ્ટર તથા બિઝનેશ આસિસ્ટન્ટ રેવ. હેમંત પરમાર તથા સમગ્ર ટ્રાક્ટ સોસાયટી પરિવારનો આભાર માનું છું.

આ પુસ્તકના પ્રકાશન માટે દાન આપનાર મારા પરિવારના સભ્યો શ્રી વૉશિંગ્ટનભાઈ હેરી તથા શ્રીમતી ઓલિવ્યાબહેન ઈમાનુએલ હેરીનો આભાર માનું છું.

આ કાર્યમાં હમેશાં મને મદદ કરનાર તથા વાર્તાઓ લખવા માટે ઉત્તેજન આપનાર શ્રી પ્રદિપ ડાયર્સાનો હું ખાસ આભાર માનું છું.

આ વાર્તાઓમાંથી કેટલીક વાર્તાઓ સંકલિત છે, બાળકોને જરૂર આ પુસ્તક ગમશે અને ઉપયોગી નીવડશે.

આ પુસ્તક દ્વારા ઈશ્વરપિતાને જ માન અને મહિમા મળે એ જ આશા સાથે,

વસ્ત્રાપુર, અમદાવાદ
૨, ઓક્ટોબર ૨૦૦૦ ઈન્દુમતિબહેન વી. હેરી.

# પ્રસ્તાવના

આપણા બાળકોના ચારિત્ર્યના ઘડતર માટે સાહિત્ય કે પુસ્તકો ખૂબ જ અગત્યનાં સાધન છે. બાળકોને શરૂઆતથી જ ઈશ્વરપરાયણતા પ્રત્યે દોરવાં જોઈએ. અને પુસ્તકો દ્વારા તેમને તે અંગેનું શિક્ષણ આપી શકાય.

અંગ્રેજીમાં ઘણું બધું સાહિત્ય બાળકો માટે હોય છે, પરંતુ ગુજરાતીમાં ખૂબ જ અલ્પ પ્રમાણમાં પુસ્તકો છે. આવા સંજોગોમાં ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી દ્વારા બાળકો માટે પુસ્તકો બહાર પાડવાનો અગત્યનો નિર્ણય લેવામાં આવ્યો છે. અને એ દિશામાં બાળકોને ઉપયોગી એવું આ પુસ્તક 'ફૂલદાની' (બાળવાર્તા સંગ્રહ) પ્રગટ કરી રહ્યાં છીએ.

જેમ ફૂલદાનીમાં વિવિધ પ્રકારના ફૂલો ગોઠવેલાં હોય છે તેમ આ વાર્તા સંગ્રહમાં વિવિધ પ્રકારની કુલ ૩૨ વાર્તાઓ પ્રસિદ્ધ કરવામાં આવી છે.

લેખિકા શ્રીમતી ઈન્દુમતિબહેન વિ. હેરીએ દરેક વાર્તાને અંતે બાઇબલની કલમો ટાંકીને યોગ્ય શિક્ષણ આપ્યું છે જે વહાલાં બાળકોને ખૂબ જ ઉપયોગી નીવડશે.

દરેક ખ્રિસ્તી કુટુંબ પોતાના વહાલાં બાળકોને માટે આ પુસ્તક જરૂર ખરીદશે એવી અપેક્ષા અસ્થાને નથી.

આ પુસ્તકનું પ્રકાશન કરવા માટે શ્રી વોશિંગ્ટન વી. હેરી તરફથી રૂા. ૭૦૦૦/- તથા શ્રીમતી ઓલિવિયાબહેન ઈમાનુએલ હેરી તરફથી રૂા. ૩૦૦૦/-નું દાન મળ્યું છે તે બદલ બંને કુટુંબોનો પણ આભાર માનીએ છીએ. અને આ

પુસ્તક 'વાત્સલ્ય' જે મંદબુદ્ધિના બાળકોને સંભાળે છે, સ્વીકારે છે. જ્યાં ઈસુનો પ્રેમ સતત વહેંચવામાં આવે છે તે બાળકોને અર્પણ કરીએ છીએ.

રેવ. પ્રકાશ સીંગાડા
સેક્રેટરી
ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી

ઓક્ટોબર ૨૦૦૦

## અનુક્રમણિકા


| | |
|---|---|
| ૧. ફૂલોની તકરાર | ૧ |
| ૨. મીણબત્તીના પ્રકાશમાં... | ૫ |
| ૩. પિતા પુત્રના પ્રેમની કથા | ૯ |
| ૪. જય - વિજય | ૧૩ |
| ૫. અણમોલ મોતી | ૧૭ |
| ૬. ભાવ તેવા પ્રતિભાવ | ૨૧ |
| ૭. પોપિનો | ૨૪ |
| ૮. વિજય સરઘસ | ૨૮ |
| ૯. પરોણાગત્ | ૩૧ |
| ૧૦. પિટરનું સ્વપ્ન | ૩૪ |
| ૧૧. રાજા અને ફકીર | ૩૮ |
| ૧૨. ઇનામ | ૪૧ |
| ૧૩. ઘઉંનું ગાડું | ૪૫ |
| ૧૪. કૂબડો | ૪૮ |
| ૧૫. સુલેહ | ૫૨ |
| ૧૬ ગવૈયો | ૫૬ |
| ૧૭. ઈર્ષા | ૫૯ |
| ૧૮. કબૂલાત | ૬૩ |
| ૧૯. નાતાલની ભેટ | ૬૬ |
| ૨૦. પ્રામાણિક્તા | ૭૦ |
| ૨૧. વિશ્વાસ | ૭૪ |

૨૨. પ્રતિમા ૭૭
૨૩. ઝભ્ભો ૮૦
૨૪. ખોલકું ૮૪
૨૫. ચિંતા ૮૭
૨૬. પ્રભુમંદિર ૯૦
૨૭. નવી દૃષ્ટિ ૯૩
૨૮. પિતાનો પ્રેમ ૯૬
૨૯. સંકટ સમયની સાંકળ ૯૯
૩૦. ઓળખાણ ૧૦૩
૩૧. ઘોડાની વફાદારી ૧૦૬
૩૨. પારધી ૧૦૯

# ૧ ફૂલોની તકરાર

એક મોટો સુંદર બગીચો હતો. તેમાં સાત પ્રકારનાં ફૂલછોડ હતાં. દરેક ફૂલછોડ પર જુદા જુદા સાત રંગના ફૂલો થતાં હતાં. જાંબલી, આસમાની, વાદળી, લીલો, પીળો, નારંગી અને લાલ. આવા સુંદર રંગીન ફૂલોથી બગીચો શોભી ઊઠતો અને ફૂલોની સુગંધથી વાતાવરણ મહેંકી ઊઠતું. સુંદર રંગીન પતંગિયા પણ ફૂલો પર ઉડાઉડ કરતાં.

એક દિવસ આ ફૂલોમાં કોણ મોટું? એ બાબત માટે તકરાર થઈ. તકરાર એટલી બધી વધી ગઈ કે કેટલાંક છોડ ઉખડી ગયાં, પાન તૂટી પડ્યાં. અને ફૂલો છુંદાઈ ગયા. બગીચામાં મારામારી અને રડારોળ થઈ ગઈ. એટલામાં એક પરી ત્યાં આવી અને તેણે એક બે છોડને પકડીને કહ્યું, ‘‘અરે! અરે! આ શું કરો છો? શા માટે ઝઘડો છો? જુઓ કેટલાં બધાં સુંદર નાજુક ફૂલો ચગદાઈ જાય છે? તમારી લડાઈનું કારણ શું છે?’’ દરેક રંગના ફૂલે પોતે કેમ મોટું છે તેની વાત પરીરાણીને કરવા માંડી.

જાંબલી રંગના ફૂલે કહ્યું, ‘‘ચોમાસામાં બાળકોને જાંબુ ખાઈને મોં જાંબલી કરવાની કેવી મજા આવે છે? એ જાંબુને મારો રંગ મળ્યો છે. માટે હું મોટું.’’

આસમાની રંગના ફૂલોએ કહ્યું, ‘‘આટલા મોટા આસમાન જેવો મારો રંગ છે માટે હું જ મોટું.’’ વાદળી રંગના ફૂલોએ કહ્યું, ‘‘આ વાદળો જેવો મારો રંગ છે. માટે હું મોટું’’, લીલા રંગના ફૂલોએ કહ્યું, ‘‘આખી દુનિયાની વનસ્પતિનો રંગ લીલો છે. માટે હું મોટું’’, પીળા રંગના ફૂલો બોલ્યાં, ‘‘ફૂલોનો રાજા

સૂરજમુખી જેવો મારો રંગ છે માટે હું જ મોટું. રાજા હોય તેજ મોટો ગણાય." નારંગી રંગના ફૂલોએ કહ્યું "નારંગી જેવો મારો રંગ છે. અને નારંગી મનુષ્યને ખૂબ ઉપયોગી છે માટે હું જ મોટું", ત્યારે છેલ્લે લાલ રંગના ફૂલે કહ્યું, "માણસ તથા પશુના રક્તમાં મારો લાલ રંગ છે માટે હું જ સૌથી મોટું." આ રીતે દરેક ફૂલોએ પરીરાણી આગળ પોતાની વાત રજૂ કરી.

ફૂલોની વાતો સાંભળી પરીને હસવું આવ્યું તેણે ફૂલોને કહ્યું, "તમારામાંથી સૌથી મોટું કોણ? એ જાણવું હોય તો તમે મારી પાંખ ઉપર બેસી જાવ. આપણે આકાશમાં જઈ સૂરજદાદાને પૂછીશું એટલે તે સૌથી મોટું કોણ? તે કહેશે."

દરેક રંગના સુંદર નાજૂક ફૂલો પરીની પાંખ પર બેસી ગયાં અને પરી સડસડાટ આકાશમાં ઊડી.

ચોમાસાના દિવસો હતા, અને આકાશ કાળાં કાળાં વાદળોથી છવાયેલું હતું. ફૂલોને ખૂબ ઠંડી લાગતી હતી. પરંતુ વાદળમાં ફરવાની ખૂબ મજા પડતી હતી. એટલામાં વરસાદ પડવાનો શરૂ થયો. અને એક મોટા વાદળ પાછળથી સૂરજદાદા બહાર આવ્યાં. અને થોડો તાપ દેખાવા લાગ્યો. ઠંડી લાગતી હોવાથી ફૂલોને તાપ સારો લાગ્યો.

અરે! પણ આ શું? સૂરજના એક કિરણે વાદળમાં પેસી જાંબલી રંગના ફૂલનો રંગ લઈ સામેની દિશામાં એક જાંબલી પટ્ટો દોરી દીધો. પછી આસમાની, વાદળી, એમ એક પછી એક સાતે રંગોના ફૂલોના રંગો લઈ સાત રંગનો એક સુંદર પટ્ટો આકાશમાં દોરી દીધો. અને ફૂલો બધાં સફેદ થઈ ગયાં. પરી હસવા લાગી. અને ફૂલો રડવા લાગ્યાં! પરીએ કહ્યું, "રડો નહિ, નીચે જુઓ શું દેખાય છે?" ફૂલોએ નીચે જોયું તો એક મોટા મેદાનમાં બાળકો

આકાશ તરફ જોઈ આનંદથી બોલતાં હતાં "મેઘધનુષ! મેઘધનુષ!" પરીએ બાળકોને પૂછ્યું બાળકો, "આ બધાં ફૂલોમાં સૌથી મોટું કોણ? બાળકોએ જવાબ આપ્યો "ફૂલો તો બધાં સરખાં છે, સૌથી મોટું તો મેઘધનુષ!" ફૂલોએ જોયું તો પોતાનાં જ રંગોથી બનાવેલું મેઘધનુષ આકાશમાં શોભી રહ્યું હતું. અને સૂરજદાદા હસતાં હતાં.

હવે ફૂલોને પોતાની ભૂલ સમજાઈ તેમણે સૂરજને કહ્યું, "સૂરજદાદા અમને અમારાં રંગો પાછાં આપો. હવે અમે કદી નહિ ઝઘડીએ." સૂરજદાદા હસતાં હસતાં વાદળ પાછળ જતાં રહ્યાં અને મેઘધનુષના રંગો વિખેરાઈને ફૂલોમાં પાછાં આવી ગયાં. ફૂલો તો રાજી થઈ ગયાં. પરીરાણીએ કહ્યું, "ચાલો હવે પાછાં જઈશું?" બધાં ફૂલો પરીની પાંખ પર બેસી પોતાના બગીચામાં આવી ગયા. અને છોડ પર લાગી ગયાં. જંગલ ફરી પાછું ફૂલોથી શોભી ઊઠ્યું અને આખા બગીચામાં ફૂલોની સુવાસ પ્રસરી ગઈ.

પરીએ કહ્યું, "જુઓ તમે બધાં સંપીને સાથે રહેશો તો મેઘધનુષની માફક મોટા દેખાશો. અને સુંદર દેખાશો. આ જગત તમને જોઈને આનંદ અનુભવશે. અને સારા માઠા પ્રસંગે તમારો ઉપયોગ કરશે. અને ત્યારે તમે બધાં ખૂબ મોટાં મહાન બનશો. તથા મેઘધનુષ્યની માફક શોભી ઊઠશો."

ફૂલો બોલ્યાં, "પરીરાણી તમારો ખૂબખૂબ આભાર. હવે અમે નહિ ઝઘડીએ. પરંતુ આવતે વર્ષે તમે અમને ફરીથી આકાશમાં ઊડી આકાશની સફર કરવા લઈ જજો. ખૂબ મજા પડી. અમે મેઘધનુષ્ય બનવા તૈયાર છીએ." પરી હસીને આકાશમાં ઊડી અને ફૂલો પરીને પરીરાણી આવજો... આવજો... કહી રહ્યાં હતાં.

વહાલાં બાળકો, તમે આ જગતની બાલવાડીના સુંદર ફૂલો છો. તમારું વર્તન એવું રાખો કે બીજા તમને જોઈને

આનંદ પામે અને મેઘધનુષ્ય કેવી રીતે બને છે? તે સમજાયું ને? સૂર્યનું એક શ્વેત કિરણ જ્યારે પાણી ભરેલા વાદળાંમાંથી પસાર થાય છે ત્યારે તેમાંથી અદ્‌ભુત સાત રંગો પ્રકાશે છે. અને સામેની દિશામાં મેઘધનુષ રચાય છે.

આ તો એક કાલ્પનિક વાર્તા છે. મેઘધનુષ વિષે આપણા પવિત્ર શાસ્ત્રમાં શું લખયું છે? તે ઉત્પત્તિ ૯:૧૨ થી ૧૭ કલમ તથા હઝ. ૧: ૨૮ અને પ્રક. ૪ અને ૩ જી કલમ વાંચજો. અને ખરી મોટાઈ વિષે નવા કરારમાં શું લખ્યું છે? તે પણ વાંચજો.

❖

## ૨ મીણબત્તીનાં પ્રકાશમાં...

કોઈ એક ગામમાં ભાનુ નામે એક ગરીબ માણસ રહેતો હતો. છૂટક મજૂરી કરી તે પોતાનાં પરિવારનું ગુજરાન ચલાવતો હતો. એક દિવસ કોઈ કારણસર તેને કંઈ જ મજૂરી મળી નહિ. ઘેર જઈશ અને નાંના બાળકો ખાવાનું માગશે તો હું શું આપીશ? એ વિચારે તે ખૂબ દુ:ખી થઈ ગયો. ત્યાર પછી લાચારીથી તે નાની મોટી ચોરી કરવા લાગ્યો. આ રીત તેને સારી લાગી કેમ કે ચોરી કરવામાં શ્રમ કરવો પડતો નહિ. પરંતુ એક વખત તે ચોરી કરતાં પકડાઈ ગયો અને જેલમાં ગયો. પરતું ત્યાંથી ભાગી છૂટ્યો, ફરી પકડાયો, ફરી ભાગ્યો એમ ગુના ઉપર ગુના ચઢતાં ગયાં અને છેવટે તેને વીસ વર્ષની જેલ થઈ. અને તેને દૂરના પ્રાંતની જેલમાં ધકેલી દેવામાં આવ્યો. છેવટે વીસ વર્ષ પૂરાં થતાં તે છૂટ્યો અને જેલની બહાર આવ્યો, તો તેને દુનિયા બધી બદલાઈ ગયેલી લાગી. જેલમાં તે જે મહેનતનું કામ કરતો હતો. તેના તેને પૈસા મળતાં હતાં તે પૈસા તેની પાસે હતાં. પહેલાં તો તેને સારું ખાવાની ઇચ્છા થઈ. તેથી તે પાસેની હોટલમાં ખાવા ગયો. તેનો ભિખારી જેવો દેખાવ જોઈ હોટલવાળાએ ના પાડી. પરંતુ ભાનુએ પૈસા બતાવી કહ્યું "મારી પાસે પૈસા છે. અને હું ખાવાનાં પૈસા આપીશ." તેથી હોટલવાળાએ તેને બેસાડ્યો. પરંતુ એટલામાં જેલનો એક કર્મચારી હોટલમાં આવી ચઢ્યો. તે ભાનુને ઓળખી ગયો. અને તેણે હોટલવાળાના કાનમાં કંઈક કહ્યું કે તરત જ તેને બહાર કાઢી મૂકવામાં આવ્યો. અને ધીમે ધીમે ભાનુ ગુનેગાર છે એ

વાત બધે ફેલાઈ ગઈ. એટલે કોઈ જગ્યાએ તેને આશરો અને ખોરાક મળતાં નહિ.

એવામાં ખૂબ જ ઠંડી પડી. રાત પડવા આવી હતી. અને સર્વત્ર હિમ પડ્યું હતું. ભાનુ એક બત્તીના થાંભલા નીચે પોતાનાં ફાટેલાં તૂટેલાં કપડાંમાં પોતાનું શરીર લપેટી બેઠો હતો. એવામાં એક વૃદ્ધ સ્ત્રી આવી અને તેણે ભાનુ સાથે વાત કરતાં જણાવ્યું કે "જો સામે એક મકાન છે અને ત્યાં એક ધર્મગુરુ રહે છે. તું ત્યાં જતો રહે. ત્યાં તને જરૂર આશરો મળશે." ભાનુ ધીમે ધીમે ધર્મગુરુને ત્યાં ગયો અને બારણું ઠોક્યું. તરત જ ધર્મગુરુનો અવાજ આવ્યો કે, "ભાઈ અંદર આવો." ભાનુ અંદર ગયો. ઘરનાં સભ્યો અને નોકરો ભાનુના ચિંથરેહાલ દેખાવ તરફ જોઈ રહ્યાં. પરંતુ ધર્મગુરુએ તેને પોતાની પાસે બોલાવી બેસાડ્યો. અને કહ્યું, "જુઓ, મેં તમને ભાઈ કહ્યાં છે. માટે તમે શાંતિથી બેસો." પછી ધર્મગુરુએ તેની સાથે બહુ પ્રેમથી વાત કરી, તેના કપડાં બદલાવ્યાં, અને પોતાની સાથે જમવા બેસાડ્યો. રાત્રીનો સમય હતો. તેથી ધર્મગુરુએ સુંદર કોતરણીવાળી ચાંદીની સાત નાની વાટકીઓમાં સાત મીણબત્તી મૂકીને સળગાવી. અને બધે પ્રકાશ પથરાયો. જમતાં પહેલાં ધર્મગુરુએ ભોજન સમયની પ્રાર્થના કરાવી. ભાનુએ જોયું તો જમવાની પ્લેટો અને પાણી પીવાની પ્યાલીઓ પણ ચાંદીની હતી. તેને વિચાર આવ્યો. અહીં હજુ કોઈએ મને ઓળખ્યો નથી. પરંતુ જ્યારે તેઓ મને ગુનેગાર તરીકે ઓળખશે ત્યારે મને અહીંથી જરૂર કાઢી મૂકશે. પછી હું શું કરીશ? જો આ ચાંદીની પ્લેટો, વાટકી અને પ્યાલીઓ મળી જાય તો તેને વેચીને હું આરામથી જીવી શકું. રાત્રે બધાં સૂઈ જાય પછી વાત. એમ વિચારી તે જમવા લાગ્યો.

રાત્રે એક જૂદી ઓરડીમાં તેને સૂવાની વ્યવસ્થા કરવામાં આવી. બધાં સૂઈ ગયા છે તેની ખાત્રી કર્યા પછી ભાનુ ઉઠ્યો. અને હાથમાં આવ્યાં તેટલાં ચાંદીનાં વાસણો પોતાનાં થેલામાં ભરી અને થેલો ખભા પર નાખ્યો કે તરત જ તેની ઉપર મીણબત્તીનો પ્રકાશ પડ્યો. ભાનુએ જોયું તો ધર્મગુરુ હાથમાં મીણબત્તી લઈ ઊભા હતાં. ધર્મગુરુએ બાકીના ચાંદીનાં વાસણો આપતાં કહ્યું, "લે, આ પણ લઈ જા. હું તમને ઓળખું છું. કારણ કે આ પ્રભુનું ઘર છે. અને અહીં દરેક ગુનેગારને સુધરવાની તક આપવામાં આવે છે. પેલાં વૃદ્ધ બહેનને મેં જ તારી પાસે મોકલ્યાં હતાં. તારા ગુનેગાર જીવનને લીધે કોઈ તને આશરો આપતું નથી. પરંતુ મેં તને એટલા માટે આશરો આપ્યો કે તું તારા ગુનાથી પાછો ફરે અને સુધરી જાય. ચોરી ન કરે, અને મહેનત કરી તારું જીવન ગાળે. જો હવે સવાર થવા આવ્યું છે. બધાં જાગે તે પહેલાં તું ચાલ્યો જા. અને જો આ વાસણો સાથે તું પકડાય તો કહેજે કે ધર્મગુરુ પિન્ટોએ મને આપ્યાં છે." ત્યારે ભાનુને વિચાર આવ્યો કે, મારા જેવો ગુનેગાર તો આ કિંમતી વાસણો વેચી પણ ના શકે! તે તરત જ ધર્મગુરુના પગમાં પડી ગયો, તેને ખૂબ પસ્તાવો થયો. તે ખૂબ રડ્યો. તેના પસ્તાવાનાં આંસુઓમાં તેના સઘળા ગુના ધોવાઈ ગયાં. તેણે માફી માગી અને બધાં વાસણો પાછાં આપ્યાં અને બોલ્યો, "હું ગુનેગાર છું. મને સજા કરો." પરંતુ ધર્મગુરુએ તેને પ્રેમથી ઉઠાડ્યો અને તેના માથા પર હાથ મૂકતાં કહ્યું, "ભાનુ, આજે તારો નવો જન્મ થયો છે, તું તારું જૂનું જીવન ભૂલી જા. અને નવું પ્રામાણિક અને વિશ્વાસુ જીવન જીવ." એમ કહી ધર્મગુરુએ તેને થોડાં પૈસા આપ્યાં અને સાથે એક મીણબત્તી અને ચાંદીની વાટકી આપતાં

કહ્યું, "આને ખૂબ સંભળાજે. જ્યારે તને કોઈ ખોટો ગુનો કરવાનો વિચાર આવે ત્યારે આ મીણબત્તી સળગાવજે. અને તેનો પ્રકાશ તને તારા આજના નવા જન્મની યાદ અપાવશે. હવે તું જા અને મહેનત કરીને સુખી થા." ભાનુએ ધર્મગુરુને કહ્યું, "તમે મારા તારણહાર છો, તમે જ મારા પ્રભુ છો," એમ કહી આંસુ લૂછતો તે ચાલવા લાગ્યો. ધર્મગુરુએ કહ્યું, "તારણહાર અને પ્રભુ તો તારા હૃદયમાં છે. હું તો તેનો સેવક છું."

બાળકો, અજવાળા વિષે પ્રભુ આપણને કહે છે તમે જગતનું અજવાળું છો. જેમ મીણબત્તીના પ્રકાશમાં ભાનુને જીવનનો માર્ગ દેખાડ્યો, તેમ આપણે જીવનના અજવાળામાં અંધકારમાં બેઠેલા લોકોને માર્ગ બતાવવાનો છે. આપણને આ પ્રકાશ આપણાં પવિત્રશાસ્ત્રમાંથી મળે છે. વાંચો, ગીતશાસ્ત્ર ૧૧૯:૧૦૫ અને ૧૩૦ કલમ યાદ રાખો. ચાર સુવાર્તા પછી પાંચમી સુવાર્તા તમે છો. તમે તમારું અજવાળું લોકોની આગળ એવું પ્રકાશવા દો કે તમારી રૂડી કરણીઓ જોઈ તેઓ તમારા આકાશમાંના બાપની સ્તુતિ કરે. પ્રકાશ, દીવો, કે દીપવૃક્ષ વિષે પવિત્રશાસ્ત્રમાંથી વાંચજો.

## 3 પિતા પુત્રના પ્રેમની કથા

જાપાન દેશની આ વાત છે. તે સમયે જાપાનામાં મિકાડો નામે એક રાજા હતો. તેના રાજ્યમાં એવો કાયદો હતો કે, માણસની ઉંમર ૬૫ વર્ષની થાય એટલે તેને નજીકના ઊંચા ડુંગર પર લઈ જઈ નીચે ગબડાવી દેવામાં આવે, કેમ કે વૃદ્ધ માણસ હવે કોઈના કામનો ન હોવાથી તે કુટુંબને તથા રાજ્યને ભારરૂપ ગણાય. વળી તેના મૃત્યુ પ્રસંગે અંતિમક્રિયામાં સમય બગડે અને ખર્ચ પણ થાય.

તે શહેરમાં એક પિતા, પુત્ર, પુત્રવધૂ અને નાનો બાળક આ ચાર જણા રહેતાં હતાં. પિતા પુત્ર વચ્ચે અપાર હેત હતું. સમય જતાં આ પિતાની ઉંમર ૬૫ વર્ષ થઈ ગઈ. રાજ્યના કાયદા મુજબ બીજા દિવસે પિતાને ડુંગર પર લઈ જઈ ગબડાવી દેવાના હતા. આથી ચારે જણ ખૂબ જ દુઃખી હતાં. તેઓએ આખી રાત એકબીજાની સામે જોઈ રડ્યાં કર્યું, કેમ કે આવતીકાલે પિતાને ઘરમાં રહેવાનો છેલ્લો દિવસ હતો. ભૂલ કે વિલંબ કરનારને ફાંસીની સજા કરવામાં આવતી હતી.

સવાર પડ્યું અને બે પોલીસ આવીને સૂચના આપી ગઈ કે આજે છેલ્લો દિવસ છે. માટે વેળાસર વિદાય થઈ જજો. આ આઘાતથી સૌ ભાંગી પડ્યાં. પરંતુ પુત્ર ખૂબ જ પિતૃભક્ત હતો. તે કહેતો કે જો મારા બાપા બચી જાય તો હું કોઈપણ સજા ખમવા તૈયાર છું. પિતા કહેતા કે, "બેટા, વિલંબ ન કર તું મને ડુંગર પર લઈ જા." પુત્રવધૂ આંસુ સારે, અને લાડકો પૌત્ર પણ દાદા દાદા કરે અને રડે પણ કાયદો એટલે શું થાય?

છેવટે સાંજે પુત્રએ પિતાને ટેકો આપી, અને ડુંગર ચઢવા માંડ્યું. સગાંવહાલાંએ ફૂલહાર કર્યા અને ચોકીદારે આવી અને ડુંગર પર ગયાની નોંધ લીધી. પુત્ર પિતાને લઈને રડતો, રડતો ડુંગર ચઢવા લાગ્યો. છેક ઉપર પહોંચ્યાં ત્યારે સૂર્ય આથમી ગયો હતો. અને અંધારું થઈ ગયું હતું. પિતાપુત્ર એક બીજાને બાથ ભરીને ખૂબ રડ્યાં, પરંતુ પુત્રએ મનમાં વિચાર્યું કે જે પિતાએ મને પાળીપોષીને મોટો કર્યો, પોતે દુઃખી થઈ અને મને સુખી કર્યો, તે પિતા સાથે મારાથી નિર્દય કેવી રીતે થવાય? તેણે પિતાને કહ્યું, "ચાલો બાપુ, ઘેર પાછા ચાલો, જે થવાનું હશે તે થશે, પણ હું તમને મરવા તો નહિ જ દઉં. પિતા કહે વહાલા દીકરા તું મને છોડીને જતો રહે, મારું જે થવાનું હશે તે થશે." પરંતુ પુત્ર માન્યો જ નહિ. અને તે અર્ધી રાત્રે પિતાને છાના માર્ગેથી ઘેર લાવ્યો, પિતાને જોઈ પુત્રવધૂને ખૂબ આનંદ થયો. નાનો પૌત્ર પણ દાદાજી દાદાજી કરતો દાદાને વળગી પડ્યો. હવે પિતાનું શું કરવું? પુત્ર વિચારમાં પડ્યો.

તેણે પત્નીની મદદથી પોતાના ઘરમાં એક ભોંયરું ખોદી કાઢ્યું અને પોતાના પિતાને બે વર્ષ સુધી ઘરમાં સંતાડી રાખ્યાં.

તેવામાં એક બનાવ બન્યો કે, નજીકના એક બળવાન રાજાએ ત્રણ પ્રશ્નો લઈ પોતાના સેનાપતિને મોકલ્યો અને રાજા મિકાડોને સંદેશો મોકલ્યો કે આ ત્રણ પ્રશ્નોના જવાબ આપો નહિ તો લડાઈ કરવા તૈયાર થાવ. હવે લડવાથી તો પોતે હારી જ જાય એ નક્કી હતું. માટે તેણે પોતાના દેશના વિદ્વાન માણસોને પ્રશ્નો જણાવ્યાં. પરંતુ કોઈ આ પ્રશ્નોના જવાબ આપી શક્યું નહિ.

છેવટે રાજાએ આખા દેશમાં દાંડી પિટાવી કે, જે કોઈ આ ત્રણ પ્રશ્નોના જવાબ આપશે તેને મોં માગ્યું ઇનામ આપવામાં આવશે. પુત્રએ આ સાંભળી પોતાના પિતાને ત્રણ પ્રશ્નો જણાવ્યાં.

૧. રાખની દોરી બનાવી આપવી.
૨. એક વૃક્ષમાંથી લાકડાની ત્રણેક ફૂટની ડાળી કાપી તેમાંથી એક સોટી બનાવી હતી તે સોટીમાંનો કયો ભાગ મૂળ અને કયો ભાગ ઉપરનો?
૩. બે પાણીદાર ઘોડી હતી રંગે રૂપે, ઊંચાઈમાં, દેખાવમાં એટલું સામ્ય હતું કે ખુદ અશ્વપાલ પણ ઓળખવામાં ભૂલ કરે. આમાં મા કઈ અને દીકરી કઈ?

વૃદ્ધ પિતાએ ત્રણે પ્રશ્નો સાંભળ્યાં. અને પુત્રને કહ્યું, "આવતી કાલે મારા જણાવ્યા મુજબ તું આ ત્રણે પ્રશ્નોના જવાબ દરબારમાં આપી આવજે."

બીજે દિવસે પુત્ર દરબારમાં હાજર થયો પિતાનાં જણાવ્યા મુજબ ત્રણે પ્રશ્નોના જવાબ દરબારમાં જણાવ્યા.

૧. થાળીમાં દોરી મૂકી તેને બાળી નાખવાથી દોરી રાખની જ રહેશે.
૨. લાકડાની સોટીને મોટા પાણીના વાસણમાં ડૂબાડો જે ભાગ ડૂબે તે મૂળ અને ઉપર રહે તે ઉપરનો ભાગ.
૩. બંને ઘોડીને ખૂબ દોડાવો, જ્યારે બંને ઘોડી પરસેવે રેબઝેબ થઈ જાય ત્યારે સાથે ઊભી રાખો એટલે એક ઘોડી બીજી ઘોડીને ચાટશે, જે ચાટે તે મા અને બીજી દીકરી કારણ કે માને દીકરીની વધુ લાગણી હોય છે.

જવાબ સાચા હોઈ સેનાપતિ ખુશ થતો ચાલ્યો ગયો. પરંતુ રાજ્યમાં ચર્ચા થઈ કે આ જવાબો આ છોકરાના ન હોય. એટલે

રાજાએ છોકરાને બોલાવ્યો. છોકરાએ રાજા આગળ સાચી વાત જણાવી દીધી. "પિતાના પ્રેમને કારણે મેં આ પ્રમાણે કર્યું છે જે સજા હોય તે મને કરવામાં આવે. મારા પિતાને કંઈ સજા ના કરશો. એવી વિનંતી કરી." એટલામાં તેના પિતા ઉતાવળથી આવ્યાં અને રાજાને વિનંતી કરી, મારા દીકરાને કંઈ ના કરશો મને મૃત્યુદંડ આપો.

રાજાએ કહ્યું "તમે ગુનો તો કર્યો છે. રાજ્યના કાયદાનો ભંગ કર્યો છે. પરંતુ રાજ્યની આબરૂ વધારી લડાઈ અટકાવી છે. માટે તમને સજા માફ કરવામાં આવે છે. અને સામે એક રાજમહેલ ખાલી પડ્યો છે તેમાં તમારે બધાંએ રહેવાનું. પિતાએ રાજ્યમાં સલાહકાર અને પુત્રની સેનાદળના અધિક્ષક તરીકે નિમણૂક કરવામાં આવે છે, હવે રાજ્યની શરત મુજબનું તમારું ઇનામ માગી લો."

પુત્રએ કહ્યું, "વૃદ્ધો તો જ્ઞાનનો ખજાનો છે તેમની પાસે લાંબી જીંદગીનો અનુભવ છે. જે અનુભવ આપણને મુશ્કેલીમાં માર્ગ બતાવે છે. માટે સમગ્ર જાપાનમાંથી વૃદ્ધોને ડુંગર પર લઈ જઈ ગબડાવી દેવાનો કાયદો રદ કરવામાં આવે, અને ૬૫ વર્ષની ઉપરની તમામ વ્યક્તિને માન આપવામાં આવે અને તેમની સગવડ સાચવવામાં આવે." ત્યારથી જાપાનમાંથી આ કાયદો રદ થયો.

બાળકો, સિનાઈ પર્વત ઉપર યહોવા દેવે મૂસાને જે દસ આજ્ઞા આપી તે તમે શીખી ગયાં હશો, તેમાંની પાંચમી આજ્ઞા આ છે કે 'તારાં બાપનું તથા તારી માનું તું સન્માન રાખ કે તારો દેવ યહોવા જે દેશ તને આપે તેમાં તારું આયુષ્ય દીર્ઘ થાય.' આ દશ આજ્ઞામાં ફક્ત આજ આજ્ઞા એવી છે કે જેમાં યહોવાએ આજ્ઞાની સાથે આશીર્વાદ આપ્યો છે કે "તારું આયુષ્ય દીર્ઘ થાય."

આપણે આપણા પિતા, માતા, વડીલો તથા વૃદ્ધોને માન આપીને ઈશ્વરનો આશીર્વાદ પ્રાપ્ત કરીએ.

## ૪ જય - વિજય

એક ગામમાં બે મિત્રો રહેતાં હતાં. એકનું નામ જય અને બીજાનું નામ વિજય. બંનેના નામમાં જેટલું સામ્ય હતું તેટલી જ તેમની પરિસ્થિતિ અલગ હતી. જય એક મોટા વેપારીનો દીકરો હતો. સુંદર આલિશાન મકાન, નોકર, ચાકર, પૈસા બધું તેની પાસે હતું. જ્યારે વિજય ગરીબ ખેડૂતનો દીકરો હતો. પરંતુ તેના મા બાપને તેને ભણાવવાની ઘણી હોંશ હતી તેમના મનમાં થતું કે છોકરો ભણે તો આપણા જેમ મજૂરી કરવી ના પડે અને તેનું જીવન સુખી થાય.

જય અને વિજય એક જ સ્કૂલમાં અને એક જ વર્ગમાં ભણતા ત્યારથી બંને સ્કૂલમાં સાથે જ રહેતાં. સાથે હસતાં, રમતાં અને ભણતાં. પરંતુ તેમની આ દોસ્તી જયના માને પસંદ નહોતી. તેમને પૈસાનું ઘણું અભિમાન હતું. તે જયને ઠપકો આપતાં કે એ વિજય સાથે તારે દોસ્તી રાખવાની નથી. દોસ્તી સરખે સરખામાં હોય. એ ક્યાં અને તું ક્યાં? જય માનો ઠપકો સાંભળી લેતો. પરંતુ સ્કૂલમાં તે વિજય સાથે જ રહેતો. જો કે માની બીકથી વિજયના ઘેર જઈ શક્તો નહિ કે વિજયને પોતાના ઘેર બોલાવતો નહિ. આ વાત વિજય સમજતો. પરંતુ જયની દોસ્તી ખાતર તે કડવો ઘૂંટડો ગળી જતો.

એમ કરતાં કરતાં બંને મિત્રો ધોરણ ૧૦માં આવ્યાં. વિજય જય કરતાં અભ્યાસમાં ઘણો તેજસ્વી હતો. તે જયને પોતાના ઘરની પરિસ્થિતિ જણાવા દેતો નહિ અને હસતું મોં રાખતો. અત્યાર સુધી તો તેના પિતાએ ગમે તેમ કરી તેની સ્કૂલની ફીના

પૈસા ભર્યા. પરંતુ આ વર્ષે વરસાદ પડ્યો નહિ અને દુકાળ ડોકિયાં કરવા લાગ્યો. તેવામાં તેના પિતા બીમાર પડ્યાં. માંદગી લાંબી ચાલી અને દવાદારૂમાં પૈસા ખર્ચાવા લાગ્યાં. છેવટે વિજયની ફી ભરવાના પૈસા પણ રહ્યાં નહિ. આગળ ધોરણ ૧૦માં બોર્ડની પરીક્ષા આપવાની અને આ મુશ્કેલી? વિજય ખૂબ જ નિરાશ થઈ ગયો. તેને પોતાનું ભવિષ્ય અંધકારમય લાગ્યું. ફી ભરવાની છેલ્લી તારીખ હતી. અને પૈસાની વ્યવસ્થા થઈ ન હોવાથી વિજય સ્કૂલે ન ગયો. વિજય વગર જયને આખો દિવસ સ્કૂલમાં ચેન ના પડ્યું. સ્કૂલેથી છૂટીને સીધો વિજયનાં ઘેર ગયો. જયને પોતાને ઘેર આવેલો જોઈ વિજય રડી પડ્યો. જયે તેને ખૂબ આશ્વાસન આપ્યું અને પોતાનાથી બનતી મદદ કરવા જણાવ્યું.

જય વિજયના ઘેર ગયો. એ વાતની જાણ તરત જ જયના માતાપિતાને થઈ ગઈ. જય જેવો ઘેર ગયો કે તેની માએ તેનો ઉઘડો લીધો. "ક્યાં ગયો હતો અત્યાર સુધી? એ ભિખારી તારે લીધે જ ધોરણ ૧૦માં સુધી આવ્યો છે. ઘરમાં ખાવાના તો સાંસાં છે અને ભણવાના શોખ તો જો? મજૂરી કરી ખાતો હોય તો? શા માટે તું એના ઘેર ગયો હતો?" વગેરે ઘણું બધું કહી તેમણે જયને બરાબર ઠપકાર્યો. છેવટે જયે પોતાની માને સમજાવતાં કહ્યું, "વિજય મારે લીધે ૧૦માં ધોરણ સુધી નથી આવ્યો. પરંતુ હું તેના લીધે ૧૦માં ધોરણ સુધી આવ્યો છું. વિજયે મને અભ્યાસમાં ઘણી મદદ કરી છે તે મારા કરતાં ઘણો હોશિયાર છે. જો તેણે મને અભ્યાસમાં માર્ગદર્શન ન આપ્યું હોત તો હું પાછળ રહી ગયો હોત." પછી તેણે વિજયની મુશ્કેલી પોતાના માબાપને જણાવી એટલે તેની માએ મદદ કરવાની તો સાફ ના પાડી, પરંતુ ખૂબ મોટો ઝઘડો કર્યો.

છેવટે જયે ગુસ્સામાં પોતાનો નિર્ણય જણાવી દીધો કે જો "વિજય બોર્ડની પરીક્ષા નહિ આપી શકે તો હું પણ પરીક્ષા નહિ આપું તમારાથી થાય તે કરી લેજો." જયના પિતા પરિસ્થિતિ સમજી ગયાં. તેમણે જયને પોતાના રૂમમાં જતા રહેવા જણાવ્યું. જય પોતાની રૂમમાં જઈ પોતાના મિત્ર માટે ખૂબ દુઃખી થયો અને જયના પિતાએ જયના માને સમજાવવા પ્રયત્ન કર્યો.

બીજે દિવસે જય વહેલો ઊઠયો અને પોતાના પિતાની પાસે જઈ હાથ જોડી વિનંતી કરવા લાગ્યો કે, "પપ્પા આટલી વખત વિજયને મદદ કરો, તમે મને દર મહિને વાપરવાના જે પૈસા આપો છો તે ના આપશો, પરંતુ વિજય માટે મને થોડા પૈસા આપો. આજનો દિવસ જ ફી ભરવાની છૂટ આપી છે. ફી નહિ ભરાય તો વિજય પરીક્ષામાં નહિ બેસી શકે. અને મને ખૂબ દુઃખ લાગશે. કારણ કે અત્યાર સુધી વિજયે જ મને અભ્યાસમાં મદદ કરી છે, તે મારો ખાસ મિત્ર છે." પોતાના દીકરાની મિત્ર પ્રત્યેની લાગણી જોઈ જયના પિતાનું હૃદય પીગળી ગયું. તેમણે જયને ૫૦૦ રૂપિયા આપ્યા. જય ખુશ થતો વિજયને ઘેર દોડી ગયો.

પરંતુ વિજય જયના ઘરની પરિસ્થિતિ જાણતો હતો. તે સ્વમાની હતો. તેથી તેણે પૈસા લેવાની સાફ ના પાડી. જયના પિતાને જ્યારે આ વાતની જાણ થઈ ત્યારે તેમણે એક વચ્ચેનો માર્ગ કાઢ્યો કે વિજય પોતાની દુકાનમાં થોડા દિવસ માટે સવારે બે કલાક કામ કરે અને તેના બદલામાં તેણે આ પૈસા સ્વીકારવા. આથી વિજયને ખૂબ આનંદ થયો. તેણે જયના પિતાનો ખૂબ આભાર માન્યો. પૂરા ખંતથી તથા વિશ્વાસુપણે તે દુકાનમાં કામ કરવા લાગ્યો.

એમ કરતા વર્ષ પૂરું થયું, બંને મિત્રોએ ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષા આપી અને ખૂબ જ સારા ટકાએ ઉતીર્ણ થયાં. બધાંને ખૂબ આનંદ થયો અને એમ એકબીજાના સહકાર અને પ્રેમથી બંને મિત્રોએ પોતાનો અભ્યાસ આગળ વધાર્યો.

વિદ્યાર્થી મિત્રો, અહીં એક પંક્તિ લખું છું.

"વાવ્યું હતું અશ્રુ ભરેલ આંખે, લણી ગયાં એ બની હર્ષઘેલાં" ગીતશાસ્ત્ર ૧૨૬ અને ૫મી કલમ સાથે આ પંક્તિ સરખાવજો અને ૧લું શમૂએલ ૧૮, ૧૯ અને ૨૦મા અધ્યાયમાં કયા બે મિત્રોની વાત આવે છે તે શોધી કાઢજો.

ઈસુ આપણો ઉત્તમ મિત્ર છે. તેણે આપણને દાસ નહિ પણ મિત્ર કહ્યાં છે, તે આપણો મિત્ર છે. શું આપણે તેના મિત્ર છીએ?

# ૫ અણમોલ મોતી

હિંદી મહાસાગરને કિનારે મદ્રાસ પાસે માછીમારોના ઝૂંપડાથી બનેલું એક સુંદર ગામ હતું. ગામને ફરતી નાળિયેરીના ઝાડોની ઘટા હતી. ગામ ઘણું સુંદર હતું. પરંતુ ગામમાં વસતાં માછીમારો ઘણાં ગરીબ હતાં.

આ ગરીબ ગામમાં એક વૃદ્ધ માછીમાર રહેતો હતો. તેનું નામ ગોપાલ હતું. ગોપાલ નાનો હતો ત્યારે દરિયા કિનારે આવતી માછલીઓ હોડીમાંથી ઊતારવાનું કામ કરતો હતો. થોડાં મોટાં થયાં પછી તેણે પોતાની અલગ હોડી બનાવી અને દરિયામાં માછલી પકડવા જવા લાગ્યો. ધીમે ધીમે તેને આ કામમાં ઘણી ફાવટ આવી ગઈ, પરંતુ તે જરૂર પૂરતી જ માછલીઓ પકડતો. તે જ્યારે બરાબર જુવાન થયો ત્યારે દરિયાનાં પંદર પંદર માઈલના પાણી કાપી સાંજ પડ્યે તે પોતાની હોડી કાંઠા પર લાવી દેતો એટલી શક્તિ તેનામાં હતી. દરિયો તેને રમવાના મેદાન જેવો લાગતો હતો. તેને જમીન કરતાં દરિયો વધારે વહાલો લાગતો હતો. જમીન પર તે મૂંઝાઈ જતો, હલેસાં મારીને દરિયાનાં મોજાં પર ચઢવા ઉતરવાની તેને ઘણી મઝા આવતી. દરિયાને તે પોતાનો જીગરજાન દોસ્ત માનતો, અને તેની સાથે તોફાન કરતો. દરિયા પર તેને અનહદ વિશ્વાસ હતો. તે વારંવાર કહેતો કે દરિયો મારો દોસ્ત છે તે કદી મને ડૂબાડશે નહિ.

એક દિવસ દરિયાના શાંત પાણીમાં તે પોતાની હોડીને છૂટી મૂકી તે હોડીમાં આરામથી બેઠો હતો. એવામાં અચાનક તેણે દરિયાનાં પાણીમાં હાથ નાખ્યો અને એક છીપ હાથમાં

આવી. છીપ ઉઘાડી તેણે જોયું તો અંદર અને અત્યંત સુંદર અને અણમોલ મોતી ઝગારા મારતું હતું. ગોપાલ તો આવું મોતી જોઈ આશ્ચર્યચકિત થઈ ગયો. આવા મોતીની તેણે કલ્પના પણ કરી ન હતી. સૂર્યના પ્રકાશમાં મોતીમાંથી અનેક રંગો ઝગારા મારતાં જાણે પોતાની સાથે વાતો કરી રહ્યાં હોય તેવું ગોપાલને લાગ્યું. તેણે મોતીને બરાબર ફેરવી ફેરવીને જોયું અને તેને ખૂબ આનંદ થયો. તે મોતી લઈને ઘેર આવ્યો. ડબ્બીમાં સાચવીને મૂકી દીધું. કહેવાય છે કે કાળાં ભમ્મર પાણીમાં કોઈ પચાસ-સો વર્ષે શરદપૂનમની રાત્રે અકસ્માત એકાદ સોનેરી જલનું ટીપું પાણીમાં પડે તેનું આ મોતી બંધાય છે. તે ઘણું જ કિંમતી હોય છે. રાજા મહારાજાનાં મુગટમાં પણ ન હોય તેવું કિંમતી મોતી ગોપાલને હાથ લાગ્યું હતું. ગોપાલને આ મોતી બહુ ગમતું હતું.

મોતીની વાત ગોપાલે કોઈને જણાવા ન દીધી. આમ તો તે આખો દિવસ દરિયામાં જ રહેતો. જરૂર પૂરતી માછલી પકડી તે દરિયામાં પોતાની હોડી રાખી તેમાં બેસી રહેતો, અને મોતીને તથા દરિયાને જોયાં કરતો. આમ આખી જુવાની તેણે દરિયા અને મોતી પાછળ વીતાવી. તે દરિયો ખેડવા અને મોતીમાંથી નીકળતાં રંગબેરંગી પ્રકાશિત કિરણોની સાથે વાતો કરવા જ જીવતો હતો. બીજા કશામાં તેને રસ નહોતો.

પરંતુ વર્ષો વીતવા લાગ્યા, અને ગોપાલ વૃદ્ધ થવા લાગ્યો. હવે તે પહેલાંની માફક દરિયા સાથે તોફાન કરતો નહિ. પરંતુ દરિયાના ખોળામાં પોતાની હોડી રાખી તેમાં જ બેસી રહેતો. અને દરિયા તથા મોતી સાથે વાતો કરતો. સાંજ પડતાં તે ઘેર આવી સૂઈ જતો અને સવારે પાછો ચાલ્યો જતો. એમ કરતાં કરતાં તેની

ઉંમર વધવા લાગી અને વૃદ્ધાવસ્થાને કારણે તેને અશક્તિ લાગવા લાગી. હવે દરિયામાં જવાનું ઓછું થયું અને અંધારી ઝૂંપડીમાં તેને મોતી સાથે વાતો કરવાનું ફાવતું નહિ આથી તે દુઃખી રહેવા લાગ્યો. એવામાં ગામમાં વાત વહેતી થઈ કે ગોપાલ પાસે એક ઘણું કિંમતી મોતી છે. લોકો ગોપાલ પાસે આવી મોતી જોવા માગતાં પરંતુ ગોપાલ કોઈને મોતી બતાવતો નહિ. હવે તે બિલકુલ વૃદ્ધ અને અશક્ત થઈ ગયો હતો. તેનાથી ઊઠી કે બેસી શકાતું ન હતું. હવે જીંદગીના છેલ્લા દિવસો હતાં તેને પોતાનો દરિયા દોસ્ત ખૂબ જ યાદ આવતો. પરંતુ તે જઈ શક્તો ન હોવાથી ખૂબ જ બેચેન રહેવા લાગ્યો. તેનો જીવ મૂંઝાવા લાગ્યો.

એવામાં ગામમાં એક ગરીબ અજાણ્યો માણસ આવી ચઢ્યો, અને તે ગોપાલની ઝૂંપડીએ ગયો. ગોપાલે તેની સાથે વાતચીત કરી અને વાતચીત કરતાં ગોપાલને ખબર પડી કે આ માણસ તો એક મુસાફર છે, અને તે આ ગામનો નથી. તેથી ગોપાલે આ તકનો લાભ લઈ મુસાફરને કહ્યું, "ભાઈ, આ થેલીમાં મારી જીંદગીની કમાણીનાં નાણાં છે, તે હું તને આપું છું. મારે હવે તેની જરૂર નથી. તે તું લઈ લે. પરંતુ તેના બદલામાં તારે કાલે વહેલી સવારે મને મારી હોડીમાં બેસાડી થોડે સુધી મૂકી જવો. પછી હું મારી મેળે જતો રહીશ." મુસાફર મંજૂર થયો.

બીજે દિવસે વહેલી સવારે ગોપાલે પોતાનું અણમોલ મોતી લીધું અને મુસાફરની મદદથી હોડીમાં બેસી દરિયામાં ચાલ્યો ગયો. ગામ લોકોને ખબર પડી કે ગોપાલ ચાલ્યો ગયો છે ત્યારે સહુ દરિયા તરફ દોડ્યાં. દૂર દૂર ગોપાલની હોડી જતી હતી. ચાર પાંચ જણાં બીજી હોડીમાં બેસી ગોપાલની પાછળ ગયાં. ગોપાલે જોયું તો તેની પાછળ બીજી હોડી આવી રહી છે, તેથી તે સાવચેત

થયો અને તેણે દરિયા તથા મોતી સાથે છેલ્લી વાતો કરી લીધી. જેવી બીજી હોડી નજીક આવી કે ગોપાલે મોતીને પોતાની મૂઠ્ઠીમાં લીધું અને હતું એટલું જોર એકઠું કરી તે દરિયામાં કૂદી પડ્યો. અને દરિયાએ પોતાના દોસ્તને તથા પોતાનામાંથી નીકળેલ અણમોલ મોતીને પોતાનામાં સમાવી લીધાં.

બાળકો, હિંદી મહાસાગરમાંથી મળેલું અણમોલ મોતી ગોપાલે સંતાડી રાખ્યું. કોઈને બતાવ્યું નહિ અને બીજું કોઈ તેનો ઉપયોગ કરી શક્યું નહિ. પરંતુ ગાલીલના સમુદ્રમાં કયા માછીમારોને કયું અણમોલ મોતી મળ્યું કે જે તેમણે આખી દુનિયા આગળ પ્રગટ કર્યું? તે સમજવા માથ્થી ૪:૧૮ થી ૨૨ કલમ વાંચજો અને ભજન સંગ્રહમાંથી ગીત નંબર ૧૯૪ અને ૧૯૫ વાંચજો કે ગાજો. તમને ખબર પડશે કે તમારી પાસે કયું અણમોલ મોતી છે. તમે તેને બીજા લોકોની આગળ પ્રગટ કરશો?

## ૬ ભાવ તેવા પ્રતિભાવ

એક રાજા હતો. તે ખૂબ જ ન્યાયી અને પ્રામાણિક હતો. તે હમેશાં પોતાની પ્રજાના સુખદુઃખનો ખ્યાલ રાખતો હતો. દરરોજ સવારે આઠ વાગ્યે તે પોતાનો દરબાર ભરતો. આ દરબારમાં શ્રીમંતો, અમીરો, ઉમરાવો, અનુચરો, વેપારીઓ અને નગરના યોગ્ય પુરુષો આવતાં. બધાં સાથે મળી પ્રજાની મુશ્કેલીઓનો નિકાલ કરતાં અને રાજ્યમાં સુખ સગવડ વધે તેવાં પ્રયત્નો કરતાં. રાજાને આથી ઘણો સંતોષ હતો.

પરંતુ આ દરબારમાં એક વણિક આવતો. વણિક એટલે વેપારી. આ વણિકને જોઈને રાજાને ખૂબ ગુસ્સો આવતો. જાણે તે પોતાનો શત્રુ હોય એવી લાગણી રાજા અનુભવતો. જો કે આ વણિક કદી કંઈ જ બોલતો નહિ. વિવેકથી રાજાને નમે, અને પોતાના આસન પર બેસે. છતાં પણ રાજાને તે પોતાના શત્રુ જેવો લાગતો. રાજાએ આ વાત પોતાના પ્રધાનને કરી. પ્રધાન ખૂબ જ ચતુર અને વિશ્વાસુ હતો. તેણે આ વાત મનમાં રાખી.

એક દિવસ પ્રધાનજી ફરતાં ફરતાં વણિકને ત્યાં ગયા. પ્રધાનજીને જોઈ વણિકને ઘણો આનંદ થયો. પ્રધાનજીને માનથી બેસાડ્યાં. જલપાન કરાવ્યાં. એટલામાં પ્રધાનજીની નજર એક ખૂબ જ મોટા ચંદનનાં લાકડાના ગંજાવર ઢગલા પર પડી. પ્રધાનજીએ વણિકને પૂછ્યું, ''આ આટલા બધાં ચંદનના લાકડાં અહીં શા માટે ખડક્યાં છે?'' વણિકે જવાબ આપ્યો, ''શું વાત કરું પ્રધાનજી. ઘણાં વર્ષો પહેલાં હું વેપાર માટે પરદેશ ગયો હતો. ત્યાં ચોખ્ખા ચંદનના લાકડાં મળતાં હોવાથી મેં મોટી કિંમત આપી આ ચંદનના

લાકડાં ખરીદી લીધા. અને વહાણમાં અહીં લાવ્યો. મારા મનમાં કે દેશમાં જઈ અને આનાથી મોટી કિંમતે ચંદન વેચીશ અને મારો વેપાર આગળ વધારીશ. પરંતુ આ ગરીબ ગામમાં આ કંઈ ઉપયોગમાં ન આવ્યા. વર્ષો વીત્યાં ખૂબ પ્રયત્નો કર્યાં, પરંતુ કોઈ ગ્રાહક થતું નથી. અને મારા બધાં નાણાં આ ચંદનમાં રોકાઈ રહ્યાં છે. મારો વેપાર અટકી પડ્યો છે. પ્રધાનજી હું તો ખૂબ જ ચિંતામાં પડી ગયો છું. હવે તો કોઈ રાજા મહારાજાનું મૃત્યુ થાય અને તેની ચિત્તા સળગાવવા આ ચંદન લઈ જાય તો જ આ ચંદનના લાકડાં વેચાય.'' ચતુર પ્રધાનજી વાત સમજી ગયા. વણિકની રજા લઈ તે ઊઠ્યાં અને વાત મનમાં રાખી.

શિયાળો ઉતરવા લાગ્યો. અને ગરમી પડવા લાગી. ધીમે ધીમે સૂર્યના પ્રખર કિરણો પૃથ્વીને દઝાડવા લાગ્યાં. પશુ, પંખી, ઝાડ, પાન, મનુષ્ય સર્વ તાપથી ત્રાસી ઊઠ્યાં. તે જમાનામાં વીજળીથી ચાલતાં પંખા કે એર કુલર જેવા સાધનોની શોધ થઈ નહોતી. તેથી રાજાના નોકરો કપડાંના પંખાથી ગરમીના દિવસોમાં રાજાને હવા ઢાળતાં. છતાં રાજાને સંતોષ નહોતો. અને તે ગરમીથી અકળાવા લાગ્યા. તેણે પ્રધાનને આ વાત કરી કે આ અસહ્ય ગરમીથી પોતાને રક્ષણ મળે એવો કોઈ ઉપાય શોધી કાઢે. તરત જ પ્રધાને નોકરોને મોકલી વણિકને ત્યાંથી મોં માગ્યા દામ આપી સઘળું ચંદન ખરીદી લીધું. અને આ ચંદનના લાકડાનો તેણે રાજા માટે એક ઓરડો તૈયાર કરાવ્યો. ચંદનની ઠંડકથી ઓરડામાં વાતાવરણ ઠંડું રહેવા લાગ્યું. અને ચંદનની સુગંધથી ઓરડો મહેંકી ઊઠ્યો. પ્રધાનજી રાજાને ગરમીથી બચવા ચંદનના ઓરડામાં લાવ્યો. ચંદનના લાકડાંની ઠંડક અને સુગંધથી રાજાનું મન પ્રસન્ન થઈ ગયું. રાજાએ પ્રધાનના ખૂબ વખાણ કર્યાં.

આ તરફ વણિકને ખબર પડી કે, ગરમીથી બચવા રાજાને માટે ચંદનના લાકડાનો ઓરડો બનાવવામાં આવ્યો છે. ત્યારે તે બોલી ઊઠ્યો, "રાજા ઘણું જીવો" આ રીતે રાજા પ્રત્યેના તેના ભાવ બદલાઈ ગયાં. બીજે દિવસે તે દરબારમાં આવ્યો. રાજાને પ્રણામ કરી બોલ્યો, "રાજા ઘણું જીવો." આ સાંભળી વણિક પ્રત્યેનો રાજાનો ગુસ્સો ઊતરી ગયો. રાજાએ અને વણિકે પરસ્પર મિત્રભાવ અનુભવ્યાં.

બાળકો, આ ચમત્કાર શાથી થયો? તે તમે સમજી શક્યાં હશો. પ્રધાને વગર બોલ્યે રાજા અને વણિક વચ્ચે સલાહ કરાવી. આપણો પ્રભુ કહે છે કે, "સલાહ કરાવનારાઓને ધન્ય છે કેમ કે તેઓ દેવના દીકરા કહેવાશે."

અને બીજી વાત જેવો ભાવ તમે બીજા પ્રત્યે રાખશો તેવો જ ભાવ તે તમારી પ્રત્યે રાખશે. વણિકના મનમાં હતું કે આ રાજા મરે તો સારું, મારું ચંદન વેચાઈ જાય, તેથી જ વણિકને જોઈને રાજાને ગુસ્સો આવતો. જો તમે કોઈને ધિક્કારશો તો તે નક્કી તમને ધિક્કારતું જ હશે. તમે કોઈની પર પ્રેમ રાખતા હશો તો જરૂર તે તમારી ઉપર પ્રેમ રાખતું હશે. "ભાવ તેવા પ્રતિભાવ" આપણા પવિત્રશાસ્ત્રનો એક સોનેરી નિયમ છે. માથ્થી ૭: ૧૨ "માટે તમે જે જે ચાહો છો કે બીજા માણસ તમને કરે, તે તે તમે પણ તેઓને કરો. કેમ કે નિયમશાસ્ત્ર તથા પ્રબોધકોની વાતોનો સાર એ જ છે.

ટૂંકમાં તમે સહુને ચાહો સૌ તમને ચાહશે.

# ૭ પોપિનો

રોમ પ્રદેશની આ વાત છે. ત્યાંના એક નાના ગામમાં પોપિનો નામનો એક નાનો છોકરો રહેતો હતો. નાનપણમાં માતાપિતા મૃત્યુ પામ્યાં હતાં. પરંતુ આડોશ પાડોશના લોકો તેની સંભાળ રાખતાં. આ પોપિનોની સાથે તેનો ગધેડો પણ હતો. એક બહુ જ નાના ઘરમાં પોપિનો તેના ગધેડા સાથે રહેતો હતો.

ધીમે ધીમે પોપિનો મોટો થવા લાગ્યો તેમ તેણે કામ કરવાનું શરૂ કર્યું. પોતાનાં ગધેડા પર માલસામાન લાવવા લઈ જવાનું કામ તે કરવા લાગ્યો. તેની મજૂરીના પૈસા તેને મળવા લાગ્યાં. આસપાસના છોકરાં તો સ્કૂલે જતાં પરંતુ પોપિનોને કોણ સ્કૂલે મોકલે? પણ પોપિનોનો સ્વભાવ ખૂબ જ સારો હતો. તે બધાંની સાથે હસીને બોલતો અને બધાંનું કામ કરી આપતો. બીજાં છોકરાં પોપિનોને પોતાની સાથે રમાડતાં. એમ રમતાં રમતાં પોપિનોને લખતાં વાંચતા પણ આવડી ગયું. તે દર રવિવારે દેવળમાં પણ જવા લાગ્યો.

પોપિનોને પોતાનો ગધેડો બહુ વહાલો હતો. તે ગધેડાને બંધુ કહીને બોલાવતો. પોતાનો બંધુ ઊંચકી શકે તેટલું જ વજન તે ગધેડાં પર મૂક્તો. પોતે તો કદી ગધેડા પર બેસતો જ નહીં. વધારે માલસામાન હોય તો થોડો પોતે પણ ઊંચકવા લાગતો. અને ગધેડો પણ પોપિનોને મૂકીને ક્યાં જતો નહિ. એક દિવસ પોપિનોનો ગધેડો માંદો પડ્યો. પોપિનોને ખૂબ ચિંતા થવા લાગી. ગધેડાને કેવી રીતે સાજો કરવો? તે નાના પોપિનોને સમજાતું ન હતું. તે આખો દિવસ ઉદાસ થઈ ગધેડા પાસે બેસી

રહેતો. એવામાં કોઈકે તેને મશ્કરીમાં કહ્યું, "પોપિનો, તારા ગધેડાને લઈને વેટિકન જા. ત્યાંના પોપ તારા ગધેડા માટે પ્રાર્થના કરશે." આ સાંભળીને તેને આનંદ થયો. પોપિનો તેના ગધેડાને લઈ વેટિકન જવાની તૈયારી કરી અને પોતાના ગધેડાને લઈને ધીમે ધીમે તેણે ચાલવા માંડ્યું. ગધેડો ધીમેધીમે થોડું ચાલતો અને પછી બેસી જતો. એમ કરતાં કરતાં તેઓ અડધે સુધી આવ્યાં. પરંતુ પછી ગધેડો ચાલી શક્તો ન હતો. તે રસ્તામાં એક મોટા પથ્થર પાસે પડી ગયો.પોપિનો ગભરાઈ ગયો. આવા એકાંત સ્થળે કોઈની મદદ પણ મળે તેમ ન હતી.

હવે શું કરવું? પરંતુ પોપિનોને પોતાનાં બંધુને સાજો કરવા માટે પ્રાર્થના સિવાય કોઈ ઉપાય ન હતો. તેથી તેણે પોતાનાં બંધુને કહ્યું, "તું અહીં આરામ કરજે. હું થોડીવારમાં નામદાર પોપની પાસે તારા માટે પ્રાર્થના કરાવીને આવું છું. પછી તું જરૂર સાજો થઈ જઈશ." એમ કહી પોપિનોએ વેટિકન શહેર તરફ દોટ મૂકી. થોડીવાર પછી તે વેટિકન ચર્ચની પાસે આવી પહોંચ્યો.

ચર્ચની પાસે આવી તેણે જોયું તો બહાર પ્રાર્થના માટે ઘણાં બધાં માણસો ઊભા હતાં અને સેવકો સાથે નાની મોટી ફૂલોની કલગી પોપને માટે મોકલતાં હતાં. પોપિનોએ એક નાની કલગી ખરીદી અને તેમાં એક ચિઠ્ઠીમાં તેણે લખ્યું કે, "શ્રી નામદાર પોપ સાહેબ, મારો મિત્ર બહુ જ બીમાર છે. મૃત્યુની અણી પર છે. આપ તેને માટે પ્રાર્થના કરશો તો તે જરૂરથી સાજો થઈ જશે એવો મારો વિશ્વાસ છે. એજ લી. આપનો વિશ્વાસુ પોપિનો"

ચિઠ્ઠી તેણે કલગીમાં ખોસીને સેવક સાથે અંદર મોકલી. થોડી વારમાં એક સેવકે બહાર આવી બૂમ પાડી 'શ્રીમાન

પોપિનો' એટલે પોપિનો સેવક પાસે ગયો અને બોલ્યો, "હું આ રહ્યો. મારું નામ પોપિનો છે", આટલા નાના બાળકને જોઈ બધાંને નવાઈ લાગી. સેવક પોપિનોને અંદર લઈ ગયો.

આટલાં નાના બાળકનો વિશ્વાસ જોઈ પોપને ખૂબ આનંદ થયો. તેમણે પોપિનો સાથે વાત કરી. પોપિનોએ જાણાવ્યું. "બંધુ નામનો મારો એક મિત્ર છે. પોપિનો ગધેડાને પોતાનો મિત્ર જ માનતો હતો તેથી બંધુ તે એક ગધેડો છે. એવું પોપ સાહેબને કહી શક્યો નહિ. તેણે પોપ સાહેબને કહ્યું, મારો મિત્ર બંધુ ખૂબ જ બીમાર છે. તેને લઈને હું આપની પાસે પ્રાર્થના માટે આવતો હતો, પરંતુ તે ચાલી નહિ શકવાથી હું તેને અડધે રસ્તે બેસાડીને આવ્યો છું. મારે માતાપિતા, ભાઈબહેન, કે કોઈ સગુંવહાલું નથી. ફક્ત આ બંધુ જ મારો એક મિત્ર છે. તેના સિવાઈ આ દુનિયામાં મારું કોઈ નથી. આપ મારાં બંધુ માટે પ્રાર્થના કરશો તો પ્રભુપિતા જરૂર તેને સાજો કરી દેશે." એટલું કહી પોપિનો રડી પડ્યો.

નામદાર પોપે પોપિનોના માથા પર વહાલથી હાથ મૂકી તેના બંધુ માટે પ્રાર્થના કરાવી કે, "હે! પરમેશ્વર પિતા આ નાના બાળકનો વિશ્વાસ અને મિત્ર પ્રત્યેનો તેનો પ્રેમ જોઈને અમે પ્રાર્થના કરીએ છીએ કે તેનો બંધુ મિત્ર જે બીમાર છે અને રસ્તામાં છે. તેને તમે સાજાપણું આપો." પોપિનો હવે જ્યારે તેને મળે ત્યારે તેનો મિત્ર બંધુ એકદમ સાજો થઈ ગયો હોય એવી કૃપા કરો... આમેન.

પોપિનો રાજી થઈ ગયો. તેણે નામદાર પોપ સાહેબને પ્રણામ કર્યાં અને પોતાના બંધુ મિત્રની પાસે જવા દોડ્યો. આવીને તેણે જોયું તો પોતાનો બંધુ જમીન પરનું લીલું ઘાસ ખાઈ રહ્યો હતો! પોપિનો આનંદથી ગધેડાની ડોકે વળગી પડ્યો અને ગધેડો પણ

આનંદથી હોંચી... હોંચી... કરવા લાગ્યો. પછી બંને મિત્રોએ ઘર તરફ ચાલવા માંડ્યું.

બાળકો, પોપિનો ગધેડાને પોતાનો મિત્ર જ માનતો હતો. મિત્રને માટે યોહાન ૧૫ અને ૧૩માં શું કહે છે? તે વાંચજો. પોપિનોને પ્રાર્થનામાં કેટલો બધો વિશ્વાસ હતો? યાદ રાખજો, વિશ્વાસથી કરેલી પ્રાર્થના માંદાને બચાવશે અને પ્રભુ તેને ઉઠાડશે.

પ્રભુ ઈસુએ આપણને કઈ પ્રાર્થના શીખવી છે? તમને તે આવડે છે? નવા કરારમાંથી આ પ્રાર્થના શોધી કાઢજો.

## ૮ વિજય સરઘસ

એક હતો મોચી. તેનું નામ નાથુ હતું. તે ઘણો જ મહેનતુ હતો. તેની પત્નીનું નામ મંજુ હતું. તેને એક દીકરો હતો. તેનું નામ રાજુ. રસ્તાની એક તરફ નાના પણ ઘાટી છાયાવાળા એક પીપળાનાં ઝાડ નીચે તે બેસતો. અને જૂનાં બૂટ-ચંપલ વગેરે સાંધવાનું કામ કરતો હતો.

નાથુ સવારે વહેલો આવે, પીપળાનાં ઝાડની આજુબાજુની જગ્યા સાફ કરે પછી જૂનો કોથળો પાથરે અને પોતાના સીવવાનાં ઓજારો ઘસીને ધારવાળા બનાવે. જૂનાં ચંપલો, ચામડાં, ખીલી અને પોલીશની ડબ્બીઓ બધું વ્યવસ્થિત ગોઠવે, અને પોતાનું કામ શરૂ કરે. આખા દિવસમાં તેની પાસેથી ઘણાં માણસો પસાર થઈ જતાં પરંતુ નાથુનું ધ્યાન પોતાના જ કામમાં જ રહેતું. તે પોતાનું કામ મન લગાડીને કરતો, હા, રસ્તા પરથી પસાર થતાં માણસોનાં પગ પર તેની નજર જરૂર પડતી. કોઈ ઘરાક આવે તો તરત તે બીજું કામ મૂકી તેનું બૂટ કે ચંપલ સાંધી આપતો. બપોરે તેની પત્ની તથા તેનો દીકરો ભાથું લઈને આવતાં અને ત્રણે જણ સાથે બેસી ખાઈ લેતાં. ખાવામાં રોટલાં, ડુંગળી, મરચાં, અને ગોળ હોય, પરંતુ તેને મિષ્ટાન સમજી આનંદથી ખાતાં, સાંજે નાથુ બજારમાંથી થોડી ઘણી ખરીદી કરી ઘેર પહોંચી જતો. આ રીતે તેમનો સંસાર આનંદથી ચાલતો.

એક વખત સવારે નાથુ આવ્યો. પોતાના કોથળામાંથી સામાન કાઢી ગોઠવતો હતો ત્યાં તેણે જોયું તો ગોઠણ સુધી ચામડાનાં બૂટ પહેરી હાથમાં સોટી લઈ એક ફોજદાર સાહેબ ફરી રહ્યાં હતાં. ફરતાં ફરતાં તે નાથુની પાસે આવ્યાં અને રામુના નામની બૂમ પાડી. રામુ તો આ રસ્તા સફાઈની દેખરેખ રાખનાર હતો. બે

દિવસ પહેલાં જ નાથુએ રામુના બુટને મફતમાં થીંગડી મારી હતી. ફોજદારે રામુને ધમકાવતાં કહ્યું, "રામુ, આ કોણ છે? આ રસ્તા પર ચામડાના ઢગલા શાના છે?" રામુએ નાથુનો બચાવ કરતાં કહ્યું, "સાહેબ આ મોચી છે. આ તેની દુકાન છે. ઘણાં વખતથી છે." "રસ્તા પર ખુલ્લી દુકાન છે શું?"

"ઊપાડી લેવડાવ આ બધું આ રસ્તા પરથી. રાજાજીની સવારી નીકળવાની છે. હવેથી અહીં બેસવાનું નથી. બીજે ચાલ્યાં જાવ." ફોજદારે રામુ અને નાથુને ધમકાવ્યા.

અત્યંત દુઃખી થઈ નાથુએ પોતાના કોથળામાં સામાન ભર્યો. માટલું ખાલી કર્યું અને પીપળાનાં ઝાડ સામે જોઈ ચાલવા લાગ્યો. બીજા ઝાડુવાળા લોકો ફોજદાર સાહેબને જોઈ ધ્યાન રાખી વાળવા માંડ્યાં. રસ્તો ચોખ્ખો અને સુંદર બની ગયો. આ રસ્તા પરથી ત્યાંના રાજાએ બીજા રાજાને હરાવી મોટી જીત મેળવી હતી તેનું વિજય સરઘસ નીકળવાનું હતું.

બીજે દિવસે રાજાનું વિજય સરઘસ નીકળ્યું. સૌથી આગળ વાજાવાળાં હતાં. પછી પગે ચાલતાં સિપાઈઓ હતાં. તેમની આગળ પાછળ ઘોડેસવારો હતાં, વચમાં રાજાજીનો રથ હતો. લોકો જોરશોરથી પોતાના હાથ ઊંચા કરી "રાજા મહારાજાધિરાજની જય" એમ બોલતાં હતાં અને ફૂલહારથી રાજાનું સ્વાગત કરતાં હતાં. રાજાજી પણ પોતાનાં હાથ ઊંચા કરી લોકોની સલામી ઝીલતાં હતાં એમ કરતાં રાજાનું સરઘસ ત્યાંથી પસાર થઈ ગયું.

બીજે દિવસે નાથુ ત્યાં બેસવા ગયો પરંતુ ફોજદારનો હુકમ હોવાથી નાથુને ત્યાં કોઈએ બેસવા ન દીધો. હવે નાથુની રોજગારી ગઈ. તેનાં ઘરની આસપાસમાં એવી કોઈ જગ્યા ન હતી કે નાથુ બે પૈસા કમાઈ શકે. છેવટે નાથુને પૈસાની તંગી પડવા લાગી. ઘરમાંથી

પૈસા ખૂટવા લાગ્યાં. છેલ્લું વાસણ પણ વેચાઈ ગયું. નાથુ અને તેની પત્ની મંજુને નાના દીકરા રાજુની ચિંતા થવા લાગી. હવે આ છોકરાને શું ખવડાવશું?

છેવટે નાથુને પોતાનો નાનો પણ સ્વતંત્ર ધંધો મૂકી દેવો પડ્યો. કામની ઘણી શોધ પછી મુશ્કેલીથી તેને એક બંગલામાં નોકરનું કામ મળ્યું. વાસણ, કપડાં, બંગલાની સફાઈ, આવું કામ તેને ફાવતું પણ નહિ. આ કામમાં તેને ઘણીવાર શેઠ શેઠાણીનો ઠપકો પણ સાંભળવો પડતો. આ કામ તેને ગુલામી જેવું લાગતું. પરંતુ પોતાના પરિવારને માટે તેને તે કરવું પડતું. ઘણીવાર રસ્તે જતાં આવતાં તે પોતાની જૂની જગ્યાએ પીપળાના ઝાડ નીચે ઊભો રહેતો. હવે તો પીપળાના ઝાડ પાસે બત્તીનો થાંભલો નંખાઈ ગયો હતો. તેને તેના સુખી અને સ્વતંત્ર દિવસો યાદ આવતા. પરંતુ હશે! પ્રભુની ઇચ્છા એમ સમજીને પોતાનું મન મનાવતો અને ચાલ્યો જતો.

બાળકો, આ રાજાએ બીજા રાજાને હરાવી મોટી જીત મેળવી તેના માનમાં તેનું વિજય સરઘસ નીકળ્યું. ત્યારે રાજા રથમાં બેઠાં હતાં. અને આ વિજય સરઘસે નાથુ જેવા ઘણાંને બેરોજગાર બનાવ્યાં હશે. પરંતુ આજથી બે હજાર વર્ષ ઉપર રાજાઓના રાજા અને પ્રભુઓના પ્રભુનું વિજય સરઘસ નીકળ્યું હતું ત્યારે પ્રભુ શાની ઉપર બેઠાં હતાં? અને ક્યાં જતાં હતાં? વાંચો "યરુશાલેમમાં વિજયવંત પ્રવેશ" ચારે સુવાર્તામાં આ સરઘસની વાત છે. આપણાં પ્રભુની યાદમાં પામસન્ડેના દિવસે આ સરઘસ નીકળે છે. નાના બાળકો ખજૂરીની ડાળી લઈ "હોસાના પરમ ઊંચામાં પ્રભુને હોસાના" એવા પોકારો કરે છે. તમે આ સરઘસમાં ભાગ લો છો? યાદ રાખો કે, આપણાં પ્રભુએ તો પાપ અને મૃત્યુ ઉપર વિજય મેળવ્યો છે. અને આપણને પાપમાંથી મુક્ત કર્યાં છે. આપણે તેની સ્તુતિ કરવી જોઈએ.

## ૯ પરોણાગત્

એક ખેડૂત કુટુંબ હતું. વૃદ્ધ માતાપિતા, તેમના બે પુત્રો, પુત્રવધૂઓ અને ચાર બાળકો મળીને દશ જણાં આ પરિવારમાં હતાં. બધાં ખૂબ જ મહેનતુ અને ભલાં હતાં. તેમને શેરડીની ખેતી હતી. ઘણી બધી વિશાળ જમીનમાં તેઓ શેરડીનું વાવેતર કરતાં અને તેમાંથી કુટુંબનું ગુજરાન ચલાવતાં. આ પરિવારમાં એક નિયમ હતો કે, રસ્તે જતાં આવતાં વટેમાર્ગુ જો પોતાને આંગણે આવે તો તેમને આવકારવા અને શેરડીનો રસ આપવો.

એક વખત સવારનો સમય હતો. વાતાવરણમાં ઠંડી હતી. સૂર્યનો કોમળ તાપ આંગણામાં પડતો હતો. નાના બાળકો રમતાં હતાં. અને વૃદ્ધ માતા તેમની પાસે ઊભા હતાં. તેવામાં દૂર દૂર કંઈક ધૂળ ઉડતી હોય તેવું નજરે પડવા લાગ્યું. વૃદ્ધ માતા આંખ આગળ હાથ રાખી જોવા લાગ્યાં. કોઈ ઘોડેસ્વાર આવી રહ્યો હોય તેવું જણાયું. કોણ હશે? તે વિચારે છે એટલામાં ઘોડેસ્વાર આંગણાંમાં આવી પહોંચ્યો. ઘરમાંથી વૃદ્ધ પિતા, પુત્રો, બહાર આવ્યા. 'આવો ભાઈ' કહી ઘોડેસ્વારને આવકાર આપ્યો. અને બેસવા ખાટલો આપ્યો. ઘોડેસ્વાર ખૂબ લાંબી મુસાફરીથી થાકેલો જણાતો હતો. ખેડૂતના પુત્રએ શેરડીના સાંઠા પર દાતરડાનો કાપ મૂક્યો કે શેરડીમાંથી રસની ધારા છૂટી અને પ્યાલું ભરાઈ ગયું. ખેડૂતે ઘોડેસ્વારને તે રસ પીવા આપ્યો. હવે આ ઘોડેસ્વાર તો આ નગરનો રાજા હતો! પ્યાલું હાથમાં લઈ રસ પીતાં પીતાં તેને વિચાર આવ્યો કે, આ લોકોને શેરડીના પાકની ખૂબ જ સરસ ઊપજ છે. એક કાપો મૂકતાં જો પ્યાલું

ભરીને રસ નીકળતો હોય તો આટલી વિશાળ જમીનના વાવેતરમાં તેમની ઊપજ કેટલી બધી હશે? તે હિસાબે આ લોકો મને કેટલો ઓછો કર આપે છે? હવેથી હું આ લોકો પાસેથી વધારે કર લઈશ. એમ વિચારી તેણે રસનું પ્યાલું ખાલી કર્યું અને ફરીથી ખેડૂતને આપ્યું. ખેડૂતે ફરીથી રસ ભરવા શેરડીના સાંઠા પર કાપ મૂક્યો. પરંતુ આ શું? આ વખતે રસનું એક ટીપું પણ ના પડ્યું. ખેડૂતે ઘણી બધી શેરડીને કાપા મૂક્યાં પણ પ્યાલામાં રસનું એક ટીપું પણ ના પડ્યું. આ જોઈ વૃદ્ધ પિતા ખૂબ દુ:ખી થઈ ગયાં. તેમણે મુસાફરને કહ્યું, "ભાઈ કાં તો આ ધરતી રસહિન થઈ છે, કાં તો રાજા દયાહિન થયો છે. નહિ તો આવું ના બને!" આ સાંભળી રાજાને ખૂબ પસ્તાવો થયો, તેણે વૃદ્ધ પિતાનો હાથ પકડી પોતાની ઓળખાણ આપતાં કહ્યું, "ભાઈ, તમારી વાત સાચી છે. હું પોતે જ આ નગરનો રાજા છું. અને તમારી શેરડીના પાકની ફળદ્રુપતા જોઈ હું તમારા પ્રત્યે દયા વગરનો થઈ ગયો અને મેં વિચાર્યું કે હવેથી હું આ લોકો પાસેથી વધારે કર લઈશ. મને માફ કરી દો. તમારા જેવી મહેનતુ અને પરોણાગત્ કરનારી પ્રજા મારા નગરમાં છે તેથી મને ઘણો આનંદ થયો અને આજથી તમારે કંઈ પણ મુશ્કેલી હોય તો રાજ્ય તરફથી તમને મદદ મળશે એ મારું વચન છે." એટલું બોલી રાજા ઘોડા પર સવાર થઈ ચાલી નીકળ્યો.

ખેડૂત પરિવાર એકબીજાની સામું જોઈ રહ્યો. વૃદ્ધ પિતાએ કહ્યું, "આજે એક ઘોડેસ્વારના વેશમાં ખુદ રાજા આપણા ત્યાં આવી ગયાં અને આપણે તેમને ઓળખ્યા નહિ. એવી જ રીતે કોઈ દુ:ખી, ગરીબ, બીમાર કે લાચાર માણસના રૂપમાં ખુદ પ્રભુ આવી

રહ્યાં હતાં. અને માતા મેરીનો હાથ તેના માથા ઉપર હતો. ઊંઘમાં પીટરને લાગ્યું કે ખરેખર, તેના માથા ઉપર કોઈનો હાથ ફરી રહ્યો છે. તેણે આંખો ઉઘાડી તો તેણે સામે પોતાની માતાને દીઠાં. મા માથા પર હાથ ફેરવી તેને ઉઠાડતાં હતાં. તેમના હાથમાં નાતાલના કપડાં અને કેક હતાં. માએ કહ્યું "પીટર, હેપ્પી ક્રિસમસ."

કપડાં અને કેક જોઈ પીટરને જે આનંદ થયો તેના કરતાં રાત્રે માણેલાં સ્વપ્નનો આનંદ તેને વધારે હતો. તેણે માને કહ્યું, "હેપ્પી ક્રિસમસ" અને વહાલા બાળ મિત્રો, તમને પણ હેપ્પી ક્રિસમસ...

બાળકો, આ વાર્તામાંથી બે વાત શોધી કાઢજો.

૧. માગીઓ પહેલાં જે મહેલમાં ગયા તે મહેલમાં કયો રાજા હતો? અને રાજા સાથે માગીઓને શી વાતચીત થઈ?

૨. સોનું, બોળ અને લોબાનનો શો અર્થ છે? જો ના સમજાય તો ભજન સંગ્રહમાંથી ગીત નં. ૬૩ વાંચજો કે ગાજો તમને સમજ પડી જશે.

## ૧૧ રાજા અને ફકીર

એક હતો રાજા. પોતાનાં રાજ્યની દેખભાળ રાખવા એક વખત તે જાતે ઘોડા પર બેસી રાજ્યમાં આમ તેમ ફરવા લાગ્યો. ફરતાં ફરતાં તે ઘણે દૂર નીકળી ગયો. ત્યાં કોઈ ગામ કે વસ્તી નહોતી. પરંતુ લીલી વનરાજી હતી. અને વચ્ચે તદ્દન નિર્જન જગ્યામાં એક ઝૂંપડી હતી. રાજાએ ઝૂંપડીમાં જોયું તો એક ફકીર નમાજ પઢી રહ્યો હતો. રાજા થોડી વાર બહાર ઊભો રહ્યો.

નમાજ પૂરી કરી ફકીર બહાર આવ્યો. રાજા અને ફકીરે થોડી વાર વાતચીત કરી. જતાં જતાં રાજાએ ફકીરને કહ્યું, ‘‘આવા નિર્જન સ્થાનમાં એકલાં કેમ રહો છો? મારા રાજ્યમાં આવીને રહોને!’’

ફકીરે કહ્યું, ‘‘એકલો ક્યાં છું? મારી સાથે તો ખુદા છે. હું અહીં આજુબાજુનાં ગામોમાં ફરીને રોટી, કપડાં માગી લાવું છું. અને જેની પાસે નથી તેને આપું છું. કોઈ સાજું માંદુ હોય તો તેની સેવા ચાકરી કરું છું. અને ખુદાની બંદગી કરું છું. તમારા રાજ્યમાં આવીને હું શું કરું?’’

રાજાએ કહ્યું, ‘‘હું તમને રાજ્યના દીવાન બનાવીશ, ઘણો મોટો હોદ્દો આપીશ.’’ આમ ઘણી લાલચો આપી પણ ફકીર માન્યો નહિ, તેણે ફક્ત એટલું જ કહ્યું કે, ‘‘હે, મહાન બાદશાહ! ખુદાના રાજ્ય કરતાં તારું રાજ્ય રાઈના દાણા જેટલું પણ નથી. ખુદા જે સ્થિતિમાં રાખે તેમાં રહેવું અને જે કામ સોંપે તે કામ વિશ્વાસુપણે કરવું. કોઈ કરોડો રૂપિયા આપે પણ ખુદા નારાજ

થાય તેવું ના કરવું. ખુદાએ મને આ કામ સોંપ્યું છે. તેથી હું તારા રાજ્યમાં નહિ આવું."

ફકીરની વાત સાંભળી રાજાને ગુસ્સો આવ્યો, તે પોતાના નિવાસસ્થાને પાછો આવ્યો અને પ્રધાનને વાત કરી.

પ્રધાન ઘણો ચતુર હતો. બીજે દિવસે તે ફકીરની પાસે ગયો અને કહ્યું, "બાબા! ખુદાનું એક કામ કરવાનું છે, જે તમારાથી જ બને તેવું છે."

ખુદાના કામની વાત સાંભળી ફકીરને ખૂબ આનંદ થયો. અને તરત જ તે ખુદાના કામ માટે પ્રધાન સાથે ચાલી નીકળ્યો. પ્રધાને શહેરની વચ્ચે આવેલો એક ચોતરો બતાવી કહ્યું, "બાબા, રોજ સવારે નમાજ પતાવી આ ચોતરા પર બેસવાનું અને ગરીબોને અનાજ, કપડાં, રોટી વહેંચવાના સેવાનું કામ છે, બોલો કરશો ને?" ફકીરે ખુશી થઈ કહ્યું, "અરે! આ તો બહુ સરસ ખેરાતનું કામ છે. ખુદાએ તો મને બહુ સરસ કામ અપાવ્યું છે હે ખુદા! હું તારો આભાર માનું છું."

બીજે દિવસથી રોજ સવારે ફકીર ચોતરા પર બેસી ગરીબોને દાન આપવાનું કામ કરવા લાગ્યો. રાજાએ તેને ખજાનાની ચાવી સોંપી દીધી અને ફકીર પ્રામાણિકપણે તેનો વહીવટ કરવા લાગ્યો. પરંતુ કેટલાંક લોકોને ફકીરની અદેખાઈ આવી અને તેમણે રાજાને ચાડી કરી કે આ ફકીર ખજાનામાંથી ચોરી કરી રાત્રે ક્યાંક જતો રહે છે અને સવારે પાછો આવી જાય છે.

એક રાત્રે રાજાએ જોયું તો ફકીર હાથમાં ફાનસ લઈ ધીમે ધીમે જતો હતો. રાજા પણ તેની પાછળ પાછળ ગયો. રાજાએ જોયું તો ફકીર પોતાની ઝૂંપડીમાં જઈ, પોતાનાં જૂનાં કપડાં પહેરી નમાજ પઢવાની તૈયારી કરવા લાગ્યો. રાજાએ તરત જ ફકીરને

પૂછ્યું, “અરે! બાબા, આ શું કરો છો?” ફકીરે કહ્યું, “રાજાજી, આ કપડાં પહેરી હું ખુદાનો આભાર માનું છું, કે હે ખુદા! એક ભટકતા ભિખારીને તમે હજારો ગરીબોને દાન આપનાર બનાવ્યો? અને ખજાનાની ચાવી સોંપી? આ રીતે હું ખુદાનો આભાર માનું છું.” આટલું કહી ફકીરની આંખમાં આંસું આવી ગયાં. રાજા પણ ફકીરની વાત સાંભળી ખૂબ પ્રભાવિત બની ગયો. પછી નમાજ પતાવી રાજા અને ફકીર સાથે રાજ્ય તરફ પાછા ફર્યા અને રાજાના મનમાંથી ફકીર ચોરી કરે છે તે શંકા પણ દૂર થઈ ગઈ.

બાળકો, ફકીરની માફક આપણે ક્યારેય એકલા હોતાં નથી. આપણી સાથે અદૃશ્ય રીતે આપણો પ્રભુ હમેશાં હાજર રહે છે. વાંચો ગીતશાસ્ત્ર ૪ અને ૮, માથ્થી ૨૮ અને ૨૦, અને આવાં બીજાં ખાત્રીદાયક વચનો શોધજો.

ફકીર બીજાને મદદ કરતો હતો. નીતિવચન ૩ અને ૨૭માં શું કહે છે?

ફકીર ખુદાનું કામ કરતો હતો, પ્રભુએ આપણને શું કામ સોંપ્યું છે? બાળક શમૂએલ શું કામ કરતો હતો?

વર્ષો પહેલાં આપણે ખૂબ જ સામાન્ય સ્થિતિમાં હતાં.ઘણી તકલીફો વેઠતાં હતાં. આજે આપણી સ્થિતિ ખૂબ જ સારી છે. આપણી પાસે સુખ સગવડ છે, મકાન છે, સારી આવક છે. આ બધું આપણને ઈશ્વર તરફથી મળે છે. શું તેને માટે આપણે પ્રભુનો આભાર માનીએ છીએ? ગીતશાસ્ત્ર ૧૦૦ અને ૪ ગીતશાસ્ત્ર ૧૧૮ અને ૧, આવા આભારસ્તુતિના વચનો વાંચજો.

ઈસુ હશે. તે પણ અંદર જવા લાગ્યો. પરંતુ ચોકીદારે તેને અટકાવ્યો. પીટર પોતાના ગધેડા સાથે એક બાજુ ઊભો રહ્યો.

થોડી વારમાં ત્રણે માગીઓ બહાર આવ્યાં. પીટરે પૂછ્યું "રાજા ઈસુના દર્શન કરી આવ્યાં?" પીટરને જોઈ માગીઓને ખૂબ નવાઈ લાગી. તેમણે કહ્યું, "ના પીટર, બાળ ઈસુ અહીં નથી. પરંતુ જો પેલો તારો હજી આગળ જાય છે. આપણે તેની પાછળ જઈશું."

પીટર પણ પોતાના ગધેડાં ઉપર બેસી માગીઓની પાછળ પાછળ જવા લાગ્યો. છેવટે તારો એક ઢોર બાંધવાની ગભાણ ઉપર થંભ્યો.

માગીઓ એક પછી એક અંદર જવા લાગ્યાં. પીટર પણ તેમની પાછળ ગયો. અંદરનું દૃશ્ય જોઈ પીટર તો આનંદ અને આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયો. માતા મેરીના ખોળામાં બાળ રાજા ઈસુ હતાં, પાસે પિતા યૂસફ ઊભા હતાં, અને આ ભરવાડો! અરે! આ લોકો તો અમારી પહેલાં આવી ગયાં છે! તેમણે આપેલાં નાના ઘેટાંના બચ્ચાં ઈસુની આગળ શાંત ઊભા હતાં. ભરવાડો ઘૂંટણે પડીને નમેલાં હતાં, આનંદ અને શાંતિનું મધુર સંગીત સંભળાતું હતું. વાતાવરણ ખૂબ જ શાંત, પ્રકાશમય, અને સુવાસિત હતું. ત્રણે માગીઓએ ઈસુની પાસે આવી ભેટ ધરી. પહેલાં માગીએ સોનું, બીજાએ બોળ અને ત્રીજાએ લોબાન અર્પણ કર્યાં. અને પગે પડી ઈસુનું ભજન કર્યું. એકાએક પીટરને વિચાર આવ્યો મારી પાસે તો કશું નથી. હું ઈસુને શું આપું? તે ખૂબ જ મૂંઝાવા લાગ્યો. છેવટે તે છેક ઈસુની નજીક ગયો. તેણે પોતાના બે હાથ જોડ્યાં, તે ઘૂંટણે પડ્યો, અને બોલ્યો "બાળ ઈસુ, હું તમારા માટે કંઈ નથી લાવ્યો. એટલે હું પોતે મારી જાતને મારા જીવનને તમને અર્પણ કરું છું." પીટરે સ્વપ્નમાં જોયું તો બાળ ઈસુ તેની સામે જોઈ હસી

"તમને રાજા ઈસુના જન્મની વાત કોણે કહી? પીટરે ભરવાડોને પૂછ્યું, "દૂતોએ!" એટલું બોલી ભરવાડો ઝડપથી જતાં રહ્યાં.

પીટરને સ્વપ્નમાં હસવું આવ્યું. બાળ રાજા તો મહેલમાં હશે અને આ ભરવાડોને કોણ મહેલમાં જવા દેવાનું હતું? હમણાં પાછાં આવશે. ઊંઘમાં પીટરે પડખું ફેરવ્યું. સ્વપ્નમાં તેણે આગળ જોયું કે દૂરથી ત્રણ ઊંટ પર ત્રણ માણસો આવી રહ્યાં છે. તેમણે સુંદર લાંબા ઝભ્ભા પહેર્યાં છે, માથે મુગટ છે અને દરેકના હાથમાં એક નાની પેટી જેવું છે.

પીટરે તેમની પાસે જઈ પૂછ્યું, "ઊંટવાળાભાઈ તમે કોણ છો? અને ક્યાં જાવ છો?"

"અમે માગીઓ છીએ અને બાળ રાજા ઈસુના દર્શન કરવા જઈએ છીએ."

"તમને ઈસુના જન્મની વાત કોણે કહી?" પીટરે પૂછ્યું, "માગીઓએ." આકાશમાં એક પ્રકાશિત તારો બતાવી કહ્યું, "જો બાળક આ પ્રકાશિત તારો અમને બાળ રાજા ઈસુ પાસે લઈ જશે."

"હું આવું! મારું નામ પીટર છે. મારે પણ ઈસુને જોવા છે." પીટરે ખૂબ જ નમ્રતાથી પૂછ્યું, ના, પીટર રાત્રીનો સમય છે અને ઠંડી પુષ્કળ છે, તું ઘરે જઈને  સૂઈ જા." પરંતુ પીટરને થયું, આ રાજા જેવા લાગતા માણસોને જરૂર મહેલમાં જવા દેશે. તેથી તે સ્વપ્નમાં પોતાના ગરમ કપડાં પહેરી તૈયાર થયો અને પોતાના ગજ્જુ ગધેડાને ઊઠાડ્યો અને તેની પર બેસી તે માગીઓની પાછળ પાછળ જવા લાગ્યો. ગધેડો પણ પોતાના દોસ્તને લઈ ઝડપથી ચાલવા લાગ્યો. સ્વપ્નમાં પીટરે જોયું કે પેલાં ત્રણ માગીઓ એક મહેલની અંદર ગયા. પીટરને લાગ્યું જરૂર આ મહેલમાં રાજા

## ૧૦ પીટરનું સ્વપ્ન

એક નાનો છોકરો હતો. તેનું નામ પીટર હતું. તેના માતાનું નામ રૂથ હતું. તેનાં મા કપડાં સીવવાનું કામ કરી પોતાનું ગુજરાન ચલાવતાં હતાં. તેઓની પાસે એક ગધેડો હતો. પીટર તેને ગજ્જુ કહીને બોલાવતો. આ ગધેડો તેનાં ખાસ મિત્ર જેવો હતો.

નાતાલનો તહેવાર નજીક આવતો હોવાથી પીટરનાં માને ઘણાં કપડાં સીવવાનાં હતાં. તે રાત દિવસ ખૂબ જ મહેનત કરતાં હતાં. પીટર માને પૂછતો, "મા, મારાં કપડાં ક્યારે થશે?" માએ કહ્યું "જો દીકરા, હમણાં મારે ઘણાં કપડાં સીવવાનાં હોવાથી તારા કપડાં હું પછી સીવીશ. પરંતુ નાતાલના દિવસે સવારે તને તારા કપડાં મળી જશે." પીટર માની મુશ્કેલી સમજતો હતો તેથી કંઈ બોલતો નહિ. એમ કરતાં ૨૪મી તારીખની રાત્રી આવી પહોંચી. માએ પીટરને કહ્યું, "આજે રાત્રે મારે તારાં કપડાં સીવવાના છે. તેથી તું સૂઈ જા સવારે તારાં કપડાં તૈયાર થઈ જશે." માની આજ્ઞા માની પીટર પોતાનાં બિછાનામાં સૂઈ ગયો. દરરોજ કરતાં તે રાત્રે પુષ્કળ ઠંડી હતી.

ઊંઘમાં તેને એક સ્વપ્ન આવ્યું કે, કેટલાંક માણસો હાથમાં મોટી લાકડી લઈ ગરમ ધાબળા ઓઢી ઝડપથી જઈ રહ્યાં હતાં. તે દરેકની પાસે ઘેટાનું એક એક બચ્ચું હતું. પીટરે તેઓને પૂછ્યું, "તમે કોણ છો? અને ક્યાં જઈ રહ્યાં છો?" પેલાં માણસોએ જવાબ આપ્યો "અમે ભરવાડો છીએ અને બાળ રાજા ઈસુના દર્શન કરવા જઈએ છીએ."

ચઢે તો? માટે આંગણે આવેલ કોઈપણ મનુષ્યની આપણે પરોણાગત કરવી અને તેમને મદદ કરવી. જેથી પ્રભુનો આશીર્વાદ સદા આપણાં કુટુંબ ઉપર રહેશે.''

બાળકો, આજથી બે હજાર વર્ષ ઉપર બેથલેહેમની ગભાણમાં રાજાઓના રાજા અને પ્રભુઓના પ્રભુનો જન્મ થયો હતો ત્યારે પણ જગતે તેમને ઓળખ્યા નહિ અને વધસ્તંભે જડાવીને મારી નાખ્યાં.

હિબ્રૂઓને પત્ર ૧૩મો અધ્યાય અને ૨જી કલમમાં લખ્યું છે કે, ''પરોણાગત કરવાનું ભૂલો નહિ. કેમ કે તેથી કેટલાએકે અજાણતાં દૂતોને પરોણા રાખ્યાં છે. આ કલમની સમજ માટે વાંચો. (ઉત્પત્તિ ૧૮ : ૧ થી ૧૦ કલમ).

''આવી ચઢે જો પ્રભુ તું કદીક, તો આવજે તું થઈને મનુષ્ય,
મનુષ્યથી ના શ્રેષ્ઠ કંઈ જ, કેમ કે તારી પ્રતિમા છે મનુષ્ય.''

## ૧૨ ઇનામ

એક રાજા હતો. તેણે એક વાર નગરમાં દાંડી પીટાવી કે, "રાજા એક ભલા માણસને ઇનામ આપવા માંગે છે. આજથી આઠમે દિવસે રાજા ખુદ તે માણસને ઘેર જઈ તેને ઇનામ આપશે."

રાજાની આવી જાહેરાતથી નગરના તમામ પૈસાપાત્ર માણસો ભલાઈના કામ કરવા લાગ્યાં. કોઈકે મંદિરમાં પૈસા આપવા માંડ્યાં, તો વળી કોઈકે સ્કૂલમાં દાન કર્યું, તો કોઈકે ધર્મશાળામાં દાન આપ્યું, કોઈકે બાગબગીચામાં કામ કરાવ્યું, કોઈકે હોસ્પિટલમાં પૈસા આપ્યાં. કોઈકે રસ્તા સમા કરાવ્યાં અને કોઈકે પાણીની પરબો મંડાવી. આમ ઘણાં શ્રીમંત લોકોએ પોતાના ભરપૂરીપણામાંથી થોડાઘણાં ખર્ચી ઇનામને માટે ભલાઈના કામ કરવા લાગ્યા.

એવામાં એક દિવસ ખૂબ જ ઠંડી પડી, અને વરસાદ સાથે કરા પડવા લાગ્યાં. રાત્રીનો સમય હતો, ઠંડી અને વરસાદથી બચવા લોકો પોતાના ઘરોમાં ભરાઈ ગયાં હતાં. તે સમયે રાજા પોતાનો લાંબો કોટ પહેરી વેશપલટો કરી નગરમાં નીકળ્યો. વરસાદથી બચવા તેણે એક આલીશાન મકાનનો દરવાજો ખટખટાવ્યો. એક માણસે દરવાજો ઉઘાડ્યો અને વરસાદથી તદ્દન ભીંજાએલા માણસને જોઈને તરત જ દરવાજો બંધ કરી દીધો. રાજા આગળ ચાલ્યો. અને બીજા એક મકાનનો દરવાજો ખટખટાવ્યો. એક જુવાને દરવાજો ખોલ્યો તરત જ રાજાએ કહ્યું, "ભાઈ ઠંડી છે અને વરસાદનું તોફાન છે, મને આજની રાત આશ્રય આપશો? સવારે હું ચાલ્યો જઈશ."

"અહીં જગ્યા નથી. આગળ જાવ" એમ કહી જુવાને ધડ દઈ દરવાજો બંધ કરી દીધો.

રાજા હજી આગળ ચાલ્યો અને બીજા એક સુંદર દેખાતા મકાનનો દરવાજો ઠોક્યો. એક સ્ત્રી બહાર આવી રાજાએ પોતાને આશ્રય આપવા વિનંતી કરી.

"અમે અજાણ્યાને આશ્રય આપતા નથી." એમ કહી સ્ત્રીએ દરવાજો બંધ કરી દીધો. આમ રાજાને ક્યાંય આશ્રય મળ્યો નહિ.

છેવટે રાજા નગરની બહાર વસ્તી વગરના સ્થળે આવી પહોંચ્યા. તેણે જોયું તો દૂર એક ટેકરી પર એક ઝૂંપડીમાંથી દીવાનો ઝાંખો પ્રકાશ આવતો હતો. રાજા ટેકરી ચઢી ઝૂંપડી પાસે પહોંચ્યો, બહારથી બૂમ પાડી "ભાઈ કોઈ છે?" કારણ કે ઝૂંપડીને દરવાજા તો હોય નહિ તે ખટખટાવાય? રાજાની બૂમ સાંભળી તરત જ એક ગરીબ કંગાળ માણસ ઠંડીથી ધ્રૂજતો બહાર આવ્યો. તેનું નામ માધુ હતું, "અરે! ભાઈ આવી ઠંડીમાં? રાત્રે વરસાદમાં? અંદર આવો, અંદર આવો."

માધુએ રાજાને અંદર બોલાવ્યો. રાજા પોતાનો પલાળેલો કોટ બહાર મૂકી ઝૂંપડીમાં પેઠો. એક ખૂણામાં એક સ્ત્રી બેઠી હતી. તેના પગ પાસે ઉઘાડા શરીરે બે બાળકો સૂતાં હતાં. બાઈ અશક્ત અને બીમાર હતી. તે એક કપડાંના ટુકડાથી બંને બાળકોને ઢાંકવાનો પ્રયત્ન કરતી હતી. રાજાએ જોયું તો ઝૂંપડીમાં પૂરતાં વસ્ત્ર વગરના ચાર જણ સિવાય બીજી કોઈ વસ્તુ જણાતી ન હતી. ગરીબીએ જાણે તેમના પર અસહ્ય જુલમ કર્યો હોય તેવું લાગતું હતું. માધુએ પોતાના શરીરે ઓઢેલું કપડું પાથરી રાજાને બેસવા કહ્યું, રાજા બેઠો. "પાણી પીશો?" માધુને કંઈ ન સમજાતા પૂછ્યું. "ના" રાજાએ ટૂંકો જવાબ આપ્યો. બહાર

વરસાદનું જોર નરમ પડતું લાગ્યું. માધુ અને તેની સ્ત્રી ઠંડીથી ધ્રૂજતા શાંત બેઠાં હતાં, ગરીબ માણસ પાસે બોલવાનુંય શું હોય?

છેવટે રાજાએ કહ્યું, "વરસાદ બંધ થયો લાગે છે. હું હવે જઈશ." માધુએ કહ્યું, "ભાઈ આવી ઠંડીમાં રાત્રે ક્યાં જશો? આજની રાત રહી જાવ. સવારે ચાલ્યા જજો. અમે તો ખૂબ જ ગરીબ માણસો છીએ. તમારા માટે ખાવાપીવાની વ્યવસ્થા પણ ન કરી શક્યાં અમને માફ કરી દો."

વરસાદ બંધ થયો હોવાથી રાજા ઝૂંપડીમાંથી બહાર નીકળ્યો. અને પોતાનાં કોટ પહેરી સીધો રાજમહેલમાં આવી ગયો. આજે તેને પોતાની પ્રજાની ગરીબી તથા ગરીબીમાં રહેલી માનવતાના દર્શન થયાં હતાં. જ્યાં મકાનો વિશાળ છે, ત્યાં માણસોના મન સાંકડા છે. અને જ્યાં ઝૂંપડીય નાની છે, ત્યાં માણસોના મન વિશાળ છે, એ સત્ય રાજાને સમજાઈ ગયું.

એમ કરતાં ઇનામ આપવાનો દિવસ આવ્યો. સવારે રાજાની સવારી નીકળી. રાજા પોતાના રથમાં રાજકીય પોશાક પહેરી બેઠો છે. આગળ પાછળ તેના સેવકો ચાલી રહ્યાં છે. નગરજનો પોતાના મકાનોને સુંદર રીતે શણગારી સુંદર વસ્ત્ર પહેરી દરવાજામાં ઊભા છે. દરેકને એમ છે કે તેમને ઇનામ મળશે. છેવટે રાજાની સવારી આવી પહોંચી અને જેમ જેમ આગળ વધવા લાગી તેમ તેમ લોકો નિરાશ થવા લાગ્યા. કેમ કે ઇનામ તો એક જ જણને મળવાનું હતું. છેવટે રાજાની સવારી વસ્તી વગરના સ્થળે આવી ગઈ. લોકોને ખૂબ નવાઈ લાગી કે રાજા અહીં કોને ઇનામ આપશે? પરંતુ રાજાએ ટેકરી પાસે પોતાની સવારી થંભાવી રથમાંથી નીચે ઉતર્યો. અને ટેકરી ચઢવા લાગ્યો. સાથે પ્રધાન પણ ગયો.

રાજાની સવારી જોવા માધુ, તેની સ્ત્રી તથા બાળકો પોતાની ઝૂંપડી બહાર ઊભા હતાં. રાજાએ માધુને પૂછ્યું, "રાત્રે વરસાદમાં તમારા ત્યાં જે માણસ આવ્યો હતો તે ક્યાં છે?"

માધુ તો ખૂબ જ ગભરાઈ ગયો, શું બોલવું તે પણ તેને ન સૂઝ્યું. છેવટે તેણે હાથ જોડી ગભરાતા બધી વાત રાજાને કરી. રાજાએ માધુના ખભા પર હાથ મૂકી અને તેને નાણાંની થેલી ઇનામમાં આપી. માધુને દરબારમાં હાજર થવાનું ફરમાન કરી રાજા અને પ્રધાન ટેકરી ઊતરી ગયા.

બીજે દિવસે માધુ દરબારમાં આવ્યો. રાજાએ પોતાની પ્રજાને કહ્યું, "ઇનામની આશાએ તમે બધાએ પોતાની સંપત્તિમાંથી થોડાં પૈસા ખર્ચી ભલાઈનાં કામ કરાવ્યાં. પરંતુ વરસતા વરસાદમાં રાત્રીનાં સમયે તમે એક અજાણ્યા નિરાધાર માણસને આશ્રય ના આપ્યો. જ્યારે આ ગરીબ માધુને તો ઇનામની ખબર પણ નથી. છતાં તેણે પોતાની પાસે જે કંઈ હતું તે આપી અને એક નિરાધારને આશ્રય આપ્યો છે. માટે તમારા બધા કરતાં તેનાં ત્યાગની કિંમત વધારે છે."

બધાંને જ્યારે ખબર પડી કે વરસાદમાં આશ્રય માગવા આવેલો માણસ તે ખુદ રાજા પોતે હતા. ત્યારે માધુને તો આનંદ થયો. પરંતુ બીજા બધાં નિરાશ થઈ ગયાં કેમ કે તેમને ઇનામ મળ્યું નહિ.

બાળકો, પ્રભુએ આપણે માટે અવિનાશી મુગટનું ઇનામ રાખી મૂક્યું છે. ખ્રિસ્તી જીવનની દોડ આપણે એવી રીતે દોડીએ કે તે ઇનામ આપણને મળે.

અને નવા કરારમાંથી વિધવાબાઈના દાનની વાત વાંચી જજો અને આ વાર્તામાંથી કઈ બાબત તેને મળતી આવે છે? તે શોધી કાઢજો.

# (૧૩) ઘઉંનું ગાડું

એક હતો ખેડૂત. તેની પત્નીનું નામ ચંપા હતું. અને નાના દીકરાનું નામ બાબુ હતું. પતિ પત્ની ખૂબ મહેનતુ અને કરકસરથી જીવનારાં હતાં. તેમની પાસે ઘણી બધી જમીન હતી. તેઓ વરસાદનાં દિવસોમાં ઘણું અનાજ પકવતાં અને માટીની મોટી મોટી કોઠીમાં ભરી રાખતાં. જેથી દુકાળના વર્ષોમાં કામ આવે.

આ રીતે એક વર્ષે વરસાદ બિલકુલ પડ્યો નહિ. અને દુકાળની પરિસ્થિતિ ઊભી થઈ. એવામાં એક દિવસ ખેડૂત ખેતરેથી આવી બહાર ખાટલામાં બેઠો ત્યાં ઘરમાંથી તેની પત્ની ચંપાએ કહ્યું. "એ સાંભળો છો આ દુકાળ પડ્યો છે અને મારા ભાઈને ત્યાં બધાં બહુ તંગીમાં છે."

એ સાંભળી ખેડૂત બોલ્યો, "તે ઇમાં આપણે શું કરીએ? આપણે કંઈ પરભુ છીએ તે મેહ આણીએ?"

"અરે! મેહ આણવાનું તમને કોણ કહે છે? પણ આપણાં ઘરમાં આટલાં બધાં ઘઉં પડ્યા છે તે કાલ એક ગાડું ભરીને ઘઉં મારા ભાઈને ત્યાં દઈ આવો."

ચંપાએ હુકમ છોડ્યો. અને ખેડૂત વિચારમાં પડી ગયો. ત્યાં તેને એક યુક્તિ સૂઝી. તે બોલ્યો "ઠીક છે તું સવારે ગાડું તૈયાર કર અને હું વહેલી સવારે નીકળી જઈશ. સાથે આપણો બાબુય આવશે." બાબુ પાસે જ ઊભો હતો તે રાજી થઈ બોલ્યો, "હે... કાલે મામાને ત્યાં જવાનું."

બીજે દિવસે ચંપાએ ઘઉંનું ગાડું તૈયાર કર્યું. અને તેમાં પોતે પતિથી છાનાં સાચવી રાખેલા પૈસા એક થેલીમાં મૂકી અને થેલી ઘઉંમાં સંતાડી મૂકી દીધી. તેના મનમાં ઘઉં ભેળા પૈસા ભાઈને પહોંચશે

તો દુકાળમાં ભાઈને ખપ લાગશે. અને વહેલી સવારે ખેડૂત બાબુને લઈને ગાડામાં બેઠો અને ગાડું ચાલવા લાગ્યું. આગળ જતાં બે માર્ગ આવ્યાં એક માર્ગ ચંપાના ભાઈના ગામનો અને બીજો ખેડૂતની સગી બહેનના ગામનો ખેડૂતે ધીમે રહીને ગાડું પોતાની બહેનના ગામ તરફ વાળ્યું કે તરત જ ગાડામાં બેઠેલો બાબુ બોલી ઊઠ્યો, "બાપુ... આ મારગ તો ફઈને ત્યાંનો. મામાનો મારગ તો પેલો..." ખેડૂત બોલ્યો, "તું બેસ હવે છાનો માનો, તને ખબર પડે કે મને?" બાબુ ચૂપ થઈ ગયો. અને ગાડું પહોંચ્યું બહેનને ત્યાં, ભાઈને આવેલો જોઈ બહેન તો રાજી રાજી થઈ ગઈ.

ભાઈને ખાટલે બેસાડી એક બીજાના ખબરઅંતર પૂછ્યાં. પછી ખેડૂતે કહ્યું, "બહેન આ દુકાળ વર્તાય છે. તેથી તારે હારુ આ ઘઉં નાખતો આવ્યો છું. તે પહેલાં ભરી લે."

"હા ભાઈ, અમેય બહું તંગીમાં છીએ. પરંતુ ઉપરવાળો કંઈક મદદ જરૂર મોકલી આપે છે." એમ બોલતા તે ઘઉં ભરવા લાગી ત્યાં ઘઉંમાંથી પૈસાની કોથળી નીકળી. ભાઈ મારે સારુ લાવ્યાં છે. પરંતુ ચોર લૂંટારાની બીકે ઘઉંમાં સંતાડીને મૂકી લાગે છે.

તે ભાઈ પાસે આવી અને બોલી "ભાઈ, આ પૈસાની શી જરૂર હતી? ઘઉં લાવ્યા તે ઘણું થયું." ખેડૂત સમજી ગયો. પરંતુ બહેન પાસેથી પૈસા પાછા લેવાય નહિ. તેથી તે બોલ્યો, "કાંઈ નહિ. ઈ તો આ ભાણીયા માટે કાંઈ લવાયું નહિ તે આ પૈસામાંથી તેમને કાંઈ લાવી દે જે." બહેન તો રાજી રાજી થઈ ગઈ એક તો ભાઈ આવ્યો હારે ઘઉં લાવ્યો અને ઉપરથી પૈસાય દીધાં.

બહેને ભાઈને રાત રોકી લીધો. ખેડૂતે બહેન બનેવી તથા ભાણીયાઓ સાથે મોડી રાત સુધી વાતો કરી. અને વહેલી સવારે પોતાને ગામ આવવા નીકળ્યો. ઘરે આવ્યો એટલે ચંપાએ પૂછ્યું,

"કાં ઘઉં દઈ આવ્યાં? ત્યાં બધાં સાજા ભલા તો છે ને?" એ હા બધાં સાજાભલા છે. મારે ખેતરે જવાનું મોડું થાય છે તે હું જાઉં એમ કહી ખેડૂત ખેતરે ચાલ્યો ગયો. કામથી પરવારી ચંપાએ બાબુને બોલાવ્યો અને પૂછ્યું, "ભાઈ, મામા મામી બધાં સારાં છે ને? મામા શું કહેતા હતા?" ત્યાં બાબુ બોલ્યો, "મા, ત્યાં મામા મામી કોઈ નહોતું ત્યાં તો ફઈ, હતી ફૂવા હતા અને બીજા બધાં હતાં."

ચંપા સમજી ગઈ કે ઘઉંનું ગાડું અને પૈસા તેમની બહેનને ત્યાં નાખી આવ્યાં છે. તેણે પતિનો બરાબર ફજેતો કરવાનું વિચાર્યું. પતિને ઘેર આવવાનો સમય થયો એટલે ચંપાએ બહાર બેસી જોરજોરથી રડવા માંડ્યું. આજુબાજુથી લોકો ભેગાં થયાં એટલે તેણે કહ્યું, "એમના બહેનના ગામથી ખબર આવ્યાં છે કે દુકાળમાં ત્યાં બધાં મરી પરવાર્યાં છે અને અમને તો જાણેય કરી નથી." એમ બોલતી જાય અને રડતી જાય. એટલામાં ખેડૂત ખેતરેથી આવ્યો અને તે મનમાં બધું સમજી ગયો તેણે પણ પત્ની પાસે બેસી રડતાં અવાજે કહ્યું, "લે હવે છાની રહે, એ તો થવાનું હતું તે થઈ ગયું." અને પછી ધીમે રહીને ચંપાના કાનમાં કહ્યું, "કાલ સવારે બીજું ઘઉંનું ગાડું તૈયાર કરજે." એ સાંભળી ચંપા રડતી બંધ થઈ અને ઘરમાં ગઈ.

બીજે દિવસે ખેડૂતે ઘઉંનું ગાડું હાંકતાં પહેલાં ચંપાને પૂછ્યું, "નાણાંની થેલી ઘઉંમાં મૂકી કે નહિ?" તરત જ ચંપાએ જવાબ આપ્યો, "અને તમેય મારા ભાઈના ઘરનો મારગ યાદ રાખજો. ભૂલા ના પડતાં." બંને પતિપત્ની હસી પડ્યા અને ગાડું ચાલવા લાગ્યું.

બાળકો જોયું ને, એકબીજાને છેતરવાનું પરિણામ? બંનેની ચોરી પકડાઈ ગઈ અને એક બીજાની આગળ જૂઠા પડ્યાં. યાદ રાખીએ કે નિશ્ચે આપણું પાપ આપણને પકડી પાડશે.

## ૧૪ કૂબડો

એક ગામમાં એક શેઠને ત્યાં ચાર સંતાન હતાં. સૌથી મોટો વિનુ તે સુંદર, મજબૂત અને ચાલાક હતો. પછીની બે દીકરીઓ તેમની મા જેવી સુંદર અને નમણી હતી. પરંતુ ચોથો દીકરો કિશોર તે કૂબડો, કાળો અને કઢંગો હતો. તે જરા તોતડું બોલતો, તેની પીઠ ઉપર ખૂંધ હતી. તે કિશોરને લીધે આખા પરિવારમાં ચિંતા છવાયેલી રહેતી.

શેઠને કોઈ મળવા આવે ત્યારે બધાં ભાઈ બહેનોની ઓળખ અપાય, પરંતુ આ કૂબડા કિશોરને સંતાડવો પડતો. ક્યાંક બહાર જવાનું હોય તો કિશોરને લીધે તેની માને પણ ઘેર રહેવું પડતું. કોઈ પ્રસંગ હોય અને ખાસ મહેમાનો આવવાના હોય તો માની ચિંતા વધી જતી. પિતા તથા ભાઈ બહેનોને કિશોરની હાજરી ગમતી નહિ. પિતા હમેશાં મા ઉપર ચિડાયેલાં રહેતાં. પરંતુ મા બિચારી શું કરે? તે પતિનો ઠપકો સાંભળતી અને કિશોરને આઘોપાછો સંતાડતી રહેતી.

કિશોરને માટે તો મા જ સર્વસ્વ હતી. તે કિશોરને પોતાની પાસે પ્રેમથી રાખતી. નવરાશના સમયમાં થોડું લખતાં, વાંચતા, કે ચિત્ર દોરતાં શીખવતી. જોકે કિશોર શરીરથી કૂબડો હતો. પરંતુ તેને લખતાં વાંચતાં આવડી ગયું હતું. તેથી મા તેને વાર્તાની ચોપડીઓ લાવી આપતી.

જેમ જેમ કિશોર મોટો થવા લાગ્યો તેમ તેમ તેને પોતાની કુરૂપતાનું ભાન થવા લાગ્યું. આમ તો કિશોર ઘણો સમજદાર હતો. તે પોતાની માને ઠપકો મળે એવું ક્યારેય કરતો નહિ.

પિતાને અને ભાઈ બહેનોને પોતાને લીધે શરમાવવું પડે છે, તે સમજ્યા પછી કિશોર એકલો સંતાઈને રમતો કે ચોપડી વાંચતો કોઈની હાજરીમાં તે ત્યાં જતો નહિ. પોતાના સુંદર ભાઈ બહેનોને જોઈ તેનું મન આનંદથી ભરાઈ જતું. પરંતુ પોતાને આરસીની આગળ જઈ જોતો ત્યારે તે દુઃખી થઈ જતો.

એક વખત એવું બન્યું કે શાળામાં વાલી સંમેલન હોવાથી કિશોરની મા પ્રથમ વખત જ કિશોરને લઈને તેનાં ભાઈ બહેનોની સ્કૂલે ગઈ. પરંતુ સ્કૂલનાં કંપાઉન્ડમાં પગ મૂકતાં જ છોકરાંનું ટોળું આ વિચિત્ર લાગતાં કિશોરની આજુબાજુ ફરી વળ્યું. અને ખૂંધો, કૂબડો વગેરે શબ્દો બોલવા લાગ્યું તથા કિકિયારીઓ પાડીને હસવા લાગ્યું. આ જોઈ કિશોરની મા કિશોરને લઈને તરત જ ઘેર પાછી ફરી ગઈ. સ્કૂલ છૂટ્યા બાદ કિશોરના ભાઈ બહેનો ઘેર આવી ખૂબ રડ્યાં, અને ફરિયાદ કરી કે સ્કૂલમાં બધાં છોકરાં અમને કૂબડાનાં ભાઈબહેનો કહી ચિડવતાં હતાં. પિતાને આ વાતની જાણ થઈ એટલે તેમણે પણ પત્નીનો ઉધડો લીધો અને ગુસ્સામાં બોલવા લાગ્યાં કે "તું શું કરવા આ કૂબડાને લઈને સ્કૂલે ગઈ? પાડોશમાં ક્યાંક બેસાડીને જવું હતું ને? તારામાં પણ જરાય અક્કલ નથી. હવે આને લીધે આ છોકરાંને હમેશાં સાંભળવાનું રહેશે." આથી કિશોરને ઘણું દુઃખ લાગ્યું. અને માનું તો હૈયું વલોવાઈ ગયું પણ શું કરે?

પરંતુ આ બનાવ પછી કિશોરનાં મનમાં એક વિચાર આવ્યો કે મારે લીધે જ મારા પરિવારમાં શાંતિ નથી. જો હું જ ના હોઉં તો બધાં સુખ શાંતિથી રહી શકશે. એમ વિચારી તે વહેલી સવારે અંધારામાં પોતાના પ્રિય પરિવાર તરફ એક પ્રેમભરી દૃષ્ટિ નાખી ખૂબ જ દુઃખી મને ત્યાંથી ચાલી નીકળ્યો. તેણે પોતાની સાથે થોડાં

પુસ્તકો, કપડાં, અને પોતે સાચવી રાખેલાં થોડાં પૈસા લઈ લીધાં. થોડું ચાલ્યાં પછી અજવાળું થતાં તે એક બસમાં બેસી ગયો અને પોતાના ઘરથી ઘણે દૂર એક અજાણ્યા ગામમાં ઊતરી ગયો. ગામમાં ઊતર્યાં પછી તે ચાલવા લાગ્યો. અને એક નિર્જન જગ્યાએ આવી પહોંચ્યો, ત્યાં તેને કોઈ ભજન ગાતું હોય તેવું સંભળાયું તે અવાજની દિશામાં આગળ વધ્યો. તો જંગલ જેવા સ્થળે કેટલાંક ઝૂંપડાઓ હતાં. અને ત્યાંના લોકો ગીતો ગાઈ રહ્યાં હતાં. કિશોર ત્યાં જઈને ઊભો રહ્યો.

હવે આ નિર્જન જગ્યામાં વસતા લોકો તો રક્તપિત્તિયા હતાં. તેમણે કિશોરને બોલાવ્યો અને તેની સાથે વાત કરી. કિશોરે રડતાં રડતાં પોતાની તોતડી જબાનથી પોતાની વાત કહી સંભળાવી, અને પોતે ઘેર પાછો જવા માગતો નથી તે પણ જણાવ્યું,પોતાના બે હાથ જોડી તેણે પોતાને ત્યાં રહેવા દેવાની વિનંતી કરી. કોઢિયા ભાઈ બહેનોએ ખૂબ પ્રેમથી તેને પોતાની પાસે બેસાડ્યો તેને ખાવા પીવાની વ્યવસ્થા કરી અને પોતાની સાથે રાખી લીધો. તેની ઉંમરના છોકરાં તેને રમવા લઈ ગયાં, આમ ઘણાં બધાંનો પ્રેમ મળવાથી કિશોર આનંદમાં આવી ગયો.

અવાર નવાર ખ્રિસ્તી મિશનરીઓ ત્યાં આવતાં પ્રાર્થના કરાવતાં, ગીતો ગવડાવતાં ઈસુની વાત કરતાં, અને રક્તપિત્તિયાની દવા કરતાં, તેમની જરૂરિયાતો પૂરી પાડતાં. આમ તો કિશોર તંદુરસ્ત હતો તેથી તે મિશનરીઓને પણ કામમાં મદદ કરતો અને દરેક રક્તપિત્તિયા ભાઈ બહેનોનું કામ પણ આનંદથી કરતો. કિશોરના જવાથી કિશોરના પિતા તથા ભાઈ બહેનોને તો કંઈ દુઃખ ના લાગ્યું. પરંતુ તેની માને ઘણું દુઃખ લાગ્યું પણ શું કરે?

કિશોરે પોતાનું ઘર અલગ બનાવ્યું. બધાંની સાથે પંખા સાવરણી બનાવવાનું કામ કરવા લાગ્યો. તેથી તેને પૈસા પણ મળવા લાગ્યા, જ્યારે ખ્રિસ્તી મિશનરીઓ આવતાં ત્યારે કિશોરને મદદમાં લેતાં. એમ બધાંની સાથે છૂટથી બોલવાથી, ગાવાથી, તથા વાંચવાથી તેની જીભ પણ છૂટી થઈ તેનું તોતડાપણું ઓછું થયું. તે બધાંને બાઇબલ વાંચી સંભળાવતો, કૂવામાંથી પાણી ભરવામાં મદદ કરતો. આ રીતે કિશોરના ખૂબ જ સારા સ્વભાવને લીધે તે રક્તપિત્તિયા ભાઈ બહેનોમાં ખૂબ જ પ્રિય થઈ પડ્યો. હવે તો કિશોર પોતાનું ઘર પણ ભૂલી ગયો કારણ કે આ નવા સ્થળમાં તેને માતા, પિતા, ભાઈ, બહેન, મિત્રો બધાંનો પ્રેમ અને સંભાળ મળતાં હતાં. અને કિશોરે પણ પોતાનું જીવન પોતાને પ્રેમથી રાખનાર રક્તપિત્તિયા ભાઈ બહેનોની સેવામાં ગાળવાનું નક્કી કર્યું.

જોયું બાળકો, મનુષ્ય બહારના દેખાવ તરફ જુએ છે પરંતુ ઈશ્વર હૃદય તરફ જુએ છે. ઈશ્વરે કિશોરને કેટલી મહાન સેવા સોંપી આપણે ગમે તેવા હોઈએ પરંતુ ઈશ્વરની નજરમાં દરેકના જીવનો કિંમતી છે. નવા કરારમાં કૂબડી સ્ત્રી, અને રક્તપિત્તિયાનું સાજા કરાવું તે ચમત્કાર વાંચી જજો.

# (૧૫) સુલેહ

એક ખૂબ મોટું જંગલ હતું. જંગલમાં ઇમારતી લાકડાંના વૃક્ષો, ફળઝાડ, દવાનાં કામમાં આવતી વનસ્પતિ, મધ, ગુંદર વગેરે અનેક ખજાનાથી ભરેલું આ સુંદર જંગલ હતું. તેમાં જંગલી પ્રાણીઓ પણ વસતાં અને વૃક્ષો પર સુંદર પંખીઓ કલરવ કરતાં. નદી, નાળા, અને ઝરણાંથી ભરપૂર એવું આ જંગલ હતું.

આ જંગલની બંને તરફના પ્રદેશમાં એક તરફ ગુમાનસિંહ રાજા. અને બીજી તરફ માનસિંહ રાજા રાજ્ય કરતાં હતાં. ગુમાનસિંહ ખૂબ અભિમાની હતો. પરંતુ માનસિંહ સ્વભાવે નમ્ર હતો. આ બંને રાજાઓ વચ્ચે લાંબા સમયથી આ જંગલને માટે ઝઘડો ચાલતો હતો. બંને પ્રદેશના રાજા આ જંગલ પર પોતાનો હક્ક જમાવતાં અને જંગલની સંપત્તિ માટે અવારનવાર જંગલમાં જ લડાઈઓ થતી. બંને રાજા પોતાને એકબીજાના શત્રુ સમજતાં.

રાજા માનસિંહને તો કોઈ સંતાન ન હતું. પરંતુ ગુમાનસિંહને એક ૧૦ વર્ષનો પુત્ર હતો. ખૂબ જ બહાદુર, તેજસ્વી અને સમજદાર હતો. બંને રાજ્યો વચ્ચે જ્યારે લડાઈ થતી ત્યારે તેને ખૂબ દુઃખ લાગતું. એક વખત રાજકુમાર પિતા ગુમાનસિંહ સાથે જંગલમાં ગયો. પિતાથી થોડે દૂર હતો ત્યાં તેની ઘોડી પર એક વાઘે તરાપ મારી. તરત જ રાજકુમારે વાઘનાં મોંમાં તીર માર્યું. આથી વાઘ ઘોડીને છોડીને રાજકુમાર પર ત્રાટક્યો. ત્યાં જ રાજા માનસિંહ આવી ચઢ્યો અને તલવારના ઉપરા ઉપરી ઘા કરીને વાઘને મારી નાખ્યો અને શત્રુના પુત્રને બચાવી લીધો. અને ચૂપચાપ ચાલવા માંડ્યું.

પરંતુ શત્રુ ઉપકાર કરી જાય એ વાત ગુમાનસિંહને જરાય ગમી નહિ. તેણે બદલો વાળી આપવાનું નક્કી કર્યું. અને થોડાં જ દિવસ પછી તેણે જંગલમાં જોયું તો રાજા માનસિંહ લૂંટારાઓની ટોળીથી ઘેરાયો છે અને તલવાર ઘુમાવતો લૂંટારૂઓનો સામનો કરી રહ્યો છે. દૂરથી ગુમાનસિંહે તીર મારવા માંડ્યાં એટલે લૂંટારૂઓ સમજ્યાં કે રાજાને મદદ માટે બીજા લોકો આવી રહ્યાં છે. તેથી તેઓ માનસિંહને મૂકીને નાસી ગયાં. લગભગ બેભાન જેવી હાલતમાં ગુમાનસિંહને પોતાને ત્યાં લાવ્યો અને બરાબર સારવાર કરી શત્રુના ઉપકારનો બદલો વાળી દીધો.

પરંતુ આ દિવસો દરમિયાન રાજકુમારને રાજા માનસિંહ સાથે ખૂબ ભાઈબંધી થઈ ગઈ. તે માનસિંહને કાકાજી કહેવા લાગ્યો. સારું થઈ ગયાં પછી માનસિંહ પોતાનાં ઘેર જવા નીકળ્યો ત્યારે રાજકુમાર ખૂબ દુ:ખી થઈ ગયો. તેણે કહ્યું, ''કાકાજી, મને ભૂલી જશો નહિ અને એક વાર મને તમારા રાજ્યમાં જરૂર બોલાવજો.''

''સારું બેટા,'' એમ કહી માનસિંહે ચાલવા માંડ્યું. ત્યાં ગુમાનસિંહ અભિમાનથી બોલ્યો માનસિંહ! દીકરાનો જાન બચાવવાનો તમારા ઉપકારનો બદલો મેં વાળી દીધો છે. પરંતુ જંગલનો ઝઘડો તો આપણી વચ્ચે કાયમ જ છે તે બરાબર સમજી લેજો. રાજા માનસિંહે તો હસીને ચાલવા માંડ્યું. પરંતુ પિતાજીની આ વાતથી રાજકુમારને ખૂબ જ દુ:ખ થયું.

રાજા માનસિંહ તો પોતાના રાજકાજમાં રાજકુમારને ભૂલી ગયાં હતાં. પરંતુ એક દિવસ એક નોકરે આવીને તેમને એક કાગળ આપ્યું. રાજાએ જોયું તો કાગળમાં એક ચિત્ર દોરેલું હતું. તેમાં જંગલ. એક નાના છોકરા ઉપર તરાપ મારતો વાઘ, અને

પાસે તલવાર લઈ વાઘ ઉપર ત્રાટકતાં એક માણસનું ચિત્ર હતું. રાજાને ચિત્ર જોઈ તરત જ રાજકુમાર યાદ આવી ગયો. તે સમજી ગયો કે ચિત્ર રાજકુમારે મોકલાવ્યું છે. તે તરત જ જંગલમાં ગયો અને રાજકુમારને પોતાના રાજ્યમાં લઈ આવ્યો. અને બંને જણાંએ લાંબા સમયથી ચાલતાં આ ઝઘડાનો અંત કઈ રીતે આવે તે વિચારવા માંડ્યું.

આ તરફ ગુમાનસિંહને ખબર પડી કે માનસિંહ રાજકુમારને ઉપાડી ગયો છે ત્યારે તેણે માનસિંહ સામે યુદ્ધ જાહેર કર્યું. અને લશ્કરો જંગલમાં સામસામા આવી ગયાં. એટલામાં રાજકુમાર પોતાની ઘોડી પર આવીને બંને લશ્કરની વચ્ચે ઊભો રહી ગયો. અને પોતાની તલવાર ખેંચીને બોલ્યો, "બેમાંથી જે લશ્કર પહેલું તીર કે તલવાર ચલાવશે તેની સામે હું એકલો લડીશ. પછી ભલે મારું મૃત્યુ થાય."

ઘડીભર બંને લશ્કરો શાંત થઈ ગયાં કારણ કે ગુમાનસિંહનો તો દીકરો હતો. પરંતુ માનસિંહને પણ રાજકુમાર બહુ વહાલો હતો.

છેવટે રાજકુમાર બોલ્યો, "પિતાજી-કાકાજી, આ સુંદર જંગલ તો ઈશ્વરની આપણને આપેલી અમૂલ્ય ભેટ છે. જંગલ તો ઈશ્વરનું છે. તે આપણા બાપદાદાની જાગીર નથી, ઈશ્વરે મનુષ્યને આપેલી આ સંપત્તિ પર દરેકનો સરખો અધિકાર છે. માટે બંને રાજ્યો જો સંપીને આ જંગલનો ઉપયોગ કરે તો આ લડાઈઓ અટકે અને બંને રાજ્યને થતું નુકસાન પણ અટકે. બધાં સુખ શાંતિમાં રહેશે અને ઈશ્વર પણ આ જંગલ મારફતે આપણને અનેક સંપત્તિ આપશે. બંને રાજ્યો સંપીને રહે તે કેવું સારું તથા શોભાયમાન છે!"

નાના રાજકુમારની વાત સાંભળી માનસિંહે તો રાજકુમારને ઊંચકી જ લીધો પછી તો ગુમાનસિંહ પણ આવ્યો. અને લશ્કરે

હથિયારો હેઠાં મૂક્યાં. બંને રાજાઓ વચ્ચે સુલેહ થઈ. બધાં જંગલની સંપત્તિનો સંપીને ઉપયોગ કરવા લાગ્યા. અને બંને રાજ્યો વચ્ચે મિત્રતા બંધાઈ. જૂના ઝઘડા ભૂલી બધાં સંપથી રહેવા લાગ્યા.

બાળકો, એક નાના રાજકુમારે કેટલું મહાન કામ કર્યું? પોતાની બહાદુરી અને સમજણથી તેણે લાંબા સમયથી ચાલતાં યુદ્ધનો અંત આણ્યો. અને બંને રાજ્યો વચ્ચે સુલેહ કરાવી. માથ્થી ૫:૧ થી ૧૨ કલમમાંથી કઈ કલમ આ વાર્તાને લાગુ પડે છે? તે શોધી કાઢજો. અને રોમનોને પત્ર ૧૨મો અધ્યાય અને ૨૦મી કલમ વાંચજો. અને આજ કલમ નીતિવચનના પુસ્તકમાંથી પણ વાંચજો.

## ૧૬ ગવૈયો

એક મોટા નગરમાં એક ગવૈયો રહેતો હતો. તેની પાસે એક સારંગી હતી. ગવૈયો સારંગી વગાડતો અને ગીતો ગાતો. તે સારંગી ખૂબ સરસ વગાડતો. અને તેનો રાગ પણ એટલો જ સુંદર હતો. ગવૈયાને પોતાની સારંગી ખૂબ વહાલી હતી. સારંગીના સૂર અને ગવૈયાનું ગીત સાથે મળતાં ત્યારે વાતાવરણ સંગીતમય બની જતું. ખાસ પ્રસંગે અથવા કોઈ મનોરંજન કાર્યક્રમમાં લોકો આ ગવૈયાને અવશ્ય બોલાવતાં અને તેમાંથી ગવૈયાનું ગુજરાન ચાલતું. ગવૈયાને સંગીત સિવાય બીજા કશામાં રસ નહોતો.

એક દિવસ આ ગવૈયાની પત્ની બીમાર પડી અને બે વર્ષની નાની દીકરીને મૂકીને મૃત્યુ પામી. ગવૈયો ખૂબ દુઃખી થઈ ગયો. તેને પોતાની દીકરી ખૂબ જ વહાલી હતી. પત્નીના મૃત્યુ પછી તે આખો દિવસ પોતાની દીકરીને સાચવવામાં કાઢતો. દીકરીને માની ખોટ પડે નહિ તેની ખૂબ કાળજી લેતો. ધીમે ધીમે તેને સારંગીમાંથી રસ ઓછો થવા લાગ્યો. તે જરૂર પૂરતી જ સારંગી વગાડતો અને ગાતો. એમ કરતાં કરતાં દીકરી મોટી જુવાન થઈ ગઈ. ગવૈયો વૃદ્ધ થવા આવ્યો. દીકરી પણ પોતાની પિતાની ખૂબ કાળજી રાખતી.

એક દિવસ દીકરી અચાનક માંદી પડી ગઈ. ગવૈયો ખૂબ ગભરાઈ ગયો. તેણે સારંગી તથા સંગીત છોડી દીધાં. અને દીકરીની સારવાર કરવા માંડી. ડોક્ટર પાસે લઈ ગયો તો ડોક્ટરે જણાવ્યું કે આને ક્ષયરોગ થયો છે. ગવૈયાએ તો ડોક્ટરની સૂચના મુજબ બધીજ દવાઓ કરવા માંડી. પોતાની પાસે જે પૈસા હતાં તે બધાં દીકરીની સારવાર પાછળ ખર્ચી નાખ્યાં. પરંતુ દીકરીની તબિયતમાં કંઈ સુધારો

થયો નહિ. છેવટે ડોક્ટરે જણાવ્યું આને થોડા દિવસ હોસ્પિટલમાં દાખલ કરવી પડશે. જોકે તેનો ખર્ચ વધારે થશે. પરંતુ દીકરી જરૂર સારી થઈ જશે. ગવૈયા પાસે હવે તો પૈસા હતાં નહિ. હવે શું થાય? તેને ખૂબ ચિંતા થવા લાગી અને તે પણ લગભગ અશક્ત અને બીમાર જેવો થઈ ગયો ત્યારે તેને પોતાની સારંગી યાદ આવી. ઘણાં દિવસ પછી તે સારંગી લઈને બહાર નીકળ્યો.

એક મોટાં હોલમાં સંગીતનો જલસો હતો. મોટાં મોટાં સંગીત કલાકારો પોતાનાં જાતજાતનાં વાજીંત્રો લઈને ત્યા સંગીત વગાડતાં હતાં. અને સુંદર રાગે ગાઈ રહ્યાં હતાં. ગવૈયો જૂની સારંગી લઈ હોલની બહાર એક બાજુ નિરાશવદને ઊભો રહ્યો. મોડી રાત્રે સંગીતનો કાર્યક્રમ પૂરો થયો. લોકો વિખેરાવા લાગ્યા. ગવૈયાએ પોતાની સારંગી વગાડવા માંડી. પરંતુ હવે તે બરાબર વગાડી શક્તો નહિ. તેમજ ગાઈ શક્તો નહિ. તેવામાં ચાર પાંચ જુવાન તોફાની છોકરાઓ દોડતાં તોફાન કરતાં ધસી આવ્યાં અને આ ગવૈયાને ધક્કો મારતા દોડી ગયાં. ગવૈયો પડતાં પડતાં રહી ગયો. તેના હાથમાંથી સારંગી પડી ગઈ, તેનાથી રુદનનું એક ડૂસકું મૂકાઈ ગયું. તરત જ પાછળ આવતાં ત્રણ ખૂબસુરત યુવાનો તેની પાસે આવીને ઊભા રહી ગયા.

એક યુવાને નીચે પડેલી સારંગી લીધી અને વગાડવા લાગ્યો. સારંગીમાથી અદ્ભુત સૂર નીકળવા લાગ્યા. બીજા બે યુવાનોએ સારંગીના સૂર સાથે રાગ મિલાવ્યો. અને વાતાવરણમાં સંગીત રેલાવા લાગ્યું. સંગીતના કાર્યક્રમમાં ગાયેલાં ગીતો તેઓ વગાડવા તથા ગાવાં લાગ્યાં. ધીમે ધીમે ત્યાં લોકોનું ટોળું થઈ ગયું. એક યુવાને પોતાનો રૂમાલ જમીન પર પાથરી દીધો અને ટોળામાંથી રૂમાલમાં પૈસા પડવા લાગ્યાં, ગવૈયો તો આ શું થાય છે તે ન સમજાતાં એક તરફ ઊભો રહી ગયો. રૂમાલ પૈસાથી ભરાઈ ગયો

અને પૈસા બહાર પડવા લાગ્યાં. ત્રણે યુવાનોએ સંગીત બંધ કર્યું અને ગવૈયાના કોટના ગજવામાં પૈસા ભરવા માંડ્યાં. લોકો પણ ગીત સંગીતના વખાણ કરતાં વિખેરાવા લાગ્યાં. ગવૈયાના કોટના ગજવા પૈસાથી ભરાઈ ગયાં. સારંગી ગવૈયાના હાથમાં મૂકી ત્રણે યુવાનોએ ચાલવા માંડ્યું. ગવૈયાએ ત્રણે સંગીત કલાકારોમાંથી છેલ્લાનો હાથ પકડી લીધો અને ગદગદિત અવાજે પૂછ્યું, "મારી દીકરીનો જીવ બચાવનારા તમારાં નામ તો કહેતાં જાવ. હું અને તે કોનો આભાર માનીશું?"

"આભાર. પરવરદિગારનો." એટલું કહી ત્રણે ખૂબસુરત કલાકારોએ જતાં જતાં પોતાના નામ ગવૈયાને જણાવ્યાં. શ્રદ્ધા... આશા... અને આનંદ... એટલું કહી ત્રણે કલાકારોએ ચાલવા માંડ્યું. ગવૈયાએ રાત્રીના અંધકારમાં ઉપર આકાશ સામે જોયું. હાથ જોડ્યાં અને ઈશ્વરનો આભાર માની શ્રદ્ધા... આશા... અને આનંદથી પોતાના ઘર તરફ પ્રયાણ કર્યું.

બાળકો, ત્રણ યુવાન કલાકારોએ પોતાની કલાનો કેવો સરસ ઉપયોગ કર્યો? તમને દરેકને ઈશ્વરે કંઈક દાન આપેલું છે. કોઈને ગાવાનું, કોઈને વગાડવાનું, કોઈને બોલવાનું, કોઈને લખવાનું કે ચિત્ર દોરવાનું, કોઈને સહન કરવાનું તો કોઈને આનંદી સ્વભાવનું દાન, તમને કયું દાન મળ્યું છે તે વિચારજો અને તેનો ઉપયોગ બીજાના ભલા માટે કરજો.

દાઉદ ભક્ત શું વગાડતો હતો? તમે ગીતશાસ્ત્રનું પુસ્તક વાંચશો તો તમને સમજાશે કે તે પોતાની વીણા તથા સિતાર સાથે ઈશ્વરની સ્તુતિ કરતો હતો અને ૧ લો શમૂએલ. ૧૬ : ૧૪ થી ૨૩ કલમ વાંચજો.

## ૧૭ ઈર્ષા

એક ગામમાં એક માણસ રહેતો હતો. તેનું નામ વિનય હતું. તેને બે દીકરા હતાં. એકનું નામ અનિલ, અને બીજાનું નામ સુનિલ. અનિલ મોટો અને સુનિલ નાનો હતો. અનિલ ખૂબ જ બેદરકાર, આળસુ અને રખડેલ હતો. જ્યારે નાનો સુનિલ મહેનતુ અને વિવેકી હતો. વિનય ગાલીચા બનાવવાનું કામ કરતાં હતાં. તેથી બંને દીકરા પણ ગાલીચા બનાવતાં શીખી ગયાં હતાં.

એક વખત પાસેના શહેરમાં હસ્તકલાનું પ્રદર્શન ભરાવાનું હતું. અને ત્યાંના નગરશેઠ સારામાં સારી કૃતિને ઇનામ આપવાના હતાં. વિનય પોતાનાં બંને દીકરાને તેમાં ભાગ લેવા જણાવ્યું. નાનો સુનિલ તો ખૂબ જ રાજી થઈ ગયો, પરંતુ અનિલને ગાલીચો બનાવવાનો કંટાળો આવવા લાગ્યો. સુનિલ તો તરત જ બજારમાં જઈ ગાલીચા માટેનું કાપડ, દોરા, ઊન, રૂ વગેરે વસ્તુઓ લઈ આવ્યો. અને કામ શરૂ કરી દીધું. કારણ કે ૧૦ દિવસ પછી પ્રદર્શન ભરાવાનું હતું. પરંતુ અનિલે વિચાર્યું હજુ તો વાર છે. અત્યારથી શા માટે માથાકૂટ કરવી. ગાલીચો તો હું બે દિવસમાં બનાવી દઈશ. એમ વિચારી તે રખડવા જતો રહ્યો. સુનિલે ધીમે ધીમે પણ ખૂબ જ વ્યવસ્થિત રીતે ગાલીચો બનાવ્યો. ગાલીચામાં તેણે એક સુંદર સમુદ્ર અને તેમાં ચાલતી હોડીનું ચિત્ર ઉપસાવ્યું. આ ચિત્ર એટલું બધું આબેહૂબ હતું કે જોનારને એમ જ લાગે કે જાણે સમુદ્રમાં હોડી તરી રહી છે. આ રીતે સુનિલે છ દિવસમાં ગાલીચાનું કામ પૂરું કર્યું અને ગાલીચાને વ્યવસ્થિત રીતે વાળી મૂકી દીધો.

જ્યારે અનિલ છેલ્લા બે દિવસ બાકી હતાં ત્યારે બજારમાં જઈ વસ્તુઓ ખરીદી લાવ્યો. અને ઉતાવળથી જેમ તેમ ગાલીચો બનાવી દીધો. નક્કી કરેલા દિવસે બંને ભાઈઓ પોતાના ગાલીચા લઈ પ્રદર્શનમાં ગયાં અને પોતાની કૃતિ રજૂ કરી. તેમાંથી સુનિલના ગાલીચાની ખૂબ જ પ્રશંસા થઈ. બધાંએ સુનિલના ગાલીચાના ખૂબ જ વખાણ કર્યા. અને નગરશેઠે સુનિલનો ગાલીચો ખરીદી લીધો. અને તેને ઇનામ પણ આપ્યું. પરંતુ અનિલનો ગાલીચો નાપસંદ થયો. સાંજે બંને ભાઈ સાથે ઘેર આવ્યાં. પોતાના ભાઈનો ગાલીચો પસંદગી પામ્યો હોવાથી, અનિલના મનમાં પોતાના ભાઈ સુનિલ પ્રત્યે ખૂબ જ ઈર્ષા અને ક્રોધ ઉત્પન્ન થયાં હતાં અને તેનું મોં ઊતરી ગયું હતું. તેના પિતાએ તેને શિખામણ આપતાં કહ્યું, "તને કેમ રીસ ચઢી છે? અને તારું મોં કેમ ઊતરી ગયું છે? જો તું સારું કામ કરે તો તારું કામ બીજાને પસંદ પડે પરંતુ જો તારું કામ સારું ન હોય તો કોઈનેય ગમે નહિ. હવે પછી તું ધ્યાન રાખીને કામ કરજે."

પરંતુ પિતાની વાત સાંભળી અનિલને વધુ ગુસ્સો આવ્યો. બીજે દિવસે સાંજે તે પોતાના ભાઈને પાસેની ટેકરી પર ફરવા લઈ ગયો. અને અંધારું થતાં તેણે પોતાના ભાઈને ધક્કો મારીને પાછળ ઘૂઘવતાં સમુદ્રમાં ફેંકી દીધો. હવે સુનિલને તો તરતાં આવડતું નહતું. તેથી તે ડૂબવા લાગ્યો. પરંતુ પ્રભુ કૃપાએ ત્યાં થઈ એક વહાણ પસાર થતું હતું. સુનિલે બચાવો... બચાવો... તેવી બૂમ પાડી તેથી વહાણના ખલાસીએ તેને બચાવી લીધો. અને વહાણમાં લાવ્યા. પરંતુ સુનિલ બેહોશ થઈ ગયો હતો. કેટલાંક કલાક પછી તે ભાનમાં આવ્યો ત્યારે તે પોતાના વતનથી

ખૂબ જ દૂર નીકળી ગયો હતો. વહાણમાં એક સારા વેપારી માણસે સુનિલ સાથે વાતચીત કરી. સુનિલે જણાવ્યું તેને પોતાને સુંદર ગાલીચા બનાવતા આવડે છે. આથી વેપારી સુનિલને પોતાની સાથે પોતાના દેશમાં લઈ ગયો. અને સુનિલની દોરવણીથી તેણે ગાલીચાનો વેપાર શરૂ કર્યો અને સુનિલ ઘણો સુખી થઈ ગયો.

આ તરફ અનિલ મોડી રાત્રે ઘેર આવી સૂઈ ગયો. તેના માતા પિતાએ આખી રાત સુનિલની રાહ જોઈ. પરંતુ હવે સુનિલ ક્યાંથી આવે? સવારે અનિલને પૂછ્યું તો અનિલે જવાબ આપ્યો. "મને ખબર નથી. હું કંઈ એની તપાસ રાખતો ફરું છું?"

સુનિલને માટે તેના માતાપિતા ખૂબ જ દુઃખી થઈ ગયાં. એમ કરતાં કરતાં દિવસો વિતવા લાગ્યાં. માતાપિતા દરરોજ ઈશ્વરની પ્રાર્થના કરતાં, સુનિલની રાહ જોતાં અને નિરાશ થઈ જતાં.પરંતુ તેમને વિશ્વાસ હતો કે એક દિવસ પોતાનો દીકરો જરૂર પાછો આવશે.

આમ ઘણાં દિવસ વીતી ગયાં એક દિવસ જોયું તો પોતાના ઘર તરફ એક સુંદર મોટર આવતી જણાઈ. મોટર છેક ઘરના આંગણમાં આવીને ઊભી રહી. અને તેમાંથી સુંદર વસ્ત્રો પહેરેલો યુવાન ઊતર્યો. તે યુવાનને ઓળખી કાઢ્યો કે તે પોતાનો પુત્ર સુનિલ છે. સુનિલ પોતાના માતાપિતા અને ભાઈને મળવા પોતાના વતન આવ્યો હતો ગામ આખું ભેગું થયું. પરંતુ અનિલ સુનિલને જોઈ ગભરાઈ ગયો અને ઘરમાં સંતાઈ ગયો. સુનિલે માતાપિતાને પ્રણામ કર્યા અને ભાઈને કહ્યું "ભાઈ તું ગભરાઈશ નહિ. મેં તને માફ કરી દીધું છે. અને આ વાત મેં કોઈને જણાવી નથી માટે તું સ્વસ્થ થા અને બહાર આવ."

અનિલને પોતાની ભૂલ બદલ ખૂબ જ પસ્તાવો થયો. તે સુનિલ સાથે બહાર આવ્યો અને બધાંએ ભેગાં મળી પ્રભુનો આભાર માન્યો અને ખૂબ આનંદ કર્યો.

બાળકો, ભાઈએ ભાઈની ઈર્ષા કરી તેવી બે વાર્તા આપણા બાઇબલમાંથી વાંચજો. (૧) કાઈન અને હાબેલની (૨) યૂસફ અને તેના ભાઈઓ. અને હૃદયની શાંતિ શરીરનું જીવન છે, પણ ઈર્ષા હાડકાંનો સડો છે. આ વાક્ય નીતિવચનના પુસ્તકમાં શોધી કાઢજો.

## ૧૮ કબૂલાત

એક હતો રબારી અને એક હતી રબારણ, તેમની પાસે ગાય, ભેંસ, ઘેટાં, બકરાં મળીને પચીસ-ત્રીસ જાનવરો હતાં, તેમાં એક ગાય હતી. તે દેખાવે ખૂબ જ સુંદર, તંદુરસ્ત અને રંગે એકદમ સફેદ હતી. દૂધ પણ તે વધારે આપતી. રબારીએ તેનું નામ મહારાણી પાડેલું કારણ કે જ્યારે રબારી પોતાના જાનવરોને લઈ સીમમાં ચરાવા જાય ત્યારે આ મહારાણી ગાય ટોળામાં સૌથી આગળ ચાલે અને તેના ગળે બાંધેલી ઘંટડીનો અવાજ ટનટન થાય તેથી રબારી તેને મહારાણી કહેતો.

રબારી અને રબારણ સવારે વહેલા ઊઠે, ગાય ભેંસ દોહે, ચા-પાણી કરે અને પછી રબારી પોતાના ઢોરનું ધણ લઈ સીમમાં જાય અને રબારણ ચોખ્ખું દૂધ લઈને ઘરાકોને આપવા જાય, આવીને ભાથું તૈયાર કરે અને રબારીને ભાથું આપવા સીમમાં જાય. સાંજે પોતાનાં ઢોર સાથે બંને પાછા વળે. કામથી પરવારી ખાઈ પી રાત્રે આંગણામાં ખાટલા ઢાળી ખુલ્લા આકાશ નીચે સૂઈ જાય. પોતાના ઘરાકોને ચોખ્ખું દૂધ પૂરું પાડવું અને પ્રામાણિકપણે ધંધો કરવો તે તેમનો નિયમ હતો. આમ આ સુખી અને પ્રેમી યુગલ પોતાના જાનવરોમાંથી પોતાનું ગુજરાન ચલાવતાં. તેમની પાસે ભાઈભાંડુ જેવા પશુઓ અને સરળ હૃદય હતું. તેથી તેમનું જીવન સંતોષ અને આનંદથી ગુજરતું હતું.

એક દિવસ સીમમાં ગોફણ ફેરવતા રબારીથી ઝાડ પર બેઠેલા એક હોલાને પથરો વાગી ગયો. હોલુ તરફડીને નીચે આવ્યું. રબારી દોડ્યો અને જોયું તો હોલું મરી ગયું હતું. રબારી

ખૂબ જ દુઃખી થઈ ગયો. અને તેણે પોતાની ગોફણ ફેંકી દીધી. પરંતુ ઘેર આવી રબારીએ રબારણને આ વાત જણાવી નહિ.

રબારણ દરરોજ સવારે એક ચાની હોટલે દૂધ આપવા જાય. ચાની હોટલ પાસે ભજીયાવાળાની દુકાન હતી અને ભજીયાવાળા પાસે પાનની દુકાન હતી. આમ ચા, ભજીયા અને પાનનો ત્રિપુટીનો મેળ પડતાં ચાની ઘરાકી વધવા લાગી અને રબારણ પાસે દૂધની માંગ વધવા લાગી. અને દૂધના મોં માગ્યાં પૈસા મળવા લાગ્યા. આથી રબારણને ધીમે ધીમે પૈસાનો લોભ લાગ્યો. અને તેણે દૂધમાં થોડું પાણી નાખવાનું શરૂ કર્યું. પરંતુ આ વાત તેણે રબારીને જણાવી નહિ.

એક દિવસ મહારાણી ગાય માંદી પડી. તે સૌથી આગળ ચાલવાને બદલે સૌથી પાછળ ધીમે ધીમે ચાલવા લાગી. રબારીને ખૂબ ચિંતા થવા લાગી. તે દિવસે સીમમાં પણ તેણે કંઈ ખાધું નહિ અને એક તરફ બેસી સાંજે બંને પતિ-પત્ની વેળાસર પોતાના ઢોર લઈ ઘેર આવી ગયાં. પરંતુ વાડામાં પેસતાં જ મહારાણી ગાય ફસડાઈ પડી. રબારી અને રબારણ ગભરાઈ ગયાં. તેમણે ગાયને પીવાને પાણી ધર્યું. પરંતુ ગાયે પીધું નહિ. બંને જણ ગાય પાસે બેસી રહ્યાં. મહારાણી-મહારાણી એમ કહી તેને બોલાવવા લાગ્યા. કેટલાં બધાં વર્ષોનો આ ગાય સાથેનો સંબંધ આજે તૂટી જશે એવું તેમને લાગ્યું અને બંને રડવા લાગ્યા.

મરણની છેલ્લી બૂમ પાડતી હોય તેમ ગાય બેબાકળી થઈ ગઈ અને દુઃખથી ભાં ભાં, ભાંભરવા લાગી. આ દૃશ્ય જોઈ રબારી બોલી ઊઠ્યો, ''આ ગાય મારી ભૂલના કારણથી જાય છે. ભૂલથી ગોફણનો પથરો એક હોલાને વાગી જતાં બિચારું કેવું તરફડીને મરી ગયેલું? ભૂલનો દંડ તો ભર્યે જ છૂટકો છે.'' આ સાંભળી

રબારણનું હૃદય છેક જ પીગળી ગયું. તે બોલી ઊઠી, "ના.... ના... રબારી, આ ગાય મારા લોભના પરિણામે મરવા પડી છે." પછી તેણે રબારી અને પ્રભુની આગળ દૂધમાં પાણી નાખવાની વાત કબૂલી લીધી. તેણે પ્રભુ પાસે ક્ષમા માગી અને ફરી કદી દૂધમાં પાણી નહિ નાખવાની પ્રતિજ્ઞા લીધી. અને જાણે ચમત્કાર થયો હોય તેમ ગાયે આંખ ઉઘાડી, પાણી પીવા ડોક લંબાવી અને આ જોઈ બંને પતિ-પત્નીએ પ્રભુનો આભાર માન્યો અને થોડી વાર પછી ગાયે ઘાસ ખાવા માંડ્યું.

બાળકો, રબારી અને રબારણે પોતાની ભૂલ પ્રભુ આગળ કબૂલ કરી અને પોતાની ગાયને બચાવી લીધી. ૧લું યોહાન, ૧ અને ૯મી કલમમાં લખ્યું છે કે "જો આપણે આપણાં પાપ કબૂલ કરીએં તો આપણાં પાપ માફ કરવાને તથા આપણને સર્વ અન્યાયથી શુદ્ધ કરવાને તે શક્તિમાન છે."

આપણને જે ૧૦ આજ્ઞા આપી છે. તેમાંથી કઈ આજ્ઞાનું ઉલ્લંઘન આ વાર્તામાં થયું છે? તે શોધી કાઢજો.

## ૧૯ નાતાલની ભેટ

એક નાના ગામમાં સારા નામની એક નાની બાળા રહેતી હતી. તેના પિતા ગામની હોસ્પિટલમાં ડૉક્ટર હતાં. અને માતા ઘર સંભાળતી તથા પોતાની નાની દીકરી સારાની સંભાળ રાખતી. પતિ-પત્ની બંને ખૂબ સેવાભાવી હતા ભલાં હતાં. આ ગામમાં ફક્ત આ ડૉક્ટરનું કુટુંબ જ ખ્રિસ્તી કુટુંબ તરીકે હતું. બીજી પરચુરણ વસ્તી હતી. નાતાલનાં દિવસે આ પતિ-પત્ની ગામમાં બધાંને મીઠાઈ વહેંચતાં અને ઈસુના જન્મ વિષે વાત કરતાં, ઈસુના ઉપદેશ વિશે વાત કરતાં, આ રીતે તેઓ પોતાનાં જીવનથી ઈસુને પ્રગટ કરતાં.

ચાર વર્ષની નાની સારાને પહેલાં તો માતાપિતા સાન્તાક્લોઝ વિષે વાત કરતાં અને નાની સારાને જે કંઈ ભેટ જોઈતી હોય તે ભેટ તેઓ રાત્રે સારાની પથારીમાં મૂકી દેતાં અને કહેતાં સાન્તાક્લોઝ રાત્રે તું સૂઈ ગઈ હતી ત્યારે આવીને મૂકી ગયા છે. આ રીતે ત્રણે જણ નાતાલનો નિર્દોષ આનંદ માણતાં. પરતું સારા જેમ જેમ મોટી થઈ તેમ તેમ તેને આ બધી ભેટો ગમતી નહીં. તેને તો આ નાતાલે એવી ભેટ જોઈતી હતી કે તેની સાથે રમે, જમે, હસે, વાત કરે તેની સાથે તેના ઘરમાં જ રહે! હવે આવી ભેટ ક્યાંથી લાવવી? માતાપિતા પણ વિચારમાં પડ્યા. ગામમાં જે નાનાં છોકરાં તેની સાથે રમવા આવતાં તેઓ તો રમીને પોતાને ઘેર ચાલ્યા જતાં. નાની સારાને વિચાર આવતો આ બધાંમાંથી કોઈ મારી સાથે રહેતું કેમ નહિ હોય?

નાતાલના દિવસો પાસે આવતાં હતાં. ઘરમાં માતપિતા નાતાલની તૈયારી કરતાં હતાં. પરંતુ નાની સારા ઉદાસ રહેવા લાગી. એક દિવસ તે પોતાની માતા સાથે બજારે ગઈ. ત્યાં રસ્તામાં એક ગાયને પોતાનાં વાછરડા સાથે જોઈ. સારાએ ગાયને પૂછ્યું, "આ તારું બચ્ચું મને આપે છે? હું તેને સારું ખાવાનું આપીશ અને ખૂબ જ સારી રીતે રાખીશ." પરંતુ ગાયે તો શિંગડા હલાવી જવાબ આપ્યો, "મારું બચ્ચું હું કેમ આપું?" સારા તો રડવા લાગી. મા તેને સમજાવી ઘેર લાવી. આ રીતે તેણે મરઘીને, બિલાડીને બધાંને પૂછ્યું. છેવટે ગામનાં બે ત્રણ બાળકોને પણ પોતાની સાથે રહેવા વિનંતી કરી. પરંતુ બધાંએ સાથે રહેવાની તો ના જ પાડી. એમ કરતાં કરતાં ડિસેમ્બર માસની ૨૪મી તારીખ આવી ગઈ. આજે રાત્રે સાન્તાક્લોઝ આવશે અને ભેટ મૂકી જશે.

એ વિચાર આવતાં તે આનંદમાં આવી ગઈ અને પોતાની માતાને કહ્યું, "મા રાત્રે સાંન્તાક્લોઝ આવે તો તેમને કહેજો કે મારે માટે એક એવી ભેટ મૂકે કે જે મારી સાથે રમે, જમે અને આપણાં ઘરમાં જ રહે." સારાની માગણી જાણી માતાપિતા પણ જરા દુઃખી થઈ ગયાં. પરંતુ પ્રભુ જરૂર આમાં કંઈક રસ્તો કરશે અથવા સવારે સારાને સમજાવી લઈશું એવો તેમને વિશ્વાસ હતો.

ઘર સુંદર સજાવ્યું. સારું સારું જમવાનું બનાવ્યું ગામનાં લોકો માટે મીઠાઈના પડીકાં વાળ્યાં, અને પછી પ્રાર્થના કરી સૂઈ જવાની તૈયારી કરી. તેવામાં હોસ્પિટલમાંથી રામુકાકા આવ્યાં એક અકસ્માતનો કેસ હતો. ડૉ. સાહેબ ઉતાવળથી હોસ્પિટલે પહોંચી ગયાં. અને અકસ્માત વાળા દર્દીને યોગ્ય પાટાપીંડી કરી દવા, ઇન્જેક્શન વગેરે આપી નર્સને યોગ્ય સૂચના આપી ઘેર આવવા નીકળ્યાં. ત્યારે રાત્રીના ૧૨ વાગવા આવ્યાં હતાં. રામુકાકા

સાથે તે હોસ્પિટલની બહાર આવ્યાં તો એક નાના બાળકનાં રડવાનો અવાજ આવ્યો. જોયું તો પગથિયાં પર એકાદ માસનું એક નાનું બાળક કપડામાં લપેટેલું પડ્યું હતું. ડૉક્ટરે બાળકને ઊંચકી લીધું અને રામુકાકાને બાળક વિષે પૂછ્યું તો રામુકાકાએ કહ્યું, "સાહેબ મને ખબર નથી. હું તો તમારી સાથે જ છું. હું તમને બોલાવવા આવ્યો ત્યારે તો અહીં કોઈ ન હતું. સાહેબ આને આ હોસ્પિટલમાં મૂકી દો સવારે પોલીસને સોંપી દઈશું."

"ના, રામુકાકા આ બાળકને હું અત્યારે મારે ત્યાં લઈ જઈશ અને પછી યોગ્ય કાર્યવાહી કરી હું તેને મારા દીકરાની જેમ ઉછેરીશ. તેના માતાપિતાએ ભલે તેને તરછોડ્યું. પરંતુ ઈશ્વર તેને નહિ તરછોડે."

"અરે! પણ સાહેબ આ કોનું બાળક તેની નાત, જાત જાણ્યા વગર?" રામુકાકાએ પૂછ્યું.

"રામુકાકા. બાળકને કોઈ નાતજાત હોતી નથી. તે ઈશ્વરનું બાળક છે. અને તેજ તેની ઓળખ છે." ડૉક્ટરે રામુકાકાને સમજાવ્યું.

ડૉક્ટર રાત્રે ઘેર આવ્યાં અને પોતાની પત્નીના હાથમાં બાળક મૂક્યું. સુંદર બાળક જોઈ પત્ની રાજી રાજી થઈ ગઈ. ડૉક્ટરે બાળક સંબંધી સઘળી વાત કરી. સવારે સારાને ઊઠાડી તેને હેપ્પી ક્રિસમસ કહેતાં તેનાં ખોળામાં નાનું બાળક મૂક્યું. અને કહ્યું "ઈસુ બાપે તને આ નાતાલે તને જોઈતી હતી તેવી ભેટ આપી છે. આ નાનો ભાઈ હવે તારી સાથે જ રહેશે ને ક્યાંય નહિ જાય."

સારા તો ખૂબ જ રાજી રાજી થઈ ગઈ. અને બોલી, "આ નાના ભાઈને હું હમેશાં મારી સાથે જ રાખીશ." તૈયાર થઈ બધાં પાસેના શહેરમાં આવેલાં પ્રભુમંદિરમાં ગયાં. નાતાલની ભક્તિસભા

પૂરી કરી પાછાં આવ્યાં. તો આખા ગામમાં આસોપાલવના તોરણો બંધાયા હતાં અને જાણે આખું ગામ નાતાલની ઉજવણી કરતું હોય તેમ લાગતું હતું. ગામનાં લોકોએ ડૉ. સાહેબને તથા તેમના કુટુંબને નાતાલની સલામ કરી. નાનાં બાળકને જોયું અને આ ભલા કાર્યને માટે ડૉક્ટર સાહેબની ખૂબ પ્રશંસા કરી. રામુકાકાએ રાત્રે જ ગામના આગેવાનોને જગાડી ડૉક્ટર સાહેબની માનવતા ભરી વાત કરી દીધી હતી. આ ખ્રિસ્તી કુટુંબના માયાળુ, ઉદાર અને સેવાભાવી સ્વભાવથી આખા ગામે આ વર્ષની નાતાલ ડૉક્ટર સાહેબ સાથે ઉજવવાનું નક્કી કર્યું. રાત્રે મંડપ નીચે બધાં સાથે બેસી જમ્યાં. અને ડૉક્ટર સાહેબે ઈસુના જન્મ સંબંધી તથા પોતાને જે બાળક મળ્યું છે તે સંબંધી વાત કરી. આ તરછોડાયેલા બાળકને પોતે રાખશે ભણાવશે, અને યોગ્ય જીવન જીવવા લાયક બનાવશે એવી ખાત્રી આપી. અને ગામના લોકોના પ્રેમ અને સહકાર બદલ ખૂબ ખૂબ આભાર માન્યો. એમ આ નાતાલ આ ગામને માટે યાદગાર બની રહી.

બાળકો, નાની સારાને જેવી ભેટ જોઈતી હતી તેવી તમારી જોઈએ છે? તો ગભાણમાં જન્મેલા બાળ ઈસુને હમેશાં તમારા જીવનમાં રાખી શકો છો. જો તમે આ ઈસુને તમારા જીવનમાં રાખશો તો તે જીવનપર્યંત તમારી સાથે જ તમારો મિત્ર બનીને રહેશે. અને તમારું જીવન આનંદથી ભરાઈ જશે.

## ૨૦ પ્રામાણિકતા

એક નગરમાં એક વેપારી રહેતો હતો તેનું નામ માણેકચંદ હતું. તે ખૂબ ભલો અને પ્રમાણિક માણસ હતો. દેશ પરદેશમાં વહાણો મારફતે તેનો વેપાર ચાલતો હતો. એક દિવસ તે જોવા ગયો. ત્યાં તેણે પોતાનું બધું વેચી અને મોતી ખરીદ્યા. મોતી લઈ તે પાછો આવતો હતો ત્યારે સમુદ્રમાં તોફાન થયું. અને તેનું વહાણ ડૂબી ગયું. તેની સાથેના માણસો તથા પોતે પણ દરિયામાં ડૂબવાં લાગ્યાં. પરંતુ આ વેપારીના હાથમાં વહાણનું એક મોટું પાટિયું આવી ગયું. અને તે પાટિયાનાં આધારે કિનારા સુધી આવી ગયો. અને તેણે પોતાનો જીવ બચાવવાં બદલ સૌ પ્રથમ પ્રભુનો આભાર માન્યો.

જેમ તેમ કરી તે પોતાને ઘેર પહોંચ્યો અને પોતાની સ્ત્રીને વાત કરી. બધાંને ખૂબ દુઃખ થયું. પરંતુ માણેકચંદ તો એમ જ કહેતો કે પ્રભુને જે ગમ્યું તે ખરું. તેણે મારો જીવ તો બચાવ્યો છે ને? તેણે પોતાની બધી સંપત્તિ વેચીને નોકરોને છૂટાં કરી દીધાં. હવે તેની પાસે કંઈ જ રહ્યું નહિ. તે અને તેનું કુટુંબ ભૂખે મરવા લાગ્યાં. છતાં પણ તે પોતાનો જીવ બચાવવા બદલ દરેકની આગળ પ્રભુનો આભાર માનતો. અને નવા કામની શોધમાં આમ તેમ પ્રયત્ન કરતો.

એક દિવસ તે રાજાના બગીચાની બહાર ઊભો હતો. તેને ખૂબ જ ભૂખ લાગી હતી. એવામાં ઉપર ચઢાવેલાં દ્રાક્ષનાં માંડવામાંથી એક લૂમ તેના પગ પાસે પડી. તેણે તરત તે લઈ લીધી અને રાજા પાસે જઈ તે દ્રાક્ષ રાજાને આપી. રાજાએ કહ્યું "આ દ્રાક્ષ તમે લઈ

કેમ ના લીધી?'' માણેકચંદે કહ્યું, ''જે વસ્તુ મારી નથી તે મારાથી શી રીતે લેવાય? રાજાએ ખુશ થઈ તેને દ્રાક્ષ લઈ જવા કહ્યું, અને આ પ્રમાણિક વેપારીની પરીક્ષા લેવાનું વિચાર્યું. બીજે દિવસે માણેકચંદ બગીચા પાસેથી પસાર થતો હતો તો તેણે જોયું કે ઝાંખરામાં એક થેલી પડી હતી. થેલી લાલ રંગની હતી. અને પીળી રેશમની દોરીથી બંધ કરેલી હતી, તેના પર 'નેકી' એવો શબ્દ લખેલો હતો. તેણે તે થેલી ઊપાડી લીધી અને જોયું તો તેમાં એક હજાર સોનામહોરો હતી. તેણે આજુબાજુ કેટલાંક માણસોને પૂછ્યું ''આ થેલી તમારી છે?'' આ થેલીનો માલિક તેને મળ્યો નહિ. તેથી તે થેલી લઈ ઘેર ગયો. સોનામહોરો જોઈ તેની પત્ની તો રાજી રાજી થઈ ગઈ. પરંતુ માણેકચંદે કહ્યું, ''આ પૈસા આપણાં નથી તેથી હું જેના છે તેને શોધી કાઢીશ અને પાછા આપી દઈશ.'' તેની પત્નીએ કહ્યું, ''ગરીબીએ તમને ગાંડા બનાવી દીધાં છે. ઘરમાં બધાં ભૂખે મરે છે અને તમે મળેલ પૈસા પાછા આપવા જાવ છો? તમે જાણી જોઈને અમને બધાંને મારી નાખવા માગો છે.'' એમ તેણે માણેકચંદ સાથે ખૂબ ઝઘડો કર્યો. પરંતુ માણેકચંદ કંઈ બોલ્યો નહિ.

બીજે દિવસે બગીચા પાસે તે આખો દિવસ ઊભો રહ્યો. સાંજ પડવા આવી. અંધારું થઈ ગયું. ત્યારે એક માણસ ત્યાં કંઈક શોધતો હોય તેમ જણાયું. તેણે તેને પૂછ્યું અને થેલીની ઓળખ માગી. પેલા માણસે જણાવ્યું, ''મારી થેલી લાલ રંગની છે. તેને પીળી રેશમી દોરી બાંધેલી છે. તેની ઉપર નેકી લખેલું છે. અને થેલીમાં એક હજાર સોનામહોર છે'', આ સાંભળી માણેકચંદ પોતાને ઘેર જઈ થેલી લઈ આવ્યો અને પેલા માણસને આપી. તો પેલો માણસ ખૂબ ગુસ્સે થઈ ગયો અને તું ચોર છે એમ કહી તેને

માથે ચોરીનો આરોપ મૂકવા લાગ્યો. પરંતુ માણેકચંદે તો થેલી પાછી આપી અને પોતાને ઘેર ચાલ્યો ગયો. તેને ખૂબ દુઃખ લાગ્યું. પરંતુ તેણે વિચાર્યું મેં કોઈનું ખોટું કર્યું નથી માટે એક દિવસ પ્રભુ જરૂર આ મુશ્કેલીમાંથી મને બહાર કાઢશે. એવો મારો વિશ્વાસ છે.

બીજે દિવસે એક સિપાઈ આવીને માણેકચંદને કહ્યું, "તમને રાજાજી બોલાવે છે. જલદી ચાલો." આ સાંભળી તેની પત્ની તથા બાળકો ગભરાઈ ગયાં. પરતું માણેકચંદે કહ્યું, "મેં કંઈ ગુનો કર્યો નથી. માટે મને કંઈ થશે નહિ. તમે ગભરાશો નહિ." એમ કહી તે સિપાઈ સાથે રાજા પાસે આવ્યો.

રાજાએ થેલી બતાવી પૂછ્યું, "આ થેલી તમારી છે?" માણેકચંદે કહ્યું, "ના જી, આ થેલી મારી નથી." ત્યારે રાજાએ કબૂલ કર્યું કે "પોતે ઘણીવાર આ રીતે પ્રજાની કસોટી કરે છે. પરંતુ મેં સાંભળ્યું છે કે તમારા વહાણ સમુદ્રમાં ડૂબી ગયા છે અને તમે ખૂબ મુશ્કેલીમાં છો તો તમે રાજ્ય પાસે મદદ કેમ ના માગી? અને આ થેલીમાંની સોનામહોર લઈ કેમ ના લીધી?" માણેકચંદે જવાબ આપ્યો, "મને પરમેશ્વર પર ભરોસો હતો માટે મેં કોઈની પાસે મદદ માગી નહિ અને જે વસ્તુ મારી નથી તે મારાથી કેવી રીતે લેવાય? આ દુનિયાના બનાવનારના નિયમની વિરુદ્ધ મારાથી જવાય નહિ. તેથી હું કોઈ પણ મળેલી વસ્તુ લેતો નથી. અને જેની છે તેને શોધીને પાછી આપી દઉં છું." આ સાંભળી રાજા ખુશ થયો અને એક લાખ સોનામહોર આપી અને કહ્યું, "જુઓ, હું આમળા જેવો છું. પહેલાં કડવો લાગું છું. પરંતુ પાછળથી મીઠો લાગું છું તમે ફરીથી વેપાર શરૂ કરો તમારી નેકી અને પ્રમાણિકતા તમને જરૂર ઉગારશે અને તમે બીજાને પણ ઉપયોગી થશો."

માણેકચંદ રાજાનો આભાર માની ખુશ થતો ઘેર ગયો અને પોતાનો વેપાર શરૂ કર્યો. તેની દુકાન પર તેણે લખાવ્યું કે,

**પ્રામાણિકતા એ અમારો મુદ્રાલેખ છે**

બાળકો, માણેકચંદને ખૂબ જ મુશ્કેલી પડી, પરંતુ તેણે પોતાનું પ્રામાણિકપણું છોડ્યું નહિ. અને ઈશ્વર પર ભરોસો રાખ્યો. ત્યારે ઈશ્વરે રાજા મારફતે તેનું સઘળું દુઃખ અને મુશ્કેલી દૂર કર્યાં અને તે સુખી થયો.

ગીતશાસ્ત્ર ૮૪ અને ૧૧માં કહે છે કે ન્યાયથી વર્તનારને માટે પ્રભુ કંઈપણ સારું વાનું રોકી રાખશે નહિ. અને નીતિવચનનાં પુસ્તકમાં પ્રમાણિકપણું, નેકી અને સદાચાર માટે ખૂબ સરસ શિખામણ આપી છે. તે તમે જરૂર વાંચજો અને તે કલમોની નોંધ લેજો. તમારા જીવનમાં તે તમને ખૂબ ઉપયોગી નીવડશે.

## ૨૧ વિશ્વાસ

દરિયા કિનારે માછીમારોનાં કેટલાંક ઝૂંપડાં હતાં. એક દિવસ માછીમારોના કુટુંબીજનોનું એક નાનું ટોળું દરિયા કિનારે ઊભું હતું. તેઓ દરિયા પાર ગયેલાં પોતાનાં માણસોની રાહ જોતાં હતાં. એવામાં દૂર દૂર ઝાંખા પ્રકાશમાં એક નાની હોડી આવતી જણાઈ. ટોળામાંથી એક નાનો છોકરો આનંદથી બોલી ઊઠ્યો, એ આવી ! એ આવી! કારણ કે તે હોડીમાં તેના પોતાના પિતા આવી રહ્યાં હતાં.

પરંતુ આ નાની હોડીને દરિયાના મોજાં ઉપર નીચે પછડાતાં હતાં અને હોડી હાલક ડોલક થતી હતી. નાના છોકરાંનો આનંદ આવ્યો તેવો ગયો. માછીમારોના કુટુંબીજનોને લાગ્યું કે પોતાના માણસોની હોડી તોફાનમાં સપડાઈ છે. દરિયાનું તોફાન વધ્યું. ડુંગર જેવા મોજાં ઉછળવા લાગ્યા. પવનના તોફાન સામે હોડી આગળ વધતી ગઈ. થોડીવારમાં તોફાન એટલું વધી ગયું કે ટોળામાં ઊભેલાંમાંથી કોઈની પણ હિંમત હોડીને બચાવવા જવાની ના ચાલી. બધાંને લાગ્યું કે આજે દરિયો જરૂર ભોગ લેશે. હોડીમાં બેઠેલા માણસો જીવ બચાવવા મરણિયો જંગ ખેલી રહ્યાં હતાં. છેવટે આકાશ પાતાળ વીંધી નાખતા પવનના એક સપાટે માણસને અને હોડીને જુદાં કરી નાખ્યાં. હોડીમાં બેઠેલા માણસો ડૂબવા લાગ્યા. તરીને કિનારે પહોંચવાના તેમના બધાં પ્રયત્નો વ્યર્થ ગયાં. અને એક પછી એક તેઓ દરિયામાં ગરક થઈ ગયાં. છેવટે મનુષ્ય હાર્યો અને દરિયો જીત્યો.

કુટુંબીજનોના ટોળામાંથી રુદનના સ્વરો સંભળાવા લાગ્યાં. પેલા નાના છોકરાનું કલ્પાંત જોઈને કદાચ દરિયાને પણ દુઃખ થયું હશે. તે પોતાની માતાને કહેતો હતો, "મા, મને જવા દે હું મારા પિતાને બચાવી લાવું." માએ તેને રુદનની સાથે પોતાની બાથમાં જકડી રાખ્યો હતો. અને છોકરો છુટવા માટે પ્રયત્ન કરતો હતો. છેવટે પોતાની નજર સમક્ષ હોડી પણ દરિયામાં ગરક થઈ ગઈ. અને માણસ કે હોડીનું નામનિશાન ન રહ્યું. ચાલુ રહ્યું ફક્ત દરિયાનું તોફાન. આથી મા, દીકરો તથા બીજાં કુટુંબીજનો દુઃખી થઈ ઘર તરફ પાછા ફર્યાં.

થોડો સમય વિત્યો. દુઃખનું ઓસડ દહાડા એમ ધીમે ધીમે મા દીકરો સ્વસ્થ થવા લાગ્યાં. છોકરો થોડો મોટો થયો અને પોતાનું હોડકું તૈયાર કરવા લાગ્યો. તેની મા હમેશાં તેની સાથે રહેતી અને તેને માર્ગદર્શન આપતી.

એક દિવસ છોકરો પોતાનું હોડકું લઈ દરિયામાં જવાની તૈયારી કરતો હતો. અને તેની મા તેની પાસે ઊભી હતી તેવામાં કોઈકે તેને પૂછ્યું કે, "છોકરા તને બીક નથી લાગતી? થોડા સમય પહેલાં આ દરિયામાં તારી નજર આગળ તારા બાપા ડૂબી ગયાં, છતાં પણ તું આ ધંધો શા માટે કરે છે? બીજું કંઈ કામ કેમ નથી કરતો?" છોકરો હસ્યો, અને બોલ્યો, "સાહેબ આ ધંધો મારા બાપદાદાનો ધંધો છે. બીજો ધંધો આવડતો હોય તો ભલે, પરંતુ બીકનો માર્યો જો હું આ ધંધો છોડું તો મારી આબરૂ જ જાય ને? બીક શા માટે રાખવી? દરિયાને ડૂબાડતા આવડે છે. તો પ્રભુને બચાવતાં નથી આવડતું? મારા બાપા આ દરિયામાં ડૂબીને મરણ પામ્યા તો હું પણ ડૂબી જ જઈશ એવું થોડું છે? એ તો પ્રભુના હાથની વાત છે!" એમ કહી છોકરાએ

પોતાની નાની હોડીને દરિયામાં તરતી મૂકી અને ચપળતાથી હોડીમાં ચઢી બેઠો, અને ગીત ગાતો દરિયો જાણે રમવાનું મેદાન હોય તેમ આનંદભેર ચાલ્યો ગયો અને દૂર સુધી તે હાથ ઊંચો કરી પોતાની માને આવજો કરી રહ્યો હતો.

બાળકો, છોકરાને કેટલો વિશ્વાસ હતો કે પ્રભુ દરિયામાં ડૂબતાને બચાવવા શક્તિમાન છે! અને તેથી જ તે હિંમતભેર પોતાના બાપદાદાનો ધંધો ચાલુ રાખવાનું જણાવે છે. પ્રભુ ઈસુ દરિયાનું તોફાન શાંત પાડે છે એ વાર્તા તમે શીખી ગયાં હશો. પ્રભુ ઈસુ સાથે હોવા છતાં પણ શિષ્યોને ડૂબી જવાની બીક લાગતી હતી. ત્યારે પ્રભુ ઈસુએ શું કર્યું? અને શિષ્યોને શું કહ્યું? માથ્થી, માર્ક, લૂક અને યોહાન. આ ચાર સુવાર્તામાંથી કેટલી સુવાર્તામાં આ ચમત્કાર વિષે લખેલું છે? તે શોધી કાઢજો.

# ૨૨ પ્રતિમા

ઘણાં વર્ષો પહેલાં એક નાના સરખા ટાપુમાં એક રાજા રહેતો હતો. તેને સારા અને વિશ્વાસુ સૈનિકો હતાં. પ્રજા ભલી, ભોળી પરંતુ અજ્ઞાન હતી. સહુ સંપીને રહેતાં હતાં. રાજા અને સૈનિકોના હુકમનું પાલન કરતાં. રાજા આમ તો ઘણો સારો હતો. પરંતુ રાજા જરા ધૂની હતો. કોઈવાર પ્રજાને મિજબાની કરાવે અને કોઈવાર ઉપવાસ પણ કરાવે. તેનાં મગજમાં જે વિચાર આવે, સારો કે ખોટો પણ તે અમલમાં જરૂર મૂક્તો. આથી પ્રજાને ઘણીવાર મુશ્કેલી વેઠવી પડતી.

દરિયાની વચ્ચે ટાપુ ઉપર રહેવા છતાં આ ટાપુ ઉપર વસતી પ્રજાને તથા રાજાને દરિયાની ખૂબ બીક લાગતી. કોઈ દરિયા કિનારે જતાં નહિ કે દરિયાનાં પાણીમાં પગ સુદ્ધાં મૂક્તાં નહિ. તેમને તરવાની કળા, તરાપો, હોડી કે વહાણ વિષેનું કંઈ જ જ્ઞાન ન હતું. દરિયો ખેડીને તેઓ કોઈ જગ્યાએ જતાં નહિ. ટાપુ ઉપર જ જનમતાં અને ટાપુ ઉપર જ મરતાં અને આ ધૂની રાજા પણ કોઈને દરિયા તરફ જવા દેતો નહિ.

એક દિવસ ટાપુ ઉપર ફરતાં ફરતાં આ ધૂની રાજાને એવો વિચાર આવ્યો કે હું આ ટાપુનો રાજા છું અને મારી વ્યવસ્થાને લીધે જ આ પ્રજા અહીં સુખચેનથી રહી શકે છે પરંતુ રાજા તરીકે તેઓ મને કંઈ માન આપતાં નથી તો આ પ્રજા મારું જ માન રાખે એવું મારે કંઈક કરવું જોઈએ. એવો અભિમાની વિચાર તેને આવ્યો અને તેણે તે અમલમાં મૂક્યો.

તેણે ટાપુ ઉપરના શિલ્પીઓને બોલાવ્યા. અને પથ્થરમાંથી પોતાની પ્રતિમા બનાવવાનો હુકમ કર્યો. શિલ્પીઓએ જેવી આવડી તેવી રાજાની પ્રતિમા બનાવી અને બગીચામાં ઊભી કરી દીધી.

પછી રાજાએ હુકમ કર્યો કે દરરોજ સવારે અને સાંજે દરેકે દરેક જણે રાજાની પ્રતિમાને પગે લાગી જવું, જે નહિ લાગે તેને દરિયામાં ફેંકી દેવામાં આવશે. આથી વૃદ્ધો, અપંગો, અશક્તો, તથા બીમાર માણસોને ખૂબ મુશ્કેલી પડવા લાગી. કારણ કે જો તેઓ પ્રતિમાને પગે લાગવા ના આવી શકે તો સૈનિકો તેમને દરિયામાં ફેંકી દેતાં. રાજાના આવા ગાંડપણથી ટાપુ ઉપર શોકનું વાતાવરણ ફેલાઈ ગયું. અને પ્રજા દુઃખી રહેવા લાગી.

એવામાં આ ટાપુ ઉપર એક પરદેશી પોતાની નાની હોડી સાથે આવી ચઢ્યો. આ પરદેશી કુશળ તરવૈયો હતો. ટાપુ ઉપર આવી તેણે જોયું તો ટાપુ ઉપર વસતાં લોકો ઘણાં દુઃખી લાગતાં હતાં. તેણે એક બે જણને પૂછ્યું પણ ખરું. પરંતુ જવાબ આપવાને બદલે ગભરાઈને જતાં રહ્યાં. પરદેશીને ખૂબ આશ્ચર્ય થયું. આમ કેમ હશે? એવામાં તેણે જોયું તો કેટલાંક સૈનિકો એક ખૂબ બીમાર અને અશક્ત માણસને ઢસડીને દરિયામાં ફેંકવા જતાં હતાં. બીમાર માણસ સૈનિકોને હાથ જોડી દરિયામાં ન ફેંકવા કરગરતો હતો. અને ઊભેલી તેની પત્ની અને બાળકો કલ્પાંત કરતાં. આ દૃશ્ય જોઈ પરદેશીનું હૃદય દ્રવી ઊઠ્યું. તેણે સૈનિકોને પૂછ્યું તો સૈનિકોએ પ્રતિમા બતાવી અને રાજાનો હુકમ સંભળાવ્યો. પરદેશી સમજી ગયો કે ખરેખર આ રાજા ધૂની કે ગાંડો છે.

બીજે દિવસે તે પ્રતિમા પાસે જઈને ઊભો રહ્યો. પરંતુ પ્રતિમાને પગે લાગ્યો નહિ. આથી સૈનિકોએ તેને દરિયામાં ફેંકી દીધો. પરદેશીએ દરિયામાં ડૂબકી મારી અને ટાપુના બીજા છેડે બહાર નીકળી પાછો ટાપુ ઉપર આવી ગયો. સૈનિકો સમજી ગયાં કે પરદેશી દરિયામાં ડૂબી ગયો. એટલે હવે પાછો આવશે નહિ. પરંતુ બીજે દિવસે તે ફરી પ્રતિમા પાસે જઈ ઊભો રહ્યો, સૈનિકો તેને જોઈને ગભરાઈ ગયાં તેમને લાગ્યું કે આ કોઈ જાદુગર છે. તેઓ તેને રાજા પાસે લઈ ગયાં.

પરદેશીએ રાજાને દરિયામાં મુસાફરી થઈ શકે, તથા તરી શકાય ત
વિષેની બધી વાતો શીખવી. રાજા ખુશ થયો. તેણે પરદેશીને કહ્યુ
"તું મને આ બધી કળા શીખવ." પરંતુ પરદેશીએ કહ્યું, "મારી બે
શરત છે. પહેલી એ કે તમારી આ પ્રતિમાને તોડી દરિયામાં ફેંકી દો
કારણ કે, આ પ્રતિમા તો નિર્જીવ છે. તે માણસના હાથની બનાવેલ
છે. તેની પૂજા ના થાય. પથ્થરને પૂજવાનો શો અર્થ છે? અને બીજ
શરત કે તરવાની કળા હું પહેલાં આ ટાપુ પરના જુવાનોને શીખવી
અને પછી રાજાને." કારણ કે પરદેશીને આ ધૂની રાજા પર વિશ્વાસ
ન હતો. રાજા બંને શરતો સ્વીકારવા તૈયાર થયો.

પરદેશીએ પહેલાં જુવાનોને પછી રાજાને તથા પ્રજાને તરત શીખવ્યું. તરાપો હોડી, વહાણ બનાવતાં શીખવ્યું. સમુદ્રમાં મુસાફર કરતાં શીખવ્યું. અને ઘણું બધું શીખવ્યું. આથી રાજા અને પ્રજા ખુશ થઈ ગયાં. હવે બીજાં ટાપુ સાથે તેમનો વ્યવહાર શરૂ થયો. લોક સુખી અને સમૃદ્ધ બનવા લાગ્યાં. રાજાએ એક મોટી મીજબાની ગોઠવ અને પરદેશીનું બહુમાન કર્યું. રાજા પણ હવે જરા સુધરી ગયો. તેથ પ્રજા પણ આનંદમાં રહેવા લાગી. આ રીતે એક ભલા અને સાહસિ પરદેશી માણસે ટાપુ પરનાં લોકોના જીવન બદલી નાખ્યાં.

બાળકો, આપણાં પવિત્રશાસ્ત્રમાં કયા રાજાએ સોનાની પ્રતિમાને ક્યાં મૂકી? અને કયા ત્રણ માણસોએ તેની પૂજા ન કરી? રાજાએ તેમને શી શિક્ષા કરી? દાનિયેલના પુસ્તકમાંથી આ વાત વાંચજો.

મૂર્તિને પગે લાગવું નહિ તે કઈ આજ્ઞા છે? ગીતશાસ્ત્ર ૧૧૫. ૧ થી ૮ કલમમાં મૂર્તિ વિશે શું લખેલું છે તે વાંચજો.

## ૨૩ ઝભ્ભો

રોમ શહેરની આ વાત છે. ત્યાં માર્સેલસ નામે એક શૂરવીર યોદ્ધો રહેતો હતો. તેની પાસે દેમેત્રિયસ નામે એક ગુલામ હતો. પરંતુ બંને મિત્ર જેવાં હતાં. હવે યરુશાલેમમાં દર વર્ષે યહૂદીઓ પાસ્ખા પર્વ પાળવા દુનિયાભરમાંથી આવતાં. ત્યારે વ્યવસ્થા માટે દરેક રાજ્યમાંથી એક એક ટૂકડી મોકલવામાં આવતી. તેમાં આ વર્ષે માર્સેલસને પણ યરુશાલેમ જવાનું થયું. તે પોતાના ગુલામને લઈ યરુશાલેમ ગયો.

માર્સેલસ તો પોતાના ફરજના સ્થળ પર જતો રહ્યો. તેથી દેમેત્રિયસ એકલો પડ્યો. અને આમ તેમ ફરવા લાગ્યો. ત્યાં તેણે જોયું તો એક સરઘસ નીકળ્યું હતું. લોકો ખજૂરીની ડાળી લઈ હોસાન્ના હોસાન્ના બોલતાં હતાં. અને માર્ગમોં પોતાના કપડાં પાથરતાં હતાં. દેમેત્રિયસ ભીડમાં માર્ગ કરતો સરઘસની છેક વચ્ચે ગયો. ત્યાં તેણે જોયું કે. સોનેરીવાળ વાળો એક દિવ્ય યુવાન એક ગધેડા પર બેઠેલો હતો અને એક નાનું ટોળું આ ગધેડાને ઘેરીને ચાલતું હતું. લોકો તેને યહૂદીઓનો રાજા માનતાં હતાં. પરંતુ આ રાજાના માથા પર મુગટ કે રાજવી પોષાક ન હતાં. તેણે તો એક સાદો હાથવણાટનો લાંબો ઝભ્ભો પહેર્યો હતો. તેનાં મોં પર અલૌકિક ભાવ હતાં. જાણે સારી માનવ જાતનાં દુઃખ પોતાને માથે ઉઠાવ્યાં ના હોય? દેમેત્રિયસ છેક આ દિવ્ય જુવાનની નજીક ગયો. અને એટલામાં આ દિવ્યપુરુષની નજર દેમેત્રિયસ પર પડી. બંનેની નજર મળી. અને દેમેત્રિયસ તો સ્તબ્ધ થઈ ગયો. તેની નજરમાં નરી દયા અને પ્રેમ વરસતાં હતાં. જાણે તે દેમેત્રિયસને

બોલાવતો ન હોય? એવું તેને લાગ્યું. પરંતુ ત્યાર પછી દેમેત્રિયસને ખૂબ જ શાંતિ અને સુખનો અનુભવ થયો, આનંદ પણ થયો અને તે ટોળામાંથી બહાર નીકળી ગયો. આ જુવાન તે ઈસુ ખ્રિસ્ત પોતે હતાં.

તે પછી ઈસુને એક વાડીમાંથી પકડી ગયાં. તેમને માથે રાજદ્રોહનો આરોપ મૂકવામાં આવ્યો. અને તેમને મૃત્યુદંડની સજા થઈ. તે દિવસે ઈસુની સાથે બીજા બે ચોરોને પણ વધસ્તંભે જડવાની સજા થઈ હતી. પરંતુ ઈસુને વધસ્તંભે જડવાની ઘણી કપરી અને ઘૃણાસ્પદ જવાબદારી માર્સેલસને સોંપવામાં આવી. આ ત્રણ વધસ્તંભમાં ઈસુનો વધસ્તંભ વચ્ચે હતો. જીવતા માણસના હાથે પગે ખીલા ઠોકવા, લોહીની ધારાઓ છૂટવી તથા તે માણસની દયાજનક ચીસો આ બધું પાર પાડવા માટે નશાથી મગજને જડ કરવું પડતું. માર્સેલસે પણ નશાથી પોતાનું મગજ જડ કર્યું. અને આ કાર્ય પૂરું કર્યું. ત્યાર પછી બધાં વધસ્તંભ આગળ બેઠાં ત્યારે ઈસુએ તેઓને માટે પ્રાર્થના કરી કે, "હે બાપ, તેઓને માફ કર. કારણ કે તેઓ શું કરે છે, તે તેઓ જાણતા નથી." આ સાંભળી માર્સેલસ એકદમ દુઃખી થઈ ગયો. ત્યાં બેઠેલાંઓમાંથી કોઈકે દેમેત્રિયસને કહ્યું પેલા વચલા વધસ્તંભ આગળ જે ઝભ્ભો પડ્યો હતો તે લાવ. દેમેત્રિયસે ઝભ્ભો લાવી તેઓને આપ્યો. અને તેઓએ ઝભ્ભાને માટે ચિઠ્ઠીઓ નાખી તો માર્સેલસના નામની ચિઠ્ઠી નીકળી. આથી તેના ગુલામ મિત્ર દેમેત્રિયસે આ ઝભ્ભો લઈ લીધો. અને ઝભ્ભાના સ્પર્શથી તેને ખૂબ જ શાંતિ મળી. થોડીવારે બધાંએ મશ્કરીમાં માર્સેલસને આ ઝભ્ભો પહેરવાનું કહ્યું. ઇચ્છા ન હોવા છતાં માર્સેલસને આ ઝભ્ભો પહેરવો પડ્યો. તેને તો ઈસુને વધસ્તંભે જડવાના કાર્યથી

ખૂબ જ દુઃખ થતું હતું અને શરમ લાગતી હતી. તેણે જેવી ઝભ્ભાની બોંયમાં હાથ નાખ્યો કે વધસ્તંભનું દૃશ્ય તેની આંખ આગળ આવ્યું. અને તેનાં હાથપગ કાંપવા લાગ્યાં. તે ખુરશીમાં ફસડાઈ પડ્યો અને તેણે માનસિક સમતુલા ગુમાવી દીધી. તેના ગુલામે ઝભ્ભો ઉતારી પોતાની પાસે રાખી લીધો અને પોતાના માલિકને સંભાળી લીધા.

તે પછી માર્સેલસની માનસિક હાલત બગડતી ગઈ. તે ગમે તેમ લવારો કરતો અને દરેકને પૂછતો "શું તમે ત્યાં હાજર હતા?" ઘણીવાર તે શાંત અને દુઃખી થઈ રડ્યા કરતો. આવા સમયે તેનો ગુલામ મિત્ર દેમેત્રિયસ તેને આશ્વાસન આપતા કહેતો, "માલિક, જે ઝભ્ભાથી તમે બીમાર પડ્યાં છો તો તે જ ઝભ્ભાથી તમે સાજા પણ થઈ શકો છો." પરંતુ માર્સેલસ તો ઝભ્ભાને બાળી નાખવાનો જ હુકમ કરતો. પરંતુ દેમેત્રિયસે ઝભ્ભાને સાચવીને પોતાની પાસે રાખી લીધો હતો. અને એક દિવસે આ માર્સેલસે પોતાની પાગલ જેવી જીંદગીથી કંટાળી આપઘાત કરવાનો વિચાર કર્યો. અને પોતાનું ખંજર શોધવા તે દેમેત્રિયસનો થેલો લેવા ગયો. પરંતુ તેના ગુલામે થેલાની ઉપર જ ઝભ્ભો લટકાવ્યો હતો. ધ્રૂજતા ધ્રૂજતા તેણે ઝભ્ભો લેવા હાથ લંબાવ્યો અને ઝપટ મારી ઝભ્ભો લઈ લીધો. તેણે ઝભ્ભા ઉપર હાથ ફેરવ્યો અને અજવાળાંમાં ધારી ધારીને જોયો. તેની બીક જતી રહી, ઉશ્કેરાટ શમી ગયો, બોજ હઠી ગયો, તે સંપૂર્ણ સ્વસ્થ અને સાજો થઈ ગયો. પછી તેણે સુઘડ અને વ્યવસ્થિત કપડાં પહેર્યાં.

એટલામાં તેનો ગુલામ મિત્ર દેમેત્રિયસ આવ્યો. પોતાના માલિકને સાજા થયેલા જોઈ તેના આનંદનો પાર ના રહ્યો. માર્સેલસે દેમેત્રિયસને સઘળી વાત કરી અને કહ્યું, "કોઈ સારા કારીગર

પાસે આપણે આ ઝભ્ભાને સરસ રીતે સંધાવીએ અને તેને આપણી પાસે જ રાખીએ.'' દેમેત્રિયસે કહ્યું, ''માલિક! હું એટલી જ આશા રાખતો હતો.'' પછી બંને મિત્રભાવે ભેટ્યાં અને માર્સેલસે કહ્યું, ''શબ્દોમાં વર્ણવી ન શકાય તેવું જીવન આપણને મળ્યું છે.'' તે જાણી તેમને ખૂબ આનંદ થયો. અને ઈસુને પગલે ચાલી તેના મહિમાને અર્થે પોતાનું જીવન તેમણે પૂરું કર્યું.

બાળકો, ગયા મહિને આપણે ગુડફ્રાઈડે અને ઈસ્ટરના તહેવારોની ઉજવણી કરીએ છીએ. આ વાર્તા ઈસુના પરાક્રમી ઝભ્ભાની છે. ઈસુના ઝભ્ભાની કોરને અડકીને કોણ સાજું થયું હતું? ''મારા ઝભ્ભાને માટે તેઓ ચિઠ્ઠી નાખે છે.'' આ વાક્ય ગીતશાસ્ત્રના કયા અધ્યાયમાં આવે છે તે શોધજો.

માર્સેલસ વિશેની બીજી સુંદર વાર્તા હવે પછી જોઈશું.

## ૨૪ ખોલકું

બાળકો, માર્સેલસ અને તેના ગુલામ મિત્ર દેમેત્રિયસે પોતાનું જીવન ઈસુને અર્પણ કર્યું તે આપણે જોયું. હવે આ માર્સેલસ ઈસુ વિષે વધુ જાણવાની ઇચ્છાથી પેલેસ્ટાઈન દેશના પ્રવાસે ગયો. ત્યાં જસ્ટસ નામનો એક માણસ કે જે ઈસુની સાથે રહ્યો હતો તેની ઓળખાણ થઈ. તેને માર્સેલસે ભોમિયા તરીકે પોતાની સાથે રાખ્યો. તે પ્રવાસમાં માર્સેલસને ઈસુ વિશે વાતો કરતો હતો.

હવે આ જસ્ટસને એક દીકરી હતી અને તે દીકરીના દીકરાનું નામ જોનાથાન હતું. તે આશરે ૧૦ વર્ષનો હતો. જોનાથાનના પિતાનું અવસાન થયું હતું. જસ્ટસને જોનાથાન ઘણો વહાલો હતો. જોનાથાન જન્મથી અપંગ હતો. પરંતુ ઈસુએ જોનાથાનના પગને સાજા કર્યા હતાં. તેથી હવે તે બંને પગે દોડતો અને કૂદતો ઝડપથી ચાલતો હતો. તથા ઈસુની દરેક વાત માનતો હતો. રસ્તામાંથી માર્સેલસે એક ગધેડીના ખોલકાને વેચાતું લીધું. આ ખોલકાનું નામ તેના માલિકે જાસ્પર રાખ્યું હતું. ખોલકા સાથે એક લગામ અને ઘંટડી પણ ખરીદ્યાં. અને માર્સેલસ તથા જસ્ટસ જોનાથાનને ઘેર આવ્યા. જોનાથાન તો પોતાના વહાલા દાદાને જોઈને બાઝી પડ્યો. જસ્ટસે પણ જોનાથાનને ઊંચકી લીધો, અને માર્સેલસની ઓળખાણ કરાવી ત્યારે જોનાથાને ખોલકાને જોઈ પૂછયું, "આ ખોલકું આપનું છે?" માર્સેલસે હા પાડી અને પૂછ્યું "તારે એના પર બેસવું છે?" જોનાથાન તો હા કહીને ખોલકા પર ચઢી ગયો. તેને તો ખૂબ જ આનંદ થયો. માર્સેલસે તેના હાથમાં લગામ પકડાવી

અને કહ્યું "આ ખોલકાનું નામ જાસ્પર છે અને હવે તે તારું છે. મેં તને ભેટ આપી છે." જોનાથાને કહ્યું, "ઈસુએ આપને બીજાને આપવા વિશે કહ્યું છે? જુઓ મારા ખોડ વાળા પગ પણ ઈસુએ જ સાજા કરી દીધા તેથી હવે હું દોડું છું. અને ઝડપથી ચાલુ પણ છું. પહેલા તો હું ચાલી શકતો નહોતો." આ રીતે માર્સેલસને જોનાથાન પાસેથી પણ ઈસુ સંબંધી ઘણી વાતો જાણવા મળી.

જોનાથાનને થોમાસ નામે એક મિત્ર હતો તે પણ પગે અપંગ હતો. પરંતુ બીજે ગામ રહેતો હતો. તે કોઈ કારણસર જોનાથાનને ગામ આવ્યો હતો. તેણે દાદાજીને કહ્યું, "થોમાસના પગ પણ મારા જેમ સાજા થઈ ગયાં હોત તો કેવું સારું!" દાદાએ કહ્યું. "ઈસુએ તારા પગ સાજા કર્યાં તો તારે પણ ઈસુને ગમે તેવું કંઈ કરવું જોઈએ." જોનાથાન બોલ્યો. "હું તો નાનો છું હું શું કરી શકું?" દાદાએ કહ્યું, "કોઈ માટે ઈસુ કંઈ ન કરી શક્યાં હોય તેવા માટે તું કંઈ કરી શકે છે. થોમાસને ઉપયોગી થાય એવું તું કંઈક તેને માટે કર." જોનાથાન દાદાનો ઈશારો સમજી ગયો. પરંતુ જાસ્પર ખોલકું તેને ઘણું વહાલું હતું. તેથી દાદાજીની વાત સાંભળી તે દુઃખી થઈ ગયો. પરંતુ તે સમજતો હતો કે મારા પગ સાજા કરીને ઈસુએ મને ઘણું બધું આપી દીધું છે. તો થોમાસને ઉપયોગી થવા માટે મારે આ ખોલકું આપી દેવું જોઈએ. એથી ઈસુને જરૂર આનંદ થશે. એમ વિચારી તે બીજે દિવસે વહેલી સવારે થોમસને ખોલકું, લગામ અને ઘંટડી આપી આવ્યો. થોમાસ તો ખૂબ રાજી થઈ ગયો. અને જોનાથાનનો ઘણો આભાર માનવા લાગ્યો. ગામ લોકોએ આ વાત જાણી ત્યારે બધાં જોનાથાનનાં ખૂબ વખાણ કરવા લાગ્યાં. પરંતુ ખોલકું આપી જોનાથાન દુઃખી થઈ ગયો હતો.

માર્સેલસે તેને ઉત્તેજન આપતાં કહ્યું, "કેમ જોનાથાન! થોમાસને ખોલકું આપી આવ્યો? તેં તો ખૂબ સરસ કામ કર્યું. તારે તો ઈશ્વરના દીધેલા બે જોરદાર પગ છે પછી ખોલકું શા કામનું હતું? ફક્ત શોખ માટે જ રાખવાનું હતું ને? તારા મિત્ર થોમાસને તે કેટલું ઉપયોગી થઈ પડશે?"

"એ ખરું, પણ જાસ્પર ખોલકું કેટલું સરસ હતું. તેના પર બેસવાની કેવી મજા પડતી હતી?" માર્સેલસે તેને સમજાવતાં કહ્યું, "તેં તો ખૂબ જ ઉત્તમ કામ કર્યું છે. પછી ખોલકાને યાદ કરી કામ બગાડવાનું નહિ. તું તો બહુ મજબૂત મનવાળો છે, હવે એ બધું ભૂલી જા."

એટલામાં તેના દાદા આવ્યા અને કહ્યું, "જોનાથાન બેટા, તારે પણ અમારી સાથે પ્રવાસમાં આવવાનું છે." તે સાંભળી જોનાથાન ખોલકાની વાત ભૂલી ગયો અને પ્રવાસની તૈયારી કરવા લાગ્યો. માર્સેલસને વિચાર આવ્યો ઈસુના મૃત્યુને એક વર્ષ ઉપર સમય પસાર થઈ ગયો હોવા છતાં આ કુટુંબમાં આટલો નાનો બાળક કેવી ઉચ્ચ ભાવના પચાવી શક્યો છે?

બાળકો, ઈસુએ જ્યારે યરુશાલેમમાં વિજયવંત પ્રવેશ કર્યો ત્યારે તે ખોલકા પર બેઠાં હતાં. આ વાત સંબંધીની આગાહી ઝખાર્યા પ્રબોધકના પુસ્તકમાં છે તે શોધજો. અને આ વાર્તામાં આવતાં જસ્ટસના પાત્રને ઓળખવા માટે પ્રે.કૃ. ૧: ૨૧ થી૨૬ કલમો વાંચજો.

## ૨૫ ચિંતા

એક મૂર્ખ રાજા હતો. તેને નબળા, પાતળા અને માયકાંગલા જેવા લોકો ગમતાં નહિ. તેને તો જાડા અને તંદુરસ્ત માણસો જ ગમતાં. તેથી તેણે હુકમ બહાર પાડ્યો કે કોઈએ નબળા પાતળા રહેવું નહિ. જે કોઈ નબળા પાતળા જણાશે તેને શિક્ષા કરવામાં આવશે. આથી લોકોએ દૂધ, ઘી અને ચોખ્ખા ઘીની મીઠાઈઓ ખાવા માંડી. બજારમાં પણ દૂધ, ઘી અને મીઠાઈઓની પુષ્કળ દુકાનો ખૂલવા લાગી.

આ રાજાને એક કુંવરી હતી તે પણ દૂધ, ઘી અને પુષ્કળ મીઠાઈઓ ખાઈને ખૂબ જાડી થઈ ગઈ. પરંતુ તે એટલી બધી જાડી થઈ ગઈ કે તેનાથી ઊઠી બેસી શકાતું પણ નહોતું. ચલાતું તો બિલકુલ નહિ. તે સૂઈ જ રહેવા લાગી. તેને પડખું ફેરવવા માટે પણ દાસીઓ આવતી. આ દાસીઓ પણ ખૂબ જાડી હતી તેથી કુંવરીને ખૂબ મુશ્કેલી પડવા લાગી. રાજાને પણ ચિંતા થવા લાગી કારણ કે આ જાડાપણું તે કુંવરીનો રોગ સાબિત થયો હતો. રાજાએ જણાવ્યુંકે જે કોઈ કુંવરીને પાતળી બનાવશે તેને આખું રાજ્ય આપીશ. અને કુંવરીના લગ્ન તેની સાથે કરાવીશ. અને જો નહિ કરી શકે તો ફાંસીની શિક્ષા થશે, ફાંસીની શિક્ષા સાંભળી કોઈ ઇલાજ કરવા તૈયાર થયું નહિ. કદાચ ઇલાજ સફળ ના થાય તો?

એવામાં એક પરદેશી જુવાન ત્યાં આવ્યો. અને તેણે આ સાંભળ્યું પછી તે કુંવરીનો ઇલાજ કરવા તૈયાર થયો. પ્રથમ તેણે રાજા પાસે આવી કહ્યું, ''હું એક જ્યોતિષી છું. પહેલાં હું આપની

દીકરીનું ભવિષ્ય જોઉં અને પછી ઇલાજ કરું. મારો ઇલાજ સો ટકા સફળ થશે જ. એવી ખાત્રી આપું." રાજાએ હા પાડી અને આ પરદેશી જુવાને કુંવરીનો હાથ જોઈ આડા અવળા આંકડા માંડી જણાવ્યું કે આ કુંવરીનો ઇલાજ કરવાની કોઈ જરૂર નથી. કારણ કે આજથી ૧૦૦ માં દિવસે કુંવરીનું મૃત્યુ થશે."

આ સાંભળી રાજા અને કુંવરી ગભરાઈ ગયાં. અને બે ત્રણ વખત આ પરદેશી જુવાન પાસે ગણત્રી કરાવી. પરંતુ તેણે તો ખાત્રીથી એમ જ કહ્યું કે આજથી ૧૦૦ માં દિવસે તેનું મૃત્યુ નક્કી છે. હું હવે જાઉં છું અને ૧૦૦ માં દિવસે અહીં આવી જઈશ. એમ કહી તે ચાલ્યો ગયો. કુંવરી તો ખૂબ દુઃખી થઈ ગઈ. તેણે ખાવા પીવાનું તથા મોજમજા કરવાનું ઓછું કરી નાખ્યું. તે આખો દિવસ ચિંતા અને દુઃખમાં રહેવા લાગી. ધીમે ધીમે તેનું વજન ઘટવા લાગ્યું. તેનું શરીર સુકાવા લાગ્યું. મૃત્યુના ભયથી તેને બીજા કશા વિચારો આવતાં નહિ. એમ કરતાં કરતાં ૧૦૦ મો દિવસ આવી ગયોં. વહેલી સવારે પેલો પરદેશી જુવાન પણ રાજાના મહેલે હાજર થઈ ગયો. રાજા, કુંવરી અને બીજા બધાં લોકો કુંવરીના મૃત્યુની રાહ જોવા લાગ્યા. તો આખો દિવસ પસાર થઈ ગયો. રાત્રી પણ પસાર થઈ ગઈ. રાજા, પ્રજા અને પેલો પરદેશી જુવાન ત્યાં હાજર જ રહ્યાં. ૧૦૧માં દિવસનું સવાર થયું. કુંવરીને કંઈ ના થયું. બધાં રાજી રાજી થઈ ગયાં.

રાજાએ પરદેશી જુવાનને કહ્યું. "તમારું જ્યોતિષ ખોટું પડ્યું છે માટે તમને શિક્ષા કરવામાં આવશે." પરદેશી જુવાને કહ્યું. "મારું જ્યોતિષ ખોટું પડ્યું છે તે વાત સાચી છે. પરંતુ કુંવરીને પાતળી કરવાનો મારો ઇલાજ સફળ થયો છે." રાજાએ કહ્યું. "તમે ક્યાં પાતળા થવાની દવા કરી છે?" પરદેશી જુવાને કહ્યું.

"મેં તેને મૃત્યુની ચિંતા અને બીકની દવા આપી, અને જુઓ તેનું જાડાપણું કેવું દૂર થઈ ગયું છે!" રાજા અને કુંવરી બોલી ઊઠ્યાં "અરે! એ તો અમે ભૂલી જ ગયાં. તમે તો જાડાપણાનો ઇલાજ કરવા આવ્યા હતા! અને તમારો ઇલાજ ખરેખર સફળ થયો છે." પછી રાજાએ પોતાના વચન પ્રમાણે પરદેશી જુવાન અને કુંવરીના લગ્ન કરાવ્યા. તેમણે કુશળતાથી રાજ્ય વહીવટ સંભાળ્યો અને પ્રજા પણ સુખમાં રહેવા લાગી.

બાળકો, કુંવરીની મૃત્યુની ચિંતા તો તેના જાડાપણાનો ઇલાજ સાબિત થઈ. પરંતુ દરેક મનુષ્યને કંઈ ને કંઈ ચિંતા તો હોય છે જ. કોઈને ઘરની ચિંતા, તો કોઈને બીમારીની, કોઈને પૈસાની, તો કોઈને નોકરીની અને તમારા જેવા વિદ્યાર્થીઓને રીઝલ્ટની ચિંતા. પરંતુ આપણો પ્રભુ ચિંતા કરવા વિષે શું શિક્ષણ આપે છે? તે વિષે માથ્થી ૬:૨૫ થી ૩૪ કલમો વાંચજો. "અને તમારી સર્વ ચિંતા તેના પર નાખો, કેમ કે તે તમારી સંભાળ રાખે છે." આ વાક્ય પિતરનાં પહેલાં પત્ર અને પાંચમાં અધ્યાયમાંથી શોધી કાઢજો.

## ૨૬ પ્રભુમંદિર

એક શહેરમાં એક ખૂબ પૈસાદાર માણસ રહેતો હતો. તેનું નામ ધનપાલ હતું. તેની પાસે પુષ્કળ માલમિલકત અને જમીન જાગીર હતાં. આમ તો તે ઘણો કંજૂસ હતો. પરંતુ લોકોમાં તેનું માન વધે, અને લોકો તેને સલામો ભરે એવું તેને ખૂબ ગમતું. તેથી પોતાની ઘણીબધી સંપત્તિમાંથી તે કોઈવાર થોડું ઘણું દાન કરતો અને નામના મેળવતો.

એક વખત તેને વિચાર આવ્યો કે, હું એવું કંઈ કરું કે લોકો હંમેશને માટે મને યાદ કરે. અને માન આપે. તેથી તેણે એક મંદિર બંધાવવાનો વિચાર કર્યો કે, મંદિરમાં લોકો ઈશ્વરની સાથે મારું પણ નામ મોટું મનાવે, તેથી તેણે કારીગરોને બોલાવી મંદિર બાંધવાની બધી વ્યવસ્થા કરાવી. પરંતુ તે સમયમાં બાંધકામનો માલસામાન લાવવા માટે કંઈ સાધનો ન હતાં. ઊંટગાડી, બળદગાડું કે ગધેડા ઉપર જ વસ્તુઓ લાવવી પડતી. તેમાં એક નાનો છોકરો પોતાનાં છ ગધેડા સાથે નદીમાંથી રેતી લાવવાના કામે રહ્યો. હવે નદી ઘણી દૂર હતી. અને રસ્તામાં ફક્ત એક જ કૂવો હતો. તેમાં પણ પાણી ઘણું ઊંડું રહેતું. એટલે રસ્તામાં પાણી માટે કોઈ સગવડ ન હતી. લાંબો રસ્તો હોવાથી ગધેડાં રસ્તામાં તરસ્યાં થઈ જતાં.

તાપ પુષ્કળ પડતો હતો. અને એક દિવસ કૂવા પાસે આવતાં આ છોકરાનાં ત્રણ ગધેડાં ખૂબ થાકી ગયા અને રસ્તા વચ્ચે જ બેસી પડ્યાં, છોકરાંએ ખૂબ મહેનત કરી પણ ગધેડાં ઊઠ્યાં જ નહિ, અને મરવા જેવા થઈ ગયાં. છોકરો ગભરાઈ ગયો, તેણે બૂમ પાડી, પરંતુ ત્યાં તેની બૂમો સાંભળે તેવું કોઈ ન હતું. તેવામાં

કૂવેથી એક ગરીબ વિધવાબાઈ માથે પાણીનું બેડું લઈ આવી તે બાઈનું નામ દયા હતું. છોકરાએ રડતાં રડતાં બધી વાત કરી. પ્રભુમંદિર બંધાય છે તે જાણી બાઈને આનંદ થયો તેને ગધેડાં પર દયા આવી, તેણે ગધેડાંને પાણી પાયું. થોડી વારે ગધેડાં ઊભાં થયાં અને ધીમેધીમે ચાલવા લાગ્યાં. બાઈને વિચાર આવ્યો, પ્રભુનું મંદિર બંધાય છે તો તેમાં મારે પણ કંઈક મદદ કરવી જોઈએ. પરંતુ હું તો ખૂબ જ ગરીબ છું હું તો શી મદદ કરી શકું? પછી તેણે કૂવા આગળ એક ખાડો ખોદ્યો અને કૂવામાંથી પાણી ખેંચી આ મોટો ખાડો ભર્યો. જ્યારે ગધેડાં કૂવા આગળથી પસાર થતાં ત્યારે તે ખાડામાંથી પાણી પી તરસ છીપાવતાં. આમ, આ બાઈ, દરરોજ મંદિરના બાંધકામ માટે રેતી લઈ જનાર છોકરાંને અને ગધેડાને પાણી પીવડાવતી. કોઈવાર ગધેડાં માટે ઘાસચારો પણ લાવતી અને છોકરાને બટકું રોટલોયે આપતી. તેનાં મનમાં એક જ ભાવના હતી કે પ્રભુમંદિર બંધાય છે તેમાં રેતી લઈ જનારને મારે કંઈ મદદ કરવી. એ પ્રભુનું કામ છે.

એમ કરતાં કરતાં મંદિરનું બાંધકામ પૂરું થયું અને ધનપાલ શેઠે મંદિરમાં પોતાનાં નામની તકતી મૂકાવી કે, શેઠ શ્રી ધનપાલના સૌજન્યથી આ પ્રભુમંદિર બાંધવામાં આવ્યું છે. પછી પ્રભુમંદિરની અર્પણ વિધી કરવાનો દિવસ ઠરાવ્યો. ગામમાં બધાંને આમંત્રણ આપ્યાં, અને મોટો જમણવાર કરવાનું ઠરાવ્યું. ગામમાં તો ધનપાલ શેઠનાં ખૂબ વખાણ થવા લાગ્યાં. બધાં શેઠજી શેઠજી કહીને સલામો ભરવા લાગ્યાં, અને ધનપાલ શેઠ મનમાં ને મનમાં ખૂબ ફૂલાવા લાગ્યાં.

ઠરાવેલા દિવસે બધાં મંદિર આગળ ભેગાં થયાં. અને શેઠના નામની તકતી ઉપરથી કપડું ખસેડવામાં આવ્યું. પરંતુ આ શું?

તકતી ઉપર શેઠના નામને બદલે ગરીબ વિધવાબાઈ, જે ગધેડાંને પાણી પીવડાવતી હતી તે દયાબાઈનું નામ લખેલું હતું. શેઠ અને લોકો તો નવાઈ પામી ગયાં. આમ કેમ બન્યું? આ બાઈ કોણ છે? વગેરે ચર્ચા થવા લાગી. શેઠે નોકરોને દોડાવી બાઈની તપાસ કરાવી તો ઘણે દૂર એક ઝૂંપડીમાંથી તેની ભાળ મળી. નોકરો બાઈને શેઠ પાસે લઈ આવ્યાં, બાઈ તો ગભરાઈ ગઈ. પરંતુ શેઠે પૂછ્યું એટલે તેણે ગધેડાંને પાણી પીવડાવવાની પોતાની ભાવનાની વાત કરી. શેઠની આંખ ઊઘડી ગઈ. તેમને સમજાયું કે, મંદિર બાંધવા માટે મારા કરતાં આ બાઈની ભાવના ઊંચી છે. અને આ તો પ્રભુનો ચમત્કાર છે. તેણે તકતી ઉપર દયાબાઈનું નામ જ રહેવા દીધું, અને લોકોએ મંદિરના પ્રભુનું ભજન કર્યું. હવે ખરેખર! સાચા અર્થમાં લોકોએ શેઠના વખાણ કર્યા અને શેઠને પણ સાચો આનંદ પ્રાપ્ત થયો. કહે છે કે શેઠને સાચે માર્ગે દોરવા અને ગરીબ વિધવા બાઈની ભાવના જોઈને દૂતે આકાશથી આવીને પોતાની આંગળીથી શેઠનું નામ ભૂંસી અને વિધવા બાઈનું નામ લખ્યું હતું.

બાળકો, પોતાની મોટાઈ બતાવવા કે મન વગર કરેલા કોઈપણ સેવાકાર્ય, દાન કે પ્રાર્થના પ્રભુને માન્ય નથી. તેને તો પ્રેમથી, આનંદથી અને નિસ્વાર્થ ભાવે કરેલાં કાર્યો જ માન્ય છે.

નવા કરારમાંથી વિધવાબાઈનું દાનાર્પણ માન્ય થયું. શા માટે? દાણી ફરોશીમાંથી કોની પ્રાર્થના માન્ય થઈ? શા માટે? અને ઉત્પત્તિના પુસ્તકમાંથી બે સગાભાઈઓના અર્પણની વાત વાંચજો. તે બે સગાભાઈઓનાં નામ શું છે? અને સૌ પ્રથમ મંદિર મોરીયાહ પર્વત પર બંધાયું હતું. વાંચો ૧ કાળ. ૨૧ : ૨૮ થી ૩૦ અને ૨૨ : ૧ લી કલમ.

## ૨૭ નવી દૃષ્ટિ

એક નાનો છોકરો હતો. તેનું નામ કેતન. તે ખૂબ જ તોફાની અને અટકચાળો હતો. માતાપિતાનું તે એક જ સંતાન હતો. પરંતુ તેના માતાપિતા તેના તોફાનથી કંટાળી ગયાં હતાં. સ્કૂલમાં કે દેવળમાં જવાનું તો કેતનને જરાય ગમે નહિ અને જો જાય તો કોઈની સાથે ઝઘડો કરીને જ આવે. રસ્તે જતાં કોઈ વૃદ્ધ દાદા, દાદી લાકડીનાં ટેકાથી ચાલતાં હોય તો તે ધીમે રહીને લાકડી ખેંચી લે. અને વૃદ્ધ દાદા કે દાદી પડી જાય તે જોઈ તેને આનંદ થાય. માટલું ભરીને જતી ગામની સ્ત્રીઓના માટલાંને ગીલોલથી પથ્થર મારે અને માટલું ફોડે, પાણી ઢોળાય તે જોઈ તેને મજા પડતી. ઘેરથી સ્કૂલમાં જવા નીકળે પછી, તડકે ઊભો રહે. શરીર બરાબર ગરમ થાય પછી ઘેર આવી ઢીલો થઈ માને કહે, મને તાવ આવ્યો છે. મા શરીરને અડકે અને ગરમ લાગે એટલે સમજે કે ખરેખર તાવ આવ્યો છે. નાના છોકરાને ધક્કો મારીને પાડી નાખે અને પછી હસે. તેના તોફાનો માટે માતાપિતાને ખૂબ સહન કરવું પડતું. તેને ખૂબ માર પડતો, ખાવાનું પણ મળતું નહિ. માતાપિતા તેના માટે પ્રાર્થના કરતાં, તેને શિખામણ આપતાં અને તેને માટે ખૂબ જ દુઃખી થતાં. પરતું કેતન સુધર્યો નહિ.

એક દિવસ કેતન તેના ઘરનાં ઓટલે બેઠો હતો. ત્યાં તેણે દૂર એક ગધેડાને ચરતું જોયું. તેના મનમાં વિચાર આવ્યો કે, આ ગધેડાની પૂંછડીએ એક પતરાનું ડબલુ બાંધ્યું હોય તો મજા આવે. વિચાર આવતાંની સાથે જ તે ઘરમાં ગયો અને એક પતરાનું ડબલુ તથા દોરી લઈ આવ્યો. દોરીનો એક છેડો ડબલાને બાંધ્યો અને ધીમે રહીને તે ગધેડાની પાછળ ગયો અને ગધેડાંની પૂંછડીએ બીજો છેડો બાંધવા ગયો કે તરત જ ગધેડાંએ પાછલાં બંને પગોથી

લાતાલાત કરી મૂકી. ગધેડાની લાતો કેતનને બરાબર મોં ઉપર જ વાગી. માથું, કપાળ, આંખ, નાક, હોઠ વગેરે છૂંદાઈ ગયાં. તેણે બૂમાબૂમ કરી. બધાં દોડી આવ્યાં અને કેતનને દવાખાને લઈ ગયા. ત્યાં તેને મોં પર પાટાપીંડી કરી. તેનાં દાંત પડી ગયાં હતાં અને નાકમાંથી લોહી નીકળતું હતું. કપાળમાં અને આંખોમાં પણ ખૂબ જ વાગ્યું હતું. ડૉક્ટરસાહેબે આંખે પાટા બાંધી દીધાં અને દવાખાનામાં દાખલ કર્યો. બે દિવસ પછી જ્યારે તેની આંખના પાટા છોડવામાં આવ્યા ત્યારે કેતને બૂમ પાડી કહ્યું, "આટલું બધું અંધારું કેમ છે? લાઈટ સળગાવો, અજવાળું કરો." તેની આંખોની તપાસ કરવામાં આવી. અને ડૉક્ટરે કહ્યું, કે "તને તેની દૃષ્ટિ ગુમાવી છે હવે તે જોઈ શકશે નહિ." આ સાંભળી તેને તથા તેના માતાપિતાને ખૂબ દુઃખ થયું. પરંતુ હવે શું થાય?

હવે કેતન એકદમ સુધરી ગયો. પોતે કરેલા તોફાનો બદલ તેને ખૂબ પસ્તાવો થવા લાગ્યો. દૃષ્ટિ જવાથી તે શાંત અને ડાહ્યો થઈ ગયો. જરૂર પૂરતું ખાઈ લેતો અને જાત જાતનાં અવાજો સાંભળતો અને એ શાનો અવાજ છે? તે ઓળખવાનો પ્રયત્ન કરતો. થોડા દિવસ પછી કેતનને શહેરની એક અંધશાળામાં મૂકવાનું નક્કી કર્યું. અને કેતન રાજીખુશીથી અંધશાળામાં દાખલ થઈ ગયો. ત્યાં તે બ્રેઈલ લિપિથી વાંચતાં શીખી ગયો, અને તેણે સંગીતની તાલીમ પણ લીધી. તે સુંદર વાજીંત્રો વગાડતો અને સરસ અવાજે ગીતો ગાતો. હવે તેનું બધું ધ્યાન સંગીતમાં જ રહેતું. જુદાજુદા સંગીતના પ્રોગ્રામોમાં તેને કામ મળવા લાગ્યું. તેથી તેને પૈસા પણ મળવા લાગ્યા તે નિયમિત દેવળમાં જવા લાગ્યો. પરંતુ પોતે અંધ હોવાનું દુઃખ તેને હમેશાં રહેતું.

એક દિવસ એક ધર્મસેવક સાથે તેની મુલાકાત થઈ. અને આ ધર્મસેવકે કેતનને બ્રેઈલ લિપિથી લખાયેલું એક બાઇબલ ભેટ આપ્યું. તેણે બાઇબલ ઊઘાડી એક જગ્યા પર આંગળી મૂકી તો

તેનાં વાંચવામાં યોહાન ૮ અને ૧૨મી કલમ આવી કે,"જગતનું અજવાળું હું છું, જે મારી પાછળ આવે છે તે અંધકારમાં નહિ ચાલશે, પણ જીવનનું અજવાળું પામશે" વળી માર્ક ૯ અને ૪૭મી કલમ પર પણ તેનું ધ્યાન ગયું કે "જો તારી આંખ તને ઠોકર ખવડાવે તો તેને કાઢી નાખ. બે આંખ છતાં નરકાગ્નિમાં નંખાવું.... તેના કરતાં કાણો થઈને દેવના રાજ્યમાં પેસવું તે તારે માટે સારું છે." આ વચનોથી કેતનનું જીવન એકદમ બદલાઈ ગયું. તેણે દેવળનાં ક્વાયરમાં પોતાની સેવા આપવાનું શરૂ કર્યું. પોતાની પાસે દૃષ્ટિ નથી તેનું દુઃખ હવે તેને લાગતું નહિ. તે એટલું જ સમજતો કે પ્રભુએ મારે માટે સારું જ કર્યું છે. તેણે મને એક નવી દૃષ્ટિ આપી છે. જીવન જીવવાની સુંદર વ્યવસ્થા કરી આપી છે. હવે કેતનને કોઈ વાતનું દુઃખ લાગતું ન હતું. તે બધાંની સાથે હસતો, બોલતો સંગીત સંભળાવતો અને આનંદથી જીવતો હતો. પણ જ્યારે તે ગધેડાંના ભૂંકવાનો અવાજ સાંભળતો ત્યારે તે મજાકમાં કહેતો કે ગધેડાની લાતોએ મને અંધ બનાવ્યો ખરો, પરંતુ ઈશ્વરે મને એક નવી દૃષ્ટિ આપી છે. તેના નામને માન, મહિમા, અને ગૌરવ હોજો!

બાળકો, આ નૂતનવર્ષે તમ સર્વને આપણા પ્રભુ તરફથી એક નવી દૃષ્ટિ મળે, નવો સંકલ્પ મળે કે જે તમારા જીવનોને પ્રકાશથી ભરી દે. અને નવા કરારમાંથી કેટલાં અંધ માણસોનો દૃષ્ટિ પ્રાપ્ત થઈ છે તે જરૂરથી વાંચજો.

હર શ્વાસમાં સૂર્ય ઝળહળ મુબારક!<br>
મંગલ ગુલાબી તમને પળ મુબારક.<br>
આજે અનો હવે પછી, આવનારા,<br>
વર્ષો નવાં ને એમના ફળ મુબારક!

## (૨૮) પિતાનો પ્રેમ

સૌરાષ્ટ્રનાં એક ખૂબ જ નાના ગામડામાં આનંદ નામે એક માણસ રહેતો હતો. તે જ્યારે નાનો હતો ત્યારે તેના માતાપિતાએ તેને ખૂબ જ લાડકોડમાં ઉછેર્યો હતો. આનંદને ભણવાનું કે કામ કરવાનું જરાય ગમતું નહિ. તે આખો દિવસ ગામની નદીમાં તર્યા કરતો. વખત જતાં માતાપિતા વૃદ્ધ થયાં. ઘરની જવાબદારી આનંદને માથે આવી, તે પરણ્યો. તેને બે પુત્રો થયાં. આ બધાંનું ગુજરાન ચલાવવામાં આનંદને ખૂબ મુશ્કેલી પડવા લાગી. તેના પિતાની થોડી જમીન હતી તેની ઊપજમાંથી બધાંનું પૂરું થતું નહિ. પોતાનાં પરિવાર તરફ તેને ખૂબ જ પ્રેમ હતો.

આથી આનંદે નોકરીની તપાસ કરી. અને દૂર સમુદ્ર કિનારે સહેલગાહે આવતાં લોકોના બંગલામાં તેને કામ મળી ગયું. ખેતીવાડી તેની પત્નીએ સંભાળી લીધી. અને આનંદ પોતાના પરિવારના સુખને ખાતર દૂર પરગામમાં બંગલામાં નોકરીએ લાગી ગયો. અહીં બંગલાના માલિકે તેને રૂા. ૧૦૦/-ના પગારથી નોકરીએ રાખ્યો. આનંદને ખૂબ જ મહેનત કરવી પડતી. આવનાર પ્રવાસીઓ આખો દિવસ આનંદને બજારના આંટાફેરા કરાવતાં. જો કામ બરાબર ના થાય તો ઠપકો પણ આપતાં. વળી બંગલાની સફાઈનું કામ પણ તેને કરવું પડતું. આ બધું આનંદ પોતાનાં પરિવારને જેમ બને તેમ વધારે પૈસા મોકલવા સહન કરી લેતો. તે ખૂબ જ ઓછી વસ્તુથી પોતાનું જીવન ગુજારતો કારણ કે જેટલા વધારે પૈસા બચે તે પોતાના ઘેર મોકલી શકાય કે જેથી તેનાં બાળકો, પત્ની અને માતાપિતાને મુશ્કેલી વેઠવી પડે નહિ.

એક દિવસ એક પ્રવાસી કુટુંબ બંગલામાં થોડા દિવસ માટે રહેવા આવ્યું. તેમાં બે બાળકો હતાં. આ બંને દીકરાઓને જોઈ

આનંદને પોતાના દીકરા ખૂબ જ યાદ આવવા લાગ્યાં. તેથી આનંદ આ બે બાળકો સાથે વાત કરવાનો પ્રયત્ન કરવા લાગ્યો. પરંતુ નોકર સાથે નોકર જેવું વર્તન કરવા ટેવાયેલા માતાપિતાએ પોતાના બાળકોને આનંદથી દૂર રહેવાની સૂચના આપી. બાળકોને પણ આનંદ સાથે રમવાની મજા પડવા લાગી હતી. તેથી માતાપિતાએ એક દિવસ આનંદને બોલાવી ઠપકો આપ્યો અને કહ્યું, ‘‘તું નોકર છે તેથી તારે બાળકોને બોલાવવા નહિ.’’

‘‘અમારાં બાળકો નોકરો સાથે હળેમળે એ અમને જરાય પસંદ નથી.’’

‘‘જી સાહેબ’’, એટલું કહી આનંદ જતો રહ્યો. પરંતુ બાળકો પ્રત્યેનો તેનો પ્રેમ જરાય ઓછો થયો નહિ. તે દૂરથી બાળકોને રમતા જોતો. અને પોતાનાં બાળકોને યાદ કરી ખુશી થતો.

એવામાં એક વાર સાંજના સમયે બંને બાળકો સમુદ્રનાં પાણીમાં કિનારા પર રમતાં હતાં. માતાપિતા પોતાની વાતોમાં મશગુલ હતાં. એવામાં એક મોટાં મોજાંએ આવીને નાના દીકરાને ગબડાવી દીધો. તરત જ ઉપરા ઉપરી સમુદ્રના મોજાની થપાટો આવતાં નાનો દીકરો સમુદ્રમાં ખેંચાવા લાગ્યો. આથી મોટા દીકરાએ બૂમાબૂમ કરી મૂકી. માતાપિતા તો ગભરાઈ ગયાં. પિતા સમુદ્રમાં કૂદી પડ્યાં.પરંતુ ત્યાં સુધીમાં નાનો દીકરો ઘણે દૂર ખેંચાઈ ગયો. દૂર ઊભેલાં આનંદે આ જોયું. પળનોય વિલંબ કર્યા વગર તે સમુદ્રમાં કૂદી પડ્યો. નદીમાં તરવાનો તેનો અનુભવ તેને અહીં ખૂબ કામ લાગ્યો. ઝપાટાબંધ તરતો તે બાળક સુધી પહોંચી ગયો. અને બે હાથે તેણે બાળકને પાણીથી ઊંચો રાખી દીધો. પરંતુ હાથની મદદ વગર તે હવે તરી શકતો ન હતો તેથી ડૂબવા લાગ્યો. છતાં પણ તેણે બે હાથે બાળકને ઉપર જ ધરી રાખ્યું હતું. એવામાં નજીકમાં તરતી એક હોડી આવી પહોંચી અને મછવાએ આનંદને

તથા બાળકને પોતાની હોડીમાં ખેંચી લીધાં, હોડી કિનારા પર આવી. બાળક તો લગભગ સલામત હતું. પરંતુ આનંદ બેભાન હાલતમાં હતો.

મછવાએ આનંદને ઊંધો પાડી તેના પેટમાંથી પાણી કાઢી નાખ્યું. થોડીવારે આનંદ ભાનમાં આવ્યો. બાળકના માતાપિતાને આનંદ સાથેના પોતાના વર્તન બદલ ખૂબ જ પસ્તાવો થયો. તેઓ આનંદ પાસે આવ્યાં. બંને બાળકોને પણ લાવ્યાં. આનંદે હાથ જોડ્યાં અને કહ્યું, "સાહેબ, તમારા બે દીકરાઓ જેવાં મારે પણ બે દીકરાઓ છે અને તેઓ ખૂબ દૂર ગામડે રહે છે. તમારા નાના દીકરાને સમુદ્રમાં તણાતો જોઈ તેમાં મને મારો નાનો દીકરો દેખાયો અને હું પાણીમાં કૂદી પડ્યો. હવે તમે જે ઠપકો આપશો તે હું સાંભળી લઈશ. પરંતુ બાબો બચી ગયો એટલે બસ." માતાપિતાએ આનંદની સારવાર કરાવી. પોતાની ભૂલ બદલ ક્ષમા માગી અને આનંદને રૂા. ૨૦૦/- બક્ષિસ આપી પોતાના ઘેર ચાલ્યાં ગયાં.

બીજે દિવસે આનંદે પોતાના ગામ પોતાના બચાવેલા બધા પૈસાનો મનીઓર્ડર કર્યો અને તેમાં લખ્યું કે, મારા જીવનમાં સર્વ સુખ, આનંદ, અને આરામ તજીને તમને આ પૈસા મોકલું છું કે તમારા જીવનમાં તમને સુખ,આનંદ, અને આરામ પ્રાપ્ત થાય.

બાળકો, આનંદ જેવાં માતાપિતા પોતાના પરિવારને સુખી કરવા સર્વ મુશ્કેલી અને દુ:ખ ઉઠાવે છે તેજ રીતે આપણાં પ્રભુપિતાએ આપણને સુખી કરવા અને નવું જીવન આપવા આ દુનિયા પર આવીને સર્વ દુ:ખો સહન કર્યા. અને વધસ્તંભનું શ્રાપિત મરણ સહન કર્યું. આપણા ઈશ્વરપિતાએ આ દુનિયા પર આવી કયા કયા દુ:ખો સહન કર્યા તેની યાદી બનાવજો.

## ૨૯ સંકટ સમયની સાંકળ

એક મોટા નગરમાં એક મોટો વેપારી રહેતો હતો. તેનું નામ મોતીચંદ હતું. તેની પાસે અઢળક પૈસો હતો. તેને એક પુત્ર હતો તેનું નામ ચંદ્રકાન્ત હતું. પરંતુ બધાં તેને લાડમાં ચાંદ કહીને બોલાવતાં. તે પોતાનાં નામ પ્રમાણે ખૂબ જ તેજસ્વી અને હોશિયાર હતો. ઘેર શિક્ષકો ભણાવવા આવતાં અને વેપાર તથા રાજનીતિનું શિક્ષણ આપતાં. પિતા ખૂબ ધાર્મિક અને પ્રામાણિક હતાં. તે પોતાની પ્રાર્થના માટે પ્રાર્થનાની ઓરડીમાં જતાં અને બાકીના સમયે તે ઓરડી બંધ જ રાખતાં.

ચાંદ મોટો થયો અને ધીમે ધીમે તે પિતાના ધંધામાં મદદ કરવા લાગ્યો. પિતાએ ધામધૂમથી તેને પરણાવ્યો પરંતુ અચાનક એક દિવસ તેના પિતાનું મૃત્યુ થયું. પિતાએ મરતી વખતે તેને છેલ્લી શિખામણ આપી કે ખરાબ મિત્રોની સોબત કરીશ નહિ. પછી ચાંદે પિતાનો બધો વેપાર સંભાળી લીધો. પરંતુ પિતાનું શિરછત્ર જવાથી તે જરા બેદરકાર અને ઉડાઉ થવા લાગ્યો. એક પછી એક તેને અનેક મિત્રો થવા લાગ્યાં, અને તેમની સાથે તે નાટક, સિનેમા જોવા લાગ્યો, ક્લબોમાં જઈ જુગાર રમવા લાગ્યો, નશીલા પદાર્થો લેવા લાગ્યો, અને એમ પૈસાનો દુર્વ્યય કરવા લાગ્યો. તેનાં બધાં મિત્રો સ્વાર્થી અને રખડેલ હતા, આથી તેના ધંધા પર માઠી અસર પડવા લાગી. તેના પિતાના સમયથી એક મુનીમજી પણ વેપાર સંભાળતા હતાં. તે પણ ખૂબ જ વિશ્વાસુ અને પ્રામાણિક હતાં. તેમણે ચાંદને શિખામણ આપી પરંતુ ચાંદે તેમનું અપમાન કરી નાખ્યું. આથી તે નોકરી છોડી ચાલ્યાં ગયાં.

હવે ચાંદનો ધંધો બિલકુલ પડી ભાંગ્યો, તેને ઘણું દેવું થઈ ગયું અને લેણદારો પૈસાની ઉઘરાણી કરવા આવવા લાગ્યાં. આથી ચાંદ પોતાની પત્ની અને ઘર છોડી ચાલ્યો ગયો, તેના કોઈ મિત્રોએ તેને મદદ કરી નહીં. બધાંએ મોં ફેરવી લીધું.

શહેર છોડી તે ખૂબ દૂર જંગલમાં જતો રહ્યો, તેને ખૂબ થાક લાગ્યો અને તે એક ઝાડ નીચે બેઠો. થોડીવારમાં તેને ઊંઘ આવી ગઈ. ઊંઘમાં તેને એક સ્વપ્ન આવ્યું કે, તેનાં પિતાજી તેને કહી રહ્યાં હતાં કે "ચાંદ બેટા! તેં મારી છેલ્લી શિખામણ માની નહિ અને તું ખરાબ મિત્રોની સોબતે ચઢી ગયો તેથી તારાં ખરાબ દિવસો આવ્યાં છે. હજુ પણ તું ઘેર પાછો જા, મુનીમજીને મળ અને તેમની માફી માગ, અને તે સંકટ સમયમાં તને રસ્તો બતાવશે. હવે પછી ખરાબ મિત્રોની સોબત કરીશ નહિ." પિતાની વાત સાંભળી ચાંદ ઊંઘમાંથી એકદમ જાગી ગયો અને તેને ખૂબ જ પસ્તાવો થવા લાગ્યો.

પછી ચાંદ સીધો મુનીમજીને ત્યાં ગયો અને તેમની ક્ષમા માગતાં કહ્યું, "વડીલ મુનીમજી, મારાથી તમારું અપમાન થઈ ગયું છે. તમે મને માફ કરો. મારા પિતાજીએ સ્વપ્નમાં આવીને મને તમારી પાસે મોકલ્યો છે. કૃપા કરી તમે મારી મદદ કરો." એમ કહી તે ખૂબ રડ્યો.

મુનીમજીએ તેને શાંત પાડતાં કહ્યું, "તને તારી ભૂલ સમજાઈ છે અને તે બદલ તને પસ્તાવો થયો છે તેથી હવે તારી બધી મુશ્કેલીઓ ઈશ્વર દૂર કરશે. જો, તારા પિતાએ મૃત્યુ પહેલાં તારા સંકટ સમયની સાંકળ મારા હાથમાં મૂકી છે. જેમ રેલગાડીનાં ડબ્બામાં સંકટ કે મુશ્કેલીના સમયમાં ગાડી ઊભી રાખવા માટે સાંકળ રાખેલી હોય છે તેવી સાંકળ મારી પાસે

છે. તું મારી સાથે ચાલ." એમ કહી મુનીમજી ચાંદને તેના ઘેર લઈ ગયો. અને પોતાની પાસેની એક ચાવીથી તેમણે તેના પિતાની પ્રાર્થનાની ઓરડી ઉઘાડી. પછી બંને જણ પોતાના ચંપલ ઉતારી પ્રાયનાની ઓરડીમાં ગયાં. મુનીમજીએ ચાંદને કહ્યુ, "તારા પિતાજી દરરોજ વહેલી સવારે ઓરડીમાં આવતાં. પ્રભુની પ્રાર્થના કરતાં અને ધાર્મિક પુસ્તકોનું વાંચન કરી સારું શિક્ષણ મેળવત્તાં. રાત્રે પણ બધાંનાં સૂઈ ગયાં પછી તેઓ આજ રીતે પ્રભુનો આભાર માનતાં અને છેલ્લે સૂઈ જતાં. હું આ વાતનો સાક્ષી છું. હવે તું તારા પિતાના પગલે ચાલજે અને આ કબાટમાં તારા પિતાએ તારા સંકટમાં કામ લાગે તેટલી મિલકત સાચવી રાખી છે. તેનાથી તું તારો વેપાર ફરીથી શરૂ કર. આ સંકટ સમયની સાંકળ હું હવે તારા હાથમાં મૂકું છું." એમ કહીને મુનીમજીએ ઓરડીની ચાવી ચાંદના હાથમાં આપી. અને કહ્યું, "બેટા, એટલું યાદ રાખજે કે, સારાં પુસ્તકો જ સર્વોત્તમ મિત્ર છે. તારા પિતાએ સોંપેલી છેલ્લી જવાબદારી મેં પૂરી કરી છે. અને હવે હું જાઉં છું." પરંતુ મુનીમજીની વાત સાંભળી ચાંદ ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યો. અને પોતાની સાથે રહી પોતાના પિતાની જગ્યાએ રહેવા વિનંતી કરી, છેવટે પોતાના માલિક સાથેના વર્ષોના મીઠા સંબંધોને યાદ કરીને તે ચાંદ સાથે રહેવા તૈયાર થયાં. તેને યોગ્ય માર્ગદર્શન આપ્યું. અને તેનો વેપાર ધંધો આગળ વધાર્યો. હવે ચાંદ મુનીમજીને પોતાના પિતાતુલ્ય સમજતો અને તેમનું સન્માન કરતો. પિતાની માફક તે પણ નિયમિત પ્રાર્થનાની ઓરડીમાં જવા લાગ્યો. આભાર માનતો, અને પુસ્તકોનું વાંચન કરી પ્રાર્થના કરતો.

બાળકો, આપણા પ્રભુએ આપણા માટે સંકટ સમયની સાંકળ

રાખી છે અને તે છે પ્રાર્થના! માંદગી, મુશ્કેલી, નિષ્ફળતા, અકસ્માત કે કોઈપણ સંકટને સમયે આપણે પ્રાર્થનારૂપી સાંકળ ખેંચીશું તો પ્રભુ આપણને જરૂર મદદ કરશે અને યાદ રાખો કે આપણું પવિત્રશાસ્ત્ર તે જ આપણો સર્વોત્તમ મિત્ર છે. આપણાં પવિત્રશાસ્ત્રમાંથી નીચેની કલમોનો વિચાર કરજો. ગીતશાસ્ત્ર ૧૮, અને ૬, ૨૭ અને ૫, ૪૬ અને ૧.

## 30 ઓળખાણ

જંગલમાં બાલુ નામે એક વૃદ્ધ માણસ રહેતો હતો. તેને બે દીકરા હતા. બંને દીકરા રોજ  સવારે શહેરમાં મજૂરીએ જાય અને સાંજ પડે ઘેર આવે, જે કંઈ પૈસા મળ્યાં હોય તે પિતાના હાથમાં મૂકે અને એ રીતે તેમનું ગરીબ પણ સુખી અને શાંત કુટુંબ પોતાના દિવસો આનંદથી ગુજારતું. તેમને ત્યાં થોડાં ઘેટાં, બકરાં અને મરઘાં પણ હતાં.

એક દિવસ કોઈ ખાસ કારણસર બાલુને શહેરમાં જવાનું થયું. તે ધીમે ધીમે શહેરમાં ગયો અને કામ પતાવી પાછો આવતો હતો ત્યાં રસ્તામાં બરાબર રાજાના મહેલ આગળ જ તેને ચક્કર આવ્યાં, અને તે પડી ગયો. ત્યાંથી પસાર થતાં એક માણસે તેને મદદ કરી પરંતુ મહેલના ઝરુખામાં ઊભેલા રાજા આ જોઈ તરત નીચે આવી બાલુને ધમકાવ્યો કે "તમારા જેવાં ઢોંગી લોકો આ રીતે ઢોંગી કરી અને ચોરી કરવા આવો છો" એવો આરોપ રાજાએ મૂક્યો. અને નોકર પાસે બાલુને ધક્કા મારી અને કાઢી મૂકાવ્યો. બાલુ ધીમે ધીમે અથડાતો કૂટાતો જંગલમાં પોતાને ઘેર પહોંચ્યો. રાજાના આવા વર્તન બદલ તેને ખૂબ દુઃખ લાગ્યું. પરંતુ ઘરમાં તેણે કોઈને આ વાત કરી  નહીં.

આ વાતને ચાર પાંચ દિવસ થયાં હશે અને રાજા જંગલમાં પોતાના ઘોડા પર બેસી શિકારે નીકળ્યો. અને જંગલમાં ભૂલો પડ્યો. એવામાં જોરદાર વરસાદ તૂટી પડ્યો, વીજળીઓ થવા લાગી. અને ગર્જનાઓ સાથે વરસાદ ચાલુ રહ્યો. એટલે રાજા ઘોડા પરથી ઊતરી એક ઝાડ નીચે ઊભો રહ્યો. એવામાં ખૂબ મોટા અવાજથી ગર્જના

થઈ અને ઘોડો ભડક્યો. તે જંગલમાં આમ તેમ દોડવા લાગ્યો. હવે તો અંધારું પણ થવા આવ્યું હતું. રાજા વિચારમાં પડ્યો કે હવે શું કરવું? એવામાં બાલુનો મોટો દીકરો જંગલમાં લાકડાં લેવા નીકળ્યો હતો. તેણે રાજાને જોયો. અને તે રાજાને પોતાને ત્યાં લઈ આવ્યો.દૂરથી બાલુએ પોતાના દીકરાને અને રાજાને આવતાં જોયાં. બાલુએ રાજાને ઓળખી લીધાં અને પોતે અંદરની ઓરડીમાં જતો રહ્યો, થોડી વાર પછી બાલુના નાનાં દીકરાએ આવી કહ્યું, "પિતાજીનો હુકમ છે આપ ભીંજાયેલા છો તેથી કપડાં બદલી અને આરામ કરો." રાજા કપડાં બદલી અને ખાટલામાં બેઠો.પછી મોટાં દીકરાએ આવીને કહ્યું. "પિતાજીનો હુકમ છે આપને ગરમ દૂધ અને રોટલા આપવાનો, આપ લેશો?" રાજાએ હા પાડી અને દૂધ અને રોટલાં ખાધાં. એટલે મોટો દીકરો વરસાદમાં બહાર જવા લાગ્યો ત્યારે રાજાએ પૂછ્યું, "આટલાં વરસાદમાં ક્યાં જાવ છો?" દીકરાએ કહ્યું, "પિતાજીનો હુકમ છે કે આપનો ઘોડો શોધવા જવું." રાજાને તો ખૂબ જ નવાઈ લાગી. થોડીવારમાં મોટો દીકરો રાજાના ઘોડાને લઈને આવ્યો. એટલે નાના દીકરાએ ઘોડાને ઘાસચારો અને પાણી મૂક્યાં.

આ જોઈને રાજાએ કહ્યું, "મારે તમારા પિતાજીને મળવું છે." એટલે દીકરાએ કહ્યું,"અમારા પિતાજી કોઈને મળતાં નથી પરંતુ તેમનો હુકમ છે કે સવારે અમારે આપને સહીસલામત આપના મુકામે પહોંચાડી દેવા. માટે અત્યારે આપ આરામ કરો." એમ કહી બંને દીકરાઓ રાજાથી થોડે દૂર નીચે પથારી કરી સૂઈ ગયાં.

સવારે રાજાનાં કપડાં તાપણાંમાં સૂકાવી રાજાને આપ્યાં, ચા પાણી કરાવ્યાં અને ઘોડાને પણ તૈયાર કર્યો. એટલે રાજાએ વિનંતી કરતાં કહ્યું, "મારે તમારાં પિતાજીને મળવું છે", એમ કહી રાજાએ પોતાની રાજા તરીકેની ઓળખાણ આપી. દીકરાઓએ અંદર જઈ

પિતાજીને વાત કરી. અને થોડી વારમાં બાલુ બે હાથ જોડી રાજા પાસે આવ્યો અને બોલ્યો, "રાજાજી અમે તો ગરીબ માણસો છીએ. અમારે ત્યાં આપને કંઈ તસ્દી પડી હોયં તો માફ કરશો." રાજા તો બાલુને જોઈ ખૂબ જ શરમીંદો થઈ ગયો. પાંચ દિવસ પહેલાં બાલુ સાથે કરેલાં ખરાબ વર્તન બદલ તેને ખૂબ પસ્તાવો થયો, તે કંઈ જ બોલી શક્યો નહિ એટલે બાલુએ કહ્યું, "રાજાજી, આપને દુઃખ ન લાગે એટલા માટે જ હું આપને મળવા માગતો નહતો આપે મને જોયો ન હોત તો આપને દુઃખ ન લાગત. પરંતુ હવે આપે મને ઓળખ્યો છે. અને આપ મારા મહેનાન બન્યાં તેથી મને ઘણો આનંદ થાય છે. અને મારા વર્તન બદલ આપને દુઃખ લાગ્યું હોત તો ક્ષમા માગું છું." આ સાંભળી રાજા એટલું જ બોલી શક્યો કે, "મહેલ કરતાં ઝૂંપડી ઉત્તમ છે. કારણ કે તેમાં માનવતા છે."

બાળકો, પહેલાં બાલુએ રાજાને મળવાની કેમ ના પાડી હશે? તે વિચારજો, રાજાએ તો બાલુને ધક્કા મારી કાઢી મૂક્યો હતો. પરંતુ બાલુએ તે પ્રમાણે ન કર્યું. તેણે સારું વર્તન રાખી અને રાજાની મુશ્કેલીમાં મદદ કરી છતાં પણ પોતે ગુપ્ત રહેવા માગતો હતો, શા માટે? આપણું પવિત્રશાસ્ત્ર કહે છે કે ભૂંડાથી તું હારી ન જા પરંતુ સારાથી ભૂંડાનો પરાજય કર, આ વાર્તાને લગતી કેટલીક કલમો આપું છું તે જરૂરથી વાંચશો. નીતિવચનો ૨૫ : ૨૧ અને ૨૨ કલમ, નીતિ. ૩ અને ૨૭ તથા લૂક ૬ : ૨૭ થી ૨૯ કલમ.

# ૩૧ ઘોડાની વફાદારી

એક ગામમાં એક ગરીબ બાઈને બે દીકરા હતા. મોટાનું નામ રામુ અને નાનાનું નામ ટપુ. બાઈ લોકોનાં કામ કરતી. અને પોતાનાં બે દીકરાઓને ભણાવતી. એમ કરતાં કરતાં બંને બાળકો મોટાં થવા લાગ્યાં. પરંતુ ઘરની આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાથી રામુએ ભણવાનું છોડી કામે જવાનું શરૂ કર્યું. તેને એક જ ઇચ્છા હતી કે પોતાનો નાનો ભાઈ ભણે અને મોટો સાહેબ બને. નાનાભાઈ ટપુને હવે શહેરમાં ભણવા જવાનું થયું. એટલે વધારે પૈસાની જરૂર પડવા લાગી.

રામુ એક વેપારીને ત્યાં વ્યાજે પૈસા લેવા ગયો. વેપારીએ કહ્યું "વ્યાજે પૈસા તો હું હવે આપતો નથી. પરંતુ આ ઘોડો છે તે તું લઈ જા તેને વેચી અને જે પૈસા મળે તે તું લઈ લે જે. કારણ કે, હું હવે આ ગામ છોડી પરદેશ જાઉં છું. અને પાછો આવવાનો નથી." રામુએ જોયું કે ઘોડો ઘણો દુબળો પાતળો અને બીમાર હતો. તેના શરીરમાં નકરાં હાડકાં દેખાતાં હતાં. કોઈ પૈસા આપી ખરીદે એવી તે ઘોડાની હાલત નહોતી. વેપારીને ત્યાં આ ઘોડાએ ઘણાં વર્ષો સુધી પૂરી વફાદારીથી કામ કર્યું હતું. તેથી વેપારીને ઘણો લાભ થયો હતો. અને હવે જ્યારે તે કામ કરી શકે તેવો ન રહ્યો ત્યારે તે વેપારીને તે ભારે પડવા લાગ્યો. અને વેપારીને પરદેશ જવાનું હોવાથી તે ગમે તેમ ઘોડાનો નિકાલ કરવા માગતો હતો. રામુએ વેપારીને પૂછી લીધું કે, આ ઘોડો ના વેચાય તો શું કરું? વેપારીએ કહ્યું, "જંગલમાં મૂકી આવજે ને તારી મજૂરીના પૈસા લઈ જજે. પણ પાછો લઈને ના આવીશ."

રામુ ઘોડાને લઈ ઘણું ફર્યો. પરંતુ ઘોડો લેવા કોઈ તૈયાર થયું નહિ. છેવટે એક ઝાડ સાથે બાંધી તે જવા લાગ્યો. થોડું ચાલી તેણે પાછા ફરી જોયું તો ઘોડો રામુની સામે દયાભરી નજરે જોઈ રહ્યો હતો. અને તેની આંખમાં આંસુ હતાં. રામુને આ મૂંગા પ્રાણી પર ખૂબ દયા આવી. અને તે ઘોડાને છોડી ધીમે ધીમે ચલાવી પોતાને ઘેર લાવ્યો. અને માને બધી વાત કરી. માએ કહ્યું, ''કંઈ નહિ બેટા, આપણે આ મૂંગા પ્રાણી પર દયા રાખવી જોઈએ.'' એમ કહી રામુની મા એ પાણી ગરમ કરી ઘોડાને સ્વચ્છ કર્યો, થોડું પાણી પાયું અને પોતાનાથી બનતી સારવાર કરી.

પ્રેમ અને સારવાર મળવાથી ધીમે ધીમે ઘોડો સારો થવા લાગ્યો. આ તરફ ઘોડાનો માલિક ઘોડાથી છુટકારો મેળવી તરત જ પોતાનો માલસામાન બાંધી પરદેશ ચાલ્યો ગયો.

હવે તો ઘોડો બિલકુલ સારો થઈ ગયો હતો. પરંતુ રામુના ઘરમાં પૈસાની ઘણી તંગી પડવા લાગી. રામુ અને તેના મા ખૂબ મહેનત કરતાં અને ટપુ પણ અભ્યાસમાં ખૂબ ધ્યાન આપતો. એવામાં મા બીમાર પડી. માંદગી લંબાઈ કારણ કે પૈસા વગર દવા અને સારવાર બરાબર થઈ શક્તાં નહતાં. મા બિછાનામાં જ રહેતી. રામુ કામે જતો. અને નાનો ટપુ સ્કૂલમાં રજા પાડી માની પથારી પાસે રહેતો. અને ઘોડો ઘરની પરિસ્થિતિ જોઈ મનમાં દુઃખી થતો. પરંતુ તે મૂંગુ પ્રાણી કંઈ બોલી શકતું નહિ.

આ ઘોડો પણ ખૂબ વફાદાર હતો. એક દિવસ રામુ કામ પરથી ઘેર આવ્યો ત્યારે માની હાલત ઘણી ખરાબ હતી. તે જોઈ બંને ભાઈઓ રડવા લાગ્યા. ઘોડાથી આ ન જોવાયું તેથી તે રામુ પાસે આવ્યો. અને રામુનું ખમીસ મોંથી પકડી ખેંચવા લાગ્યો. રામુએ ખમીસ છોડાવવા ઘણો પ્રયત્ન કર્યો. પરંતુ ઘોડાએ તેનું ખમીસ છોડ્યું

નહિ. તેથી રામુ ઘોડાની પાછળ પાછળ જવા તૈયાર થયો. આ ઘોડો રામુને ઘણે દૂર એક ઝાડ નીચે લાવ્યો. અને તેના આગળના બે પગ જમીન પર પછાડવા લાગ્યો. તથા જમીન ખોતરવા લાગ્યો. પ્રથમ તો રામુને કંઈ સમજાયું નહિ. પરંતુ પછી કંઈક સમજાતાં તેણે તે જગ્યાએ ખોદવાનું શરૂ કર્યું. થોડું ખોદતાં તેમાંથી એક પતરાંની નાની પેટી નીકળી. રામુ પેટી અને ઘોડાને લઈ ઝટ ઘેર આવી ગયો. બંને ભાઈઓએ પેટી ખોલી તો તેમાં થોડાં પૈસા અને સોનાં-ચાંદીના દાગીના હતાં. પૈસા લઈ ટપુ તરત દોડ્યો અને ડૉક્ટરને બોલાવી લાવ્યો. ડૉક્ટરે બાઈની સારવાર શરૂ કરી. અને થોડા દિવસમાં તે તદ્દન સારી થઈ ગઈ. પૈસા અને દાગીના મળવાથી ઘરની સ્થિતિમાં સુધારો થવા લાગ્યો. રામુએ નાની દુકાન ખોલી વેપાર શરૂ કર્યો. અને ટપુ પણ ધ્યાનથી અભ્યાસ કરવા લાગ્યો. માને હવે કામ કરવું પડતું નહિ. તેથી તે પોતાના બાળકો અને ઘર સંભાળતી. આ રીતે આ મૂંગા પ્રાણીએ પોતાના ઉપર કરેલા ઉપકારનો બદલો આ કુટુંબને વાળી આપ્યો. અને આ કુટુંબે પણ ઘોડાને પોતાના ઘરનાં એક સભ્યની માફક જ રાખ્યો. છતાં પણ ત્રણેના મનમાં વિચાર આવતો કે આ ઘોડાને ક્યાંથી ખબર કે, આજ ઝાડ નીચે જમીનમાં પેટી છે? તો આ ઘરેણાં અને પૈસા કોના હશે? પેલા વેપારીના તો નહિ હોય?

બાળકો, રામુને દુઃખી ઘોડા પર દયા આવી. અને તેણે ઘોડા પ્રત્યે દયા દર્શાવી તો તેનો બદલો તેને કેટલો મોટો મળ્યો? પહાડ પરનાં ભાષણમાં પ્રભુ દયાળુઓ વિશે શું કહે છે? તે વાંચજો અને અયૂબ ૩૯ : ૧૯ થી ૨૫ કલમમાં ઈશ્વર તરફથી ઘોડાને બળ આપવામાં આવ્યું છે તેનું વર્ણન લખેલું છે તે વાંચજો.

## ૩૨ પારધી

સોહન નામે એક છોકરો હતો. તેના નાનાભાઈનું નામ મોહન હતું. આ બંને ભાઈ એક નાના ગામમાં નદી કિનારે રહેતાં હતાં. તેમના માતાપિતા અકસ્માતમાં મૃત્યુ પામ્યા ત્યારથી સોહને રૂપાળા પક્ષી પકડી તેમને વેચવાનો ધંધો શરૂ કર્યો, જોતજોતામાં તે એક કુશળ પારધી બની ગયો.

મેના, પોપટ, નાની સુંદર રંગીન ચકલીઓ, કંચનિયો, કોયલ, ચક્રવાક આવા સુંદર અને રંગીન પક્ષીઓ સોહન રમત વાતમાં પકડી લેતો અને પાસેના નગરમાં જઈને વેચી આવતો. તે જેટલા પૈસા કમાતો તેટલામાં તેનું તથા તેના નાના ભાઈનું ગુજરાન ચલાવતો. અને મોજ કરતો. પોતે કમાવું અને પોતે વાપરવું આમ તેનું જીવન આનંદિત હતું. તેને પોતાના નાનાભાઈ ઉપર અપાર હેત હતું. નાના ભાઈને ખુશ રાખવા તે બધું કરી છૂટતો. માતાપિતાની ખોટ લાગવા ન દેતો. પરંતુ તેની પક્ષી પકડવાની ધૂન ગજબની હતી.

એક દિવસ તેને કોઈકે કહ્યું, કે "થોડે દૂર એક પર્વતીય પ્રદેશ છે. તે ખૂબ જ સુંદર છે. અને ત્યાંના પક્ષીઓ અદ્‌ભુત છે. આવા સુંદર પક્ષીઓ આ સિવાઈ બીજે ક્યાંય જોવા મળતાં નથી."

આ સાંભળી સોહને ત્યાં જવા વિચાર કર્યો. પોતાના નાના ભાઈને સમજાવી પટાવી તેની ખાવાપીવાની વ્યવસ્થા કરી તે પર્વતીય પ્રદેશ તરફ જવા રવાના થયો. થોડા દિવસ પછી તે ત્યાં પહોંચ્યો. પર્વતીય પ્રદેશનું સૌંદર્ય જોઈ તેને ખૂબ

નવાઈ લાગી. રાત પડી એટલે તે એક જગ્યાએ ઝૂંપડી જેવું બનાવી તેમાં સૂઈ ગયો. સવારે તેણે જોયું તો ચારે તરફ ફૂલોની વચ્ચે તે હતો. સુગંધી પવન વાતો હતો, ડુંગરની ઠંડી હવા આવતી હતી. અખૂટ આકાશ અને ચોગમ ધરતી જોવાની સોહનને ખૂબ જ મજા આવી. આ વાતાવરણમાં તે પોતાના વહાલા ભાઈને ભૂલીને પક્ષીઓની રાહ જોવા લાગ્યો.

તે રાત્રે વરસાદ પડ્યો હતો. તેથી ડુંગર ધોવાઈને સ્વચ્છ બની ગયાં હતાં અને સૂર્યના તાપથી ચકચકિત લાગતાં હતાં. તેવામાં તેની સામે ફૂલછોડ પર લાલાશ પડતાં બે નાનકડાં રૂપાળા પંખી આવીને બેઠાં. સોહને આવાં સુંદર પંખી કદી જોયાં ન હતાં. થોડીવાર પછી પેલા બે પંખી ગુલાબના ફૂલ પર બેઠાં. ગુલાબ સોળે કળાએ ચંદ્ર જેવું વિકસ્યું હતું. પરંતુ આ પક્ષીઓ તો ફૂલ કરતાં પણ વધારે કોમળ હતાં. તેઓ ફૂલ પર બેઠાં છતાં ફૂલ પર બાઝેલાં ઝાકળનું ટીપું પણ ન ખર્યું. સાવ નાજુક પારિજાતના પુષ્પ જેટલો ભાર આ પક્ષી યુગલમાં હતો.

ધીમેધીમે બંને પક્ષીએ સાથે ગાવાનું શરૂ કર્યું. અને ધીમું સુંદર મધુર સંગીત વાતાવરણમાં રેલાયું. બંને સાથે ગાય અને સાથે બંધ થાય. જીવનભર જેણે પક્ષી પકડી તેમને વેચી ગુલામ બનાવ્યાં હતાં તે પારધી આ પક્ષી યુગલનો ભક્ત બની ગયો. દરરોજ તે પક્ષીની રાહ જોતો બેસે.

એક દિવસ સવારે સોહન બહાર નીકળ્યો. લીલાંછમ ડુંગરાઓ પર સોનેરી તાપ આવતો હતો. પણ પેલા બે રૂપાળા પક્ષી હજી આવ્યાં ન હતાં. સોહન તેમની રાહ જોતો બેઠો. પણ તે દિવસે તે પક્ષી આવ્યાં નહિ. તેથી સોહન નિરાશ થઈ

ગયો. આ પારધીને જીંદગીમાં પહેલીવાર જુદાઈનું દુઃખ લાગ્યું. તેને પોતાનો ભાઈ યાદ આવ્યો, પરંતુ પક્ષીની ધૂનમાં ત્યાં જ રોકાઈ રહ્યો.

એક દિવસ અચાનક જ બેમાંનું એક પંખી આવ્યું. તે ગુલાબના છોડ પર બેઠું પણ તેની આગલી ચપળતા અને આનંદ નાશ પામ્યાં હતાં. તે બેચેનીથી આમતેમ ઊડ્યાં કરતું હતું અને ગીત પણ ગાતું નહોતું. તેનું નાનું શરીર ગજબ ગંભીર લાગતું હતું. સોહન તે પંખીની સામે જ બેઠો અને તેને જોયા કર્યું.

પંખી પણ પોતાના પરિચિત સ્થાનમાં પરિચિત મનુષ્યની સામે બેઠું અને એકીટશે જોયાં કર્યું. પરંતુ હમેશાં જે સાથીની હૂંફ રહેતી હતી તે સાથી વિના તે એકલું પડી ગયું હતું. છેવટે સોહનને સમજાવવા માટે પંખીએ ધીમા સૂરે ગાવાનું શરૂ કર્યું. પરંતુ આજે એ ગીત જુદું હતું. એ ગાનમાં જુદાઈના વિલાપી સૂરો હતાં. અને એ સૂરોથી વાતાવરણ રડી ઊઠ્યું. થોડીવારે પંખીએ ગીત બંધ કર્યું અને મોટા અવાજે પોતાના સાથીને સાદ પાડી બોલાવવા લાગ્યું. અને જંગલમાં ઊડી ગયું. જતાં જતાં પણ પોતાનાં સાથીને સાદ પાડતું ગયું.

આ દૃશ્યએ સોહનને હચમચાવી મૂક્યો. તેને પોતાના વહાલા ભાઈની તીવ્ર યાદ આવી. ભાઈ પણ મારા વગર આ જ રીતે દુઃખી થતો હશે. એ વિચારે તેણે ઘર તરફ દોટ મૂકી. થોડા દિવસ પછી એ ઘેર આવ્યો. પરંતુ તેનો ભાઈ ન હતો. તે સોહનને શોધવા ઘર છોડી ચાલી નીકળ્યો હતો. સોહન ખૂબ દુઃખી થઈ ગયો. તેને થયું અરે રે! મેં આ શું કર્યું? પંખીની ધૂનમાં ભાઈને ખોયો? પરંતુ તે ઘરે જ રહ્યો. કદાચ પોતાનો ભાઈ પાછો આવે તો?

હવે તો સોહન પણ પેલા પંખીની માફક પોતાના ભાઈને સાદ પાડી બોલાવે છે. તેને શોધે છે, તેની રાહ જુએ છે. તેને આશા છે કે, એક દિવસ તેનો ભાઈ જરૂર પાછો આવશે અને પંખીને પણ તેનું સાથી મળશે.

બાળકો, આશા અમર હોય છે, વિશ્વાસ અડગ હોય છે. જીવનમાં કદી નિરાશ ન થશો, તમારી નિરાશા અને જરૂરિયાતો પ્રભુ પાસે લાવજો. વિશ્વાસથી અને શ્રદ્ધાથી તે તમારી જરૂર મદદ કરશે.

(સ્વ. ધૂમકેતુની વાર્તા પર આધારિત)

## ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના અન્ય પ્રકાશનો

| ક્રમ | પુસ્તકનું નામ | રકમ |
|---|---|---|
| ૧ | પ્રેષિતોના કાર્યો દ્વારા મળતો ઈશ્વરી સંદેશ | ૮૦-૦૦ |
| ૨ | માર્કનો સંદેશ | ૫૦-૦૦ |
| ૩ | ગિરિપ્રવચનનો સંદેશ | ૪૦-૦૦ |
| ૪ | કરિંથવાસીઓને લખેલા પહેલા પત્રનો સંદેશ | ૪૦-૦૦ |
| ૫ | અયૂબ | ૬૦-૦૦ |
| ૬ | રૂથનો સંદેશ | ૨૫-૦૦ |
| ૭ | વિશ્વવ્યાપી જળપ્રલય | ૧૫-૦૦ |
| ૮ | તમારા સંજોગોના સંચાલક | ૨૫-૦૦ |
| ૯ | ખાલી કબરનો ચુકાદો | ૨૦-૦૦ |
| ૧૦ | માણસના મૃત્યુ પછી તેના શરીર અને આત્માનું શું થાય છે? | ૩૦-૦૦ |
| ૧૧ | વધામણીની વાતો | ૧૦-૦૦ |
| ૧૨ | નાતાલની વાતો | ૧૦-૦૦ |
| ૧૩ | બારાબ્બાસ | ૩૦-૦૦ |
| ૧૪ | ઝબકાર અને ઝાંખી | ૨૦-૦૦ |
| ૧૫ | પ્રબોધકો અને તેના કાર્યો | ૨૦-૦૦ |
| ૧૬ | રેવ. થોમાભાઈ પાથાભાઈ | ૧૦-૦૦ |
| ૧૭ | આત્મામાં સ્વપ્નો અને સંદર્શનો | ૧૫-૦૦ |
| ૧૮ | બેન-હર | ૨૦-૦૦ |
| ૧૯ | પુલ્પિટ હેલ્પસ ભાગ-૧ | ૩૦-૦૦ |
| ૨૦ | પુલ્પિટ હેલ્પસ ભાગ-૨ | ૩૦-૦૦ |
| ૨૧ | પુલ્પિટ હેલ્પસ ભાગ-૩ | ૩૦-૦૦ |
| ૨૨ | પુલ્પિટ હેલ્પસ ભાગ-૪ | ૩૦-૦૦ |
| ૨૩ | વધસ્તંભના સપ્તવચન | ૧૫-૦૦ |
| ૨૪ | ફબીઓલા | ૩૫-૦૦ |
| ૨૫ | વધસ્તંભ અને ચપ્પુ | ૩૫-૦૦ |
| ૨૬ | વહાલાં પંખીડાં | ૧૫-૦૦ |
| ૨૭ | ચિરાયેલો પડદો | ૨૦-૦૦ |
| ૨૮ | નિર્મળા | ૧૦-૦૦ |
| ૨૯ | યોનેકો | ૧૫-૦૦ |
| ૩૦ | અનેક માની આંસુભરી પ્રાર્થનાના પરિણામ | ૧૫-૦૦ |
| ૩૧ | સભાશિક્ષક | ૩૦-૦૦ |